સુવિચાર

બળ લડતા શીખવે છે... બુધ્ધિ જીતતા શીખવે છે... અને સંસ્કાર જીવતા શીખવે છે....

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

# અબતક

સાંધ્ય દૈનિક

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪

તા. ૨૫-૯-૨૦૨૪, બુધવાર

વર્ષ: ૧૩, અંક : ૧૬૭

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia



કબુતર જાળી

Air Bird Net & Spike Fitting

Bird No Entry

અજીતભાઈ

9173213304

9173213305

રૈયા રોડ, રૈયા ગામ, રાજકોટ.




ભારત અને અમેરિકાની ડિફેન્સ કંપની સાથે મળી દરિયા કિનારાની સુરક્ષા માટે અદ્યતન ટેકનોલોજી વિકસાવશે



ચોમાસાએ વિદાય ભણી પણ દક્ષિણ-મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ



મેયરના સાર્જન્ટને ભપકાદાર લિપસ્ટિક મોંઘી પડી



સાવધાન કોલેસ્ટ્રોલને નજર અંદાજ કરશો તો હૃદય રોગના હુમલાનો ભોગ બની શકો છો

# ઈકો સેન્સિટિવ વિસ્તાર ૧૨૦૦ સ્કે.કિમિ જેટલો ઘટાડવા છતાં સિંહોની સલામતીનું કવચ વધારે વિસ્તારાયું

## સિંહોના વસવાટને ખલેલ પહોંચાડ્યા વગર આસપાસના વિસ્તારના સ્થાનિકોને સુવિધા મળી રહે તે માટે ઈકો સેન્સિટિવ ઝોનનો વિસ્તાર ૧૭.૯ કિમીથી ઘટાડીને ૯.૫ કિમિ કરાયો , સામે સિંહોનો રહેણાંક એવો ડેસિગ્નેટેડ વિસ્તાર એટલે કે સિંહો માટેનો રહેઠાણ વિસ્તાર ૨.૭૮ કિમીથી વધીને ૯.૫૦ કિમી કરાયો

### આગામી વર્ષે સિંહોની વસ્તી વધીને ૮૦૦ થઈ જશે

વિસ્તારની દ્રષ્ટિએ, એશિયાટિક સિંહોની શ્રેણી ૨૦૦૧માં લગભગ ૧૨,૦૦૦ ચોરસ કિલોમીટર હતી, જે વન વિભાગ દ્વારા ૨૦૨૦ની વસ્તી ગણતરી અનુસાર વધીને 30,000 ચોરસ કિલોમીટર થઈ ગઈ છે. નોંધનીય છે કે એશિયાટિક સિંહોની વસ્તી જે ૨૦૦૫માં ૩૫૯ હતી તે ૨૦૨૦માં ૮૭% વધીને ૬૭૪ થઈ ગઈ છે. આગામી સિંહોની વસ્તી ગણતરી મે ૨૦૨૫માં થવાની છે અને એવો અંદાજ છે કે સિંહોની વસ્તી ૮૦૦ના આંકને વટાવી જશે.

### નવા ઈકોસેન્સિટિવ ઝોનમાં ૧૭ નદી કોરિડોર અને સિંહોના ચાર લેન્ડ કોરિડોરનો સમાવેશ

સુધારેલા ઈકોસેન્સિટિવ ઝોન વિસ્તાર ૧૭ નદી કોરિડોરના ૧૬૩.૧૬ ચોરસ કિલોમીટર અને એશિયાટિક સિંહો માટેના ચાર લેન્ડ કોરિડોરને આવરી લે છે. રેડિયો કોલર્ડ સિંહોની હિલચાલ અને શિકારના અવશેષો મળી આવતા વિસ્તારોના આધારે ઈકો સેન્સિટિવ ઝોનની હદ ગોઠવવામાં આવી હતી.

### ઈકો સેન્સિટિવ ઝોનમાં ૧૩ પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ

ઈકો સેન્સિટિવ ઝોનમાં ૧૨ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેમાં માઈનિંગ, મોબાઈલ ટાવર લગાવવા, પાણી, હવા, માટી અથવા ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોની સ્થાપના, હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સની સ્થાપના, ઈંટોના ભઠ્ઠાઓ અને કોમર્શિયલ હેલિકોપ્ટર સેવાઓનો સમાવેશ થાય છે સંરક્ષિત વિસ્તારની સીમાથી ૧ કિમીની અંદર અથવા ઈકો સેન્સિટિવ ઝોનની સીમા સુધી, જે પણ નજીક હોય. જો કે, સ્થાનિક લોકોને તેમની જમીન પર રહેણાંક હેતુઓ માટે બાંધકામ કરવાની મંજૂરી આપવામાં આવશે.

**અબતક, અમદાવાદ**

ગીર સંરક્ષિત વિસ્તારની આસપાસના ઈકો-સેન્સિટિવ ઝોનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ઈકોસેન્સિટિવ ઝોનમાં ડેસિગ્નેટેડ વિસ્તાર એટલે કે સિંહો માટેનો રહેઠાણ વિસ્તાર ૨.૭૮ કિમીથી વધીને ૯.૫૦ કિમી કરાયો છે તે ૨,૦૬૧.૭૭ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે. ૧૮ સપ્ટેમ્બરના

(અનુ. આઠમા પાને)



## હિંમતનગર નજીક ગમખ્વાર અકસ્માત

# ટ્રક પાછળ ઈનોવા ઘુસી જતા સિંધી પરિવારના સાત યુવકોના મોત

## ગેસ કટર વડે કારના પતરા કાપી મૃતદેહ બહાર કઢાયા: અમદાવાદ-ઉદયપુર હાઈવે મરણચિસોથી ગુંજી ઉઠ્યાં

### કારમાં બેઠેલી એક વ્યક્તિની હાલત ગંભીર: હિંમતનગર સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

હિંમતનગર નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ટ્રકની પાછળ ઈનોવા કાર ધડાકાભેર અથડાતા કારમાં હાજર સાત લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે જયારે એક વ્યક્તિની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ઈજાગ્રસ્તને હિંમતનગર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જયારે બીજી બાજુ અકસ્માત એટલો હૃદયદ્રાવક હતો કે કારનો કચ્ચરઘાણ સર્જાઈ જતાં મૃતદેહ બહાર કાઢવા ગેસકટરથી પતરા કાઢવાની ફરજ પડી હતી. આજે વહેલી સવારે સર્જાયેલા અકસ્માતથી અમદાવાદ-ઉદયપુર હાઈવે મરણચિસોથી ગુંજી ઉઠ્યો હતો. ઉલ્લેખનીય બાબત છે કે, મૃતકો અમદાવાદના રહેવાસી છે અને સિંધી સમાજમાંથી આવે છે. મૃતકોમાં મોટાભાગના યુવાનોની ઉંમર ૨૪ થી ૨૫ વર્ષ હોવાનું જાણવા મળી રહ્યું છે.

હિંમતનગર નજીક બુધવારે એટલે કે આજે વહેલી સવારે એક મોટો અકસ્માત થયો હતો. શામળાજીથી અમદાવાદ કારમાં જઈ રહેલા પરિવારને અકસ્માત નડ્યો છે. કાર ટ્રકની પાછળ

(અનુ. આઠમા પાને)

# જમ્મુ-કાશ્મીરમાં બીજા તબક્કાના મતદાનમાં પણ ભારે ઉત્સાહ

## ૨૬ બેઠકો માટે ૨૩૯ ઉમેદવારો મેદાનમાં: બપોરે ૧ વાગ્યા સુધીમાં ૩૬.૯૩ ટકા મતદાન



**અબતક, નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે મતદાન થઈ રહ્યું છે.બપોરે ૧ વાગ્યા સુધીમાં ૩૬.૯૩ ટકા મતદાન નોંધાયું છે જમ્મુ વિભાગના રિયાસી, રાજૌરી અને પૂંચ જિલ્લાઓ ઉપરાંત, ખીણના શ્રીનગર અને બડગામ જિલ્લાની આ ૨૬ બેઠકો માટે ૨૩૯ ઉમેદવારો મેદાનમાં છે. તેમના ભાવિનો નિર્ણય ૨૫ લાખ ૭૮ હજાર મતદારો કરશે.

આ તબક્કામાં મુખ્ય નામો એનસી ઉપાધ્યક્ષ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા, જેકેપીસીસી પ્રમુખ તારિક હમીદ કારા અને બીજેપી જમ્મુ અને કાશ્મીરના વડા રવિન્દર રૈના સહિતના દીગજ્જોનું ભાવિ દાવ ઉપર છે.

પ્રથમ તબક્કામાં ૨૪ બેઠકો પર થયેલા ૬૧.૩૮% મતદાનને ધ્યાનમાં લેતા, માનવામાં આવે છે કે આજે પણ સારું મતદાન થશે. સુરક્ષાકર્મીઓએ ગામડાઓની અંદર અને તમામ સંવેદનશીલ

(અનુ. આઠમા પાને)

# સોનાએ નવી ટોચ હાંસલ કરી: ૧૦ ગ્રામનો ભાવ ઝડપથી રૂ.૮૦ હજાર તરફ ધસી રહ્યો છે

## સોનાનો ભાવ ૭૭,૩૦૦એ પહોંચ્યો, ૨૬૮ દિવસમાં સોનાનો ભાવ ૧૮.૩૭% વધ્યો



**અબતક, અમદાવાદ**

અમદાવાદમાં મંગળવારે સોનાનો ભાવ ૭૭,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. વિશ્વ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર, ૪.૧૫ વાગ્યાની આસપાસ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ભાવ ૨,૬૩૫.૧૬ ડોલર પ્રતિ ઔંસની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા.હવે સોનાના ભાવ રૂ.૮૦ હજારની વિક્રમી સપાટીએ પહોંચશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

બુલિયન ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, ૧ જાન્યુઆરીથી ૨૬૮ દિવસમાં સ્થાનિક બજારમાં સોનાની કિંમત ૧૮.૩૭% વધી છે, ૧ જાન્યુઆરીએ કિંમત ૬૫,૩૦૦

### સોનાના ભાવ વધારાનો ક્રમ

| | |
|---|---|
| ૧ જાન્યુઆરી | રૂ.૬૫,૩૦૦ |
| ૮ માર્ચ | રૂ. ૭૪,૦૦૦ |
| ૨૧ માર્ચ | રૂ. ૭૫,૦૦૦ |
| 30 માર્ચ | રૂ. ૭૬,૦૦૦ |
| ૨૦ મે | રૂ. ૭૭,૦૦૦ |
| ૨૩ સપ્ટેમ્બર | રૂ. ૭૭,૦૦૦ |
| ૨૪ સપ્ટેમ્બર | રૂ.૭૭,૩૦૦ |

(અનુ. આઠમા પાને)

# રાજ્યમાં ફરીવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ

## બોટાદ પાસે ટ્રેક ઉપર જુના પાટાનો ટુકડો મુકાયો, ટક્કર થતા એન્જીન બંધ થઈ ગયું

### ૨ મહિનામાં ૨૩ રેલ દુર્ઘટના સરકાર પણ એલર્ટ

શમાં ૨ મહિનામાં ટ્રેનને પાટા પરથી ઉતારવાનો આ ૨૩મો પ્રયાસ છે. અગાઉ ૨૦ સપ્ટેમ્બરે સુરતમાં રેલવે ટ્રેકમાં છેડછાડ કરવામાં આવી હતી. એ કેસની તપાસ એનઆઈને સોંપવામાં આવી હતી. બીજી તરફ બિહારના મુઝફ્ફરપુર જંક્શન પર શનિવારે રાત્રે મુઝફ્ફરપુર-પુણે સ્પેશિયલ ટ્રેનનું એન્જિન પાટા પરથી ઊતરી ગયું હતું. સિગ્નલ ન મળતા ટ્રેન આગળ વધવા લાગી ત્યારે આ અકસ્માત થયો હતો.ટ્રેનોને પાટા પરથી ઉતારવાના વધી રહેલા પ્રયાસોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર રેલવે એક્ટમાં સુધારો કરવા જઈ રહી છે. આ અંગે ટૂંક સમયમાં નોટિફિકેશન બહાર પાડવામાં આવી શકે છે. આ અંતર્ગત અકસ્માતનું ષડયંત્ર રચવા બદલ રાજદ્રોહનો કેસ નોંધવામાં આવશે. આજીવન કેદથી લઈને મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ પણ હશે.

### ટીખળખોરોએ ૪ ફુટ ઊંચો પાટાનો ટુકડો ઉભો કરી દીધો, ઓખા-ભાવનગર ટ્રેન તેની સાથે અથડાઈ, સદનસીબે મોટી દુર્ઘટના સહેજમાં ટળી : તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સુરતના કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના પ્રયાસના પર્દાફાશ બાદ આજે ફરી એકવાર રાજ્યમાં ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો છે. બોટાદના કુંડલી ગામ નજીક મોડી રાત્રે રેલવે ટ્રેક પર ૪ ફૂટ ઊંચા પાટાનો ટુકડો કોઈએ ઊભો કરી દીધો. મોડી રાત્રે ઓખા-ભાવનગર ટ્રેન તેની સાથે અથડાતા એન્જિન બંધ થઈ ગયું હતું. જો કે સદનસીબે દુર્ઘટના સહેજમાં ટળી હતી. હજારો લોકોના જીવ બચી ગયા હતા.

ઘટનાની તપાસમાં ડોગ સ્ક્વોડ-ડ્રોન કેમેરાની પણ મદદ લેવાઈ રહી છે. ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો હોવાની આશંકાએ પોલીસ તપાસ કરી રહી છે. રેલવે ટ્રેક પરથી લોખંડના ટુકડા મળ્યા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. હાલ બોટાદ પોલીસ, એલસીબી, એસઓજી સહિતની ટીમ આ બનાવ કઈ રીતે બન્યો તે અંગે તપાસ કરી રહી છે.ઘટના અંગે બોટાદ જિલ્લા એસપી કે.એફ. બરોડિયાએ જણાવ્યું હતું કે બોટાદ જિલ્લાના રામપુર પોલીસ સ્ટેશનની હદમાં કુંડલી ગામથી ૨ કિલોમીટરના અંતરે વહેલી સવારે પેસેન્જર ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર જતી હતી ત્યારે કોઈએ રેલવે ટ્રેકની વચ્ચે આશરે ચારેક ફૂટ લંબાઈનો જૂનો પાટાનો ટુકડો ઊભો કરી દીધો હતો. જેના લીધે ઓખા-ભાવનગર ટ્રેન અથડાતાં તે ઊભી રહી ગઈ હતી.




આજે વિશ્વ સપના દિવસ

# દરેક માનવી રોજ રાત્રે બે કલાક સપના જોવામાં સમય વિતાવે છે !

## જીવન સાથે સપનાને ઊંડો સંબંધ છેઃ એક વ્યક્તિને રોજ ચાર થી છ સપના આવે છે, અને આ સપના બહુ લાંબા હોતા નથી પણ, તે માત્ર પાંચથી વીસ મિનિટના જ હોય છેઃ સપના જોવાનું કારણ આપણા સુખ-દુઃખ અને સારા-નરસા પ્રસંગોના અનુભવો છેઃ આધુનિક મનોવૈજ્ઞાનિકના મતે સુતી વખતે થતા ચેતનાના અનુભવને સ્વપ્ન કહેવાય છે

**સપના છબીઓ, વિચારો, લાગણીઓ અને સંવેદનાની શ્રેણી છેઃ વિશ્વના તમામ મુખ્ય ધર્મોમાં સપનાને સ્થાન અપાયું છે, માંડુક્ય ઉપનિષદમાં અને ભારતીય હિન્દુ ધર્મના વેદ ગ્રંથોમાં પણ સપનાની ત્રણ અવસ્થા વર્ણવી છેઃ આજની દુનિયાની ઘણી શોધો એક સાદા વિચાર કે સપના તરીકે શરૂ થઈ હતી**


નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

'સપના મેરા ટુટ ગયા' આ ફિલ્મ ગીતની જેમ આપણા જીવનમાં સપનાઓ તૂટતા જોવા મળે છે. સામાન્ય રીતે આપણી આઠ કલાકની ઉંઘના ચાર તબકકામાં આંખોનું હલનચલન, અર્ધનિદ્રા, ગાઢ અવસ્થા સાથે નોન-રેપિડ આઈમુવમેન્ટને સ્લીપ કહેવામા આવે છે, સપના જોવાનું કારણ આપણા સુખ-દુઃખ અને સારા નરસા પ્રસંગોના અનુભવો છે. આપણા માનસપટ પર રમતી ઈચ્છાઓ કે સવારથી સાંજ સુધીની દિન ચર્ચાના પ્રસંગો સાથે સતત વિચારોને કારણે લગભગ દરેકને સ્વપન આવતા હોય છે. આજે વર્લ્ડ ડ્રીમ ડે છે, ત્યારે સદીઓથી તેની દુનિયા એક રહસ્ય જેવી છે. દરેકના જીવન સાથે સપનાઓને ઉંડો સંબંધ હોય છે. જયોતિષશાસ્ત્રમાં તેને ભવિષ્ય અને ભૂતકાળ સાથે જોડવામાં આવે છે. એક લોકવાયકા મુજબ ભવિષ્યમા બનનારી ઘટના આપણને પહેલા સપનામાં આવતી હોવાનું મનાય છે. આપણા પરિવારજનોમાં જેની સાથે લાગણી વધુ બંધાઈ હોય તેના મૃત્યુબાદ તેના સપના વિશેષ આવતા હોય છે. આધુનિક મનોવૈજ્ઞાનિકના મતે સુતી વખતે થતા ચેતનાના અનુભવોને સ્વપન કહેવાય છે. મૃગજળના અનુભવો સાથે સપનાના અનુભવની સરખામણી કરવામ આવે છે. કોઈ વાત કે વિચારનું સતત રટણ તેની આસપાસની વિગતોને લઈને સપનાઓ વધુ આવે છે. સપનાએ કુદરતી અને જટીલ ઘટના છે. આજ સુધી તેનો કોઈ ચોકકસ હેતુ આધુનિક વિજ્ઞાન શોધી શકયો નથી. રાત્રે સુતી વખતે શરીરના મગજ સીવાય બધા અંગોને આરામ મળતો હોય ત્યારે સતત વિચારો ચાલવાની પ્રક્રિયાને કારણે માણસ જે ઝંખતો હોય તે વિષયક સપનાઓ આવે છે. સપનાઓ સારા અને ખરાબ બંને આવતા હોવાથી ઘણીવાર તે આપણી ઉંઘ પણ ઉડાડી દે છે. સપનાઓ આપણને રોમાંચિત પણ કરી દે છે, તે હંમેશા અલગ અલગ આવતા હોય છે. સપનાઓ આપણા આત્માને અભિવ્યકત કરે છે , તે આપણાં વ્યવહારો વિશે પણ ઘણીવાર વાતો કહી જાય છે. ઘણાની ઈચ્છાઓ અધુરી રહેવાથી તે તમારી પાસે સપનાના માધ્યમ વડે મદદ માંગે છે, એવું પણ મનાય છે. સપનાઓ આવે તે કોઈ ચિંતાની વાત જ નથી.

પ્રાચીન સંસ્કૃતિમાં સપનાઓને દેવતાનો સંદેશો કહેવાતો હતો. ઘણા સપનાઓને શુભ કે અશુભ પણ માનવામાં આવે છે. આપણું સપના ઉપર કોઈ નિંયંત્રણ ન હોવાથી તે ગમે તેવા આવી શકે છે, એક વાત છે કે તેને આપણાં વિચારો સાથે સંબંધ છે. ઘણા લોકોને ભગવાનના સપના આવતા હોય છે. તો નદી-તળાવ, જંગલો, પ્રાણીઓ વિગેરેના સપનાઓ આવે છે. એક





વાયકા મુજબ ફુલના સપનાઓ આવે તો ભવિષ્યમાં સંપતિ મળવાનો શુભસંકેત આપે છે. ગમે તે સપનાઓ હોય તેનો તમારા ભૂતકાળ સાથે સીધો સંબંધ જોવા મળે છે. સપના હંમેશા રાત્રે ઉંઘમાંજ આવે છે, અને વહેલી સવારે આવેલા સપનાઓ સાચા પડે તેવું પણ માનવામાં આવે છે.

ઘણીવાર એવા સપનાઓ પણ આવે છે કે જેનો આપણા જીવન સાથે કોઈ સંબંધ હોતો નથી. આપણી પરંપરાઓમાં તેને શુભ અશુભ સાથે જોડીને ઘણી લોકવાયકા છે, જેમાં દરિયાના પાણીના સપનાને અશુભ તો ફુલના સપનાને શુભ ગણાય છે. મોટાભાગના લોકો પોતાના સપનાઓ બીજા સાથે શેર કરતા નથી, પણ જયારે કોઈ ઘટના નિર્માણ થાય તો તે વ્યકિત તેની વાત કરતી હોય છે. સપનાઓની ઉંચાઈ વ્યકિત તરીકે અને સામુહિક તરીકે આગલા સ્તર સુધી લઈ જવા ધ્યાન કેન્દ્રીત કરે છે. આજના દિવસે દરેકને સકારાત્મક સપનાઓ જોવા અનુરોધ કરાયો છે. વિશ્વના વિખ્યાત ફિલ્મ નિર્માતા જેમ્સ કેમરોન બીમાર પડતા તેને આરામ કરવો પડયો, જેમાં તેને સતત વિચારો આવતા તેણે ફિલ્મ 'ધ ટર્મિનેટર' બનાવી હતી. ધ ડ્રીમ નામની અમેરિકન શોર્ટ ફિલ્મ ૧૯૧૧ માં બની હતી. સપના સાકાર કરવા અથાગ પરિશ્રમની જરૂર પડે છે. ૨૦૧૪ થી વૈશ્વિકસ્તરે આ દિવસ ઉજવાય છે. સપનાઓને સાચા પાડવા હોય તો તેને અનુસરવાની હિંમત કેળવવી પડે છે. આજે પ્રેરણા, પ્રતિબિંબની ઉજવણીનો દિવસ છે. બાળથી મોટેરા બધાએ સપના તો આવે છે આ દિવસની સ્થાપના ૨૦૧૨માં શિક્ષક અને પરિવર્તનશીલ વ્યૂહરચનાકાર એઝીઓમાં એગ્વુનવુ દ્વારા કરવામા આવી હતી. દરેક સ્વપનની શરૂઆત સ્વપન દ્રષ્ટાથી થાય છે. દરેક વ્યકિતને દુનિયાને બદલવાની તાકાત ધૈર્ય, જુસ્સો આપેલો છે, તેથી તેને સપના જોવા નો તમામને હકક છે. ગરીબ હોય કે શ્રીમંત દુનિયામાં દરેકમા કોમન વાત એ છે કે દરેકને સપનાઓ આવે છે.

સપનાઓનું અર્થઘટન કેમ કરવું? દરરોજ રાત્રે વિશ્વનિંદ્રામાં હોય ત્યારે એક અતિ વાસ્તવ વિશ્વ આપણા મગજમાં પ્રગટ થાય છે. ભેદી રાત્રીના પ્રદર્શન વાત, વિચારો સદીઓથી માનવને આકર્ષે છે. સાવ નાનાકડું બાળક ભર ઉંઘમાં પણ કયારેક તમને હસતુ જોવા મળે છે, ત્યારે આપણને અચરજ થાય છે, પણ તે પણ વિચારતું હોવાથી આ ઘટના નિર્માણ થાય છે. સપનાની દુનિયાને જાણવા સમજવા ઉંડાણનું અધ્યયન જરૂરી છે.

સપના આપણા મન ને પ્રતિબિંબત કરે છે, લાગણીઓ અને ડર ને પ્રગટ કરે છે. ઉંઘની ગુણવતા સપનાને યાદ અને ભાવનાત્મક સુખાકારીને અસર કરે છે. સપનાઓ આપણા માનસીક અનુભવો છે, જે ઉંઘ દરમ્યાન જ થાય છે. જયારે આપણે સપના જોતા હોઈએ ત્યારે આપણું મગજ અત્યંત સક્રિય હોય છે. બંધ આંખોએ જોવાતા સપનાઓની મીઠાસ પણ કંઈક ઔર રોમાંચ પેદા કરે છે. આપણા અજાગૃત વિચારો અને લાગણીઓને કારણે તે પ્રભાવિત થાય છે. સપનાઓનું અર્થઘટન દરેક વ્યકિતએ અલગ જોવા મળે છે. સપનાઓ આપણા મનનો અરીસો છે. આપણી લાગણી અને માનસીક સ્વાસ્થ્ય તેની સાથે ગુંથાયેલું જોવા મળે છે. ઘણીવાર આપણોા તણાવ ચિંતા અને વણ ઉકેલાઈ લાગણીઓ સ્વપન સ્વરૂપે પ્રગટ થાય છે. તમારા સપનાને અધુરા રહેવા દેવા માટે જીવન ખુબ નાનું છે, તેને સાકાર કરવા પ્રારંભ કરવા કયારેય મોડુ ન કરશો. આપણા બધાની સારી આવતીકાલ માટે આકાંક્ષાઓ અનેલક્ષ્યો છે. સપના સાકાર કરવા ઘણી બધી અડચણોનો સામનો કરવો પડે છે.

# દીકરી એટલે પ્રેમ, દયા, કરૂણા અને વાત્સલ્યની મૂર્તિ

## 'પાંચ દીકરાનો બાપ દુઃખી જોવા મળશે પરંતુ પાંચ દીકરીઓનો બાપ કયારેય પણ દુઃખી હોતો નથી.'

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

દીકરી એટલે પ્રેમ, દયા, કરુણા અને વાત્સલ્યની મૂર્તિ. જે ઘરમાં દીકરીનો જન્મ થાય તે ઘર પુણ્યશાળી કહેવાય. ભગવાને દીકરીને પૃથ્વી પર મોકલીને પોતાનું કામ સરળ કર્યુ.દીકરી પોતાના જીવન - કાળ દરમ્યાન ઘણી બધી ભૂમિકા ભજવે છેઃમા, દીકરી, કાકી, મામી, ફોઈ.આમ અનેક ભૂમિકા એક દીકરી સારી રીતે નિભાવે છે.એ પોતાનું સર્વસ્વ ભૂલીને બીજા સાથે ભળી જાય છે. એ ત્યાગની મૂર્તિ છે.દીકરી જેટલો ત્યાગ કરે છે, તેટલો ત્યાગ બીજું કોઈ કરી શકતું નથી .

પ્રાચીન સમયમાં દીકરી માટે શબ્દો વપરાતા કે, 'દીકરી એ તો સાપનો ભારો,દીકરી પારકી થાપણ, દીકરી ઘરનો બોજો', દીકરીને પહેલાંના સમયમાં દૂધ પીતી કરવાનો રિવાજ હતો. દીકરી જન્મે એટલે એને દૂધ ભરેલાં વાસણમાં ડુબાડીને મારી નાખવામાં આવતી.દીકરીને આજના સમયમાં જે માન - સન્માન મળે છે.તે પહેલાના સમયમાં મળતું ન હતું. દીકરીને શિક્ષણનો અધિકાર ન હતો. હરવા - ફરવા પર પાબંધી હતી. દીકરી એ ઘરનું તમામ કામ કરે છે. દીકરીએ ઘણા બધા નીતિ - નિયમો પાળવા પડે છે.

સંસ્કૃતમાં દીકરી માટે દોહિત્રી શબ્દ વપરાયો છે. દોહિત્રી એટલે ગાયને દોહનારી.જે ઘરમાં દીકરી હોય તે ઘરની દીકરી જ ગાયનું દૂધ કાઢે છે.દીકરીએ આખા ઘરની રોનક છે.ઘરમાં દીકરી જ એવી વ્યકિત છે, જે ઘરના બધા સભ્યોનું કહ્યું માને છે. માતા - પિતા જેમ કહે તેમ કરે છે.સૌથી વધારે લાડકવાઈ દીકરી પિતાની હોય છે. દીકરીને ગાય સાથે સરખાવવામાં આવી છે. ગાય જેમ આપણે દોરીને લઈ જઈએ તેમ દીકરી પણ માતા - પિતા જયાં કહે ત્યાં લગ્ન કરવા માટે તૈયાર થઈ જાય છે. દીકરી ગાયની જેમ ડાહી મમતામયી હોય છે.

જે ઘરમાં દીકરીનો જન્મ થાય તે ઘર નસીબદાર ગણાય છે. ભગવાન નસીબવાળા ઘરે દીકરીને જન્મ આપે છે.જેના જન્મથી ઉત્સવ મનાવવો જોઈએ.દીકરી આખા ઘરમાં રમતી, કુદતી, કિલ્લોલ કરતી ઘરમાં રોનક ફેલાવે છે.દીકરી વિના ઘર સુનું લાગે છે.દીકરી એ પિતાની લાડકવાયી હોય છે અને દિકરો એ માતાનો લાડકવાયો હોય છે.

દીકરીના જન્મથી સૌથી વધારે ખુશ પિતા હોય છે.નાનપણથી જ સૌથી વધારે દીકરીની કાળજી પિતા લે છે. દીકરી પણ પિતાની સૌથી વધારે કાળજી લે છે. પિતા દીકરી જેમ કહે તેમ કરે છે. દીકરી જયારે બીમાર પડે તો પિતા એની સૌથી વધારે કાળજી રાખે છે. દીકરી જયારે સાસરે જાય ત્યારે સૌથી વધુ દુઃખ પિતાને થાય છે.દીકરી પણ દુઃખી હૃદયે સાસરે જાય છે.પણ એ સાસરે જઈને માતા - પિતાને ભૂલી જતી નથી. એ પહેલાં જેટલો જ પ્રેમ બધાને કરે છે.




દીકરી એ 'મા'નું પ્રતિબિંઘ છે.મા હંમેશા દીકરીમાં પોતાની ઝાંખી જોતી હોય છે. દીકરી મા ને બધા કામમાં મદદ કરે છે.દીકરી માની બહેનપણી કહેવાય છે.દરેક વાત મા - દીકરી એક - બીજાને કરે છે.માતા - પિતાને દીકરી જન્મે ત્યારથી ખબર છે કે દીકરી મોટી થઈ સાસરે જવાની છે.એ તો પારકા ઘરની થાપણ છે. તો પણ મા - પિતા દીકરીને કાળજાના કટકાની જેમ ઉછેરે છે.દીકરીને ભણાવી ગણાવી પગભર કરે છે. એને ધામધૂમથી સાસરે વળાવે છે. જેમના ઘરે દીકરી હોય,તેમના જ ઘરે ઝાંઝરનો અવાજ સંભળાય છે. જેમના ઘરે દીકરી હોય, તેમના જ ઘરે, ઘરના આંગણે રંગોળી કરેલી દેખાય છે.

દીકરીને 'સવાઈ મા' કહેવામાં આવે છે. દીકરી પણ માતાની જેમ જ પોતાના પિતાની દેખભાળ અને સાર સંભાળ લે છે.પુરુષના પાછલા જીવનમાં માતાની ખોટ પુત્રી ભરપાઈ કરે છે.મા દીકરાનો ટેકો લેવા પ્રેમ કરે છે,જયારે દીકરી તો ટેકો બનવા પ્રેમ કરે છે.કહેવત છે કે ' મા વિના સૂનો સંસાર ' તો તેની સાથે એ પણ સાચું છે કે,'દીકરી વિના અધૂરો સંસાર.' પાંચ દીકરાનો બાપ દુઃખી જોવા મળશે પરંતુ પાંચ દીકરીઓનો બાપ કયારેય પણ દુઃખી હોતો નથી.એવું કહેવાય છે કે જો રાવણને એક દીકરી હોત તો તેણે સીતાનું હરણ ના કર્યું હોત અને જો દશરથને એક દીકરી હોત તો તેમનું પુત્ર વિયોગમાં મૃત્યુ ના થયું હોત.

મહાપંડિત ભાસ્કરાચાર્ય ગણિત અને ગ્રહવિજ્ઞાનના મહાન જ્ઞાતા હતા.એમને લીલાવતી નામની એકની એક જ પુત્રી હતી.પિતાએ એને પુત્રની જેમ ઉછેરી અને પોતાના સંચિત જ્ઞાનની પરંપરા આગળ વધારવાનો નિશ્ચય કર્યો. તેમણે પુત્રીને હંમેશા પોતાની સાથે રાખીને પોતાના જેવી વિદ્વાન બનાવી. તે પિતાનો જમણો હાથ બનીને રહી હતી. કોઈ તેને કુમારી કહે છે,કોઈ તેને વિધવા કહે છે. એ જે હોય તે પરંતુ તે પિતાની સાથે વિદ્યામાં ડૂબેલી રહી.લીલાવતીના નામનું પુરાતન ગણિત, વિજ્ઞાન અત્યારે પણ ઉપલબ્ધ છે. ચિતોડ ચારેબાજુથી ઘેરાઈ ગયું હતું. મોગલોની સેના દશ ગણી વધારે હતી. છતાં પણ ચિતોડના રાજપૂતો હિંમત ન હાર્યા. એકેએક બાળક પણ બલિદાન માટે તૈયાર થઇ ગયું. એમાં ઉગતી ઉંમરનો એક યુવક પણ હતો.એના કુટુંબમાં માં, પત્ની અને બહેન હતાં. ચારેય મરદોનો પોશાક પહેર્યો અને હાથમાં તલવાર લઇને શત્રુઓના દળ પર તૂટી પડ્યાં અને ખૂબ મરદાનીથી લડીને બલિદાનના સમુદ્રમાં સમાઈ ગયાં.દેશભક્તિના આ જુસ્સાને જોઈને માત્ર રાજપૂતોની સેના જ નહીં, પરંતુ શત્રુઓની સેના પણ દંગ રહી ગઈ.

## આજનું રાશિફળ

**તા.૨૫.૯.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ વદ આઠમ, આર્દ્રા નક્ષત્ર, વરિયાન યોગ, તૈતિલ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** તમારા રસ-રૂચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ (મ,ટ) :** નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા (ર,ત) :** લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.

**મકર (ખ,જ) :** વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.

**કુંભ (ગ,સ,શ) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારુ રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## ૨૭ સપ્ટેમ્બર થી ૧૦ ઓકટોબર સુધી હાથિયો



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અત્રે લખ્યા મુજબ સેબીના રિપોર્ટમાં પણ એ વાત સામે આવી છે કે ભારતીય યુવાનોએ શેરબજારમાં વાયદાના જુગારમાં લાખો કરોડ રૂપિયા ગુમાવ્યા છે જે શેરબજારને રોજગારીનો વિકલ્પ ગણવાની મોટી ભૂલ ગણી શકાય! તો બીજી તરફ શ્રાદ્ધ પક્ષની શરૂઆત અને અંતમાં થતા બે ગ્રહણની અસર તળે યુદ્ધ તેનું ભયાવહ સ્વરૂપ બતાવી રહ્યું છે વળી મિથુનના મંગળ મહારાજ ગેઝેટ્સનો સંયમપૂર્વક ઉપયોગ કરવાની શીખ આપી રહ્યા છે તો સૂર્ય મહારાજ ૨૭ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર સુધી હસ્ત નક્ષત્રમાં ભ્રમણ કરશે જેને આપણે દેશી ભાષામાં હાથિયો કહીએ છીએ તે દિવસો શરુ થઈ રહ્યા છે જયારે વર્ષાનું આગમન થઈ શકે એ સમય ગણી શકાય. હાલ આપણે ન્યુમરોલોજી અને મોબાઈલ નંબર પર ચર્ચા કરી રહ્યા છીએ જેમાં અંક ૬ સૌમ્ય ગણવામાં આવે છે! જેના સ્વામી શુક્ર મહારાજ છે. આપણે જાણીએ છીએ કે શુક્ર સંબંધ અને લક્ષ્મી બંને સાથે સંબંધ ધરાવે છે તેની હાજરી શુભફળ પ્રદાન કરે છે.વ્યક્તિત્વમાં તેજ લાવવા માટે અને લોકપ્રિય થવા માટે મોબાઈલ નંબરમાં શુક્રની અસર જરૂરી છે આ માટે શુક્રનો અંક ૬ રિપીટ થવો જરૂરી છે ખાસ કરીને મોબાઈલ નંબરમાં ૬૬ આવે તો તે સબંધોને સુધારે છે અને જીવનમાં નવા સારા સબંધોની શરૂઆત થાય છે અને લોકોમાં સારો પ્રભાવ પડે છે.

## સૂડોકુ -૧૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | | | ૧ | | |
| | | ૬ | | ૯ | ૨ | ૪ | | ૫ |
| | ૯ | | | | | | | ૬ |
| ૮ | ૬ | ૨ | ૯ | | | | | |
| | | | | ૨ | | ૬ | | |
| | ૭ | | | ૧ | | | | |
| ૩ | | ૯ | | ૬ | | ૨ | | |
| | | | ૮ | | | | | ૪ |
| | | | ૨ | ૩ | | ૭ | ૯ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૧ | ૭ | ૨ | ૩ | ૪ | ૫ | ૯ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૯ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ |
| ૩ | ૯ | ૮ | ૫ | ૪ | ૧ | ૬ | ૭ | ૨ |
| ૪ | ૮ | ૬ | ૯ | ૭ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૨ | ૫ | ૩ | ૮ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૯ | ૩ | ૭ | ૧ | ૫ | ૪ | ૮ | ૨ | ૬ |


## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૯-૨૦૨૪ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગોળ કેરી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (જી સી ચાઉમીન)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો. સજય દેસાઈ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ વાસ્તુ જ્યોતી
૦૪:૩૦ થી ૦૪:૫૦ દાડિયા ધમાલ
૦૪:૫૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરીઓન લલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સમી સાંજ
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૯-૨૦૨૪ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવ


## અબતક પંચાગ

**તા.૨૬-૯-૨૦૨૪ ગુરૂવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | ભાદરવા વદ નોમ-દશમ તિથિનું શ્રાધ્ધ |
| **નક્ષત્ર** | પુનવર્સુ |
| **યોગ** | પરિધ **કરણઃ** વણિજ |
| **સુર્યોદય** | ૬.૩૮ **સુર્યાસ્તઃ** ૬.૪૦ |
| **ચંદ્ર રાશી** | મીથુન સાંજે ૫.૧૫ થી કર્ક |
| **રાશિ અક્ષર** | ક.છ.ઘ/ડ.હ |
| **દિશાશૂળ** | દક્ષિણ દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૧.૩૦ થી ૩ |
| **દિવસનાચોઘડીયા** | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| **રાત્રીનાચોઘડીયા** | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૫ થી ૧.૦૨ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# સાંઢીયા પુલના ધીમી ગતિએ ચાલતા કામથી પદાધિકારીઓ નારાજ: અધિકારીઓને કડક ઠપકો

## હયાત પુલની જગ્યાએ ફોરલેન બ્રિજનું કામ શરૂ થયાને ૬ મહિના વિત્યા છતાં કોઇ નોંધપાત્ર કામગીરી નહીં: ઝડપથી કામગીરી આગળ વધારવા એજન્સીને તાકીદ કરતા પદાધિકારીઓ

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર કોર્પોરેશન દ્વારા હયાત સાંઢીયા પુલની જગ્યાએ ૭૪ કરોડના ખર્ચે નવો ફોરલેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. લોકસભાની ચુંટણીની આચાર સંહિતા પૂર્વે આ બ્રિજનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. છતાં હજુ સુધી નોંધપાત્ર કામગીરી થઈ નથી. રેલવે વિભાગની આડોડાઈના કારણે છાશવારે કામગીરી અટકી પડે છે. સાંઢીયા પુલ બ્રિજની ગોકળગાયની ઝડપે ચાલતી કામગીરી સામે પદાધિકારીઓ ભારોભાર નારાજ થઈ ગયા છે. આજે સ્થળ વિઝિટ દરમિયાન અધિકારીઓ અને એજન્સીને કડક ઠપકો આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ગત માર્ચ મહિનામાં સાંઢીયા પુલના સ્થાને નવા ફોરલેન બ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ૨૪ માસમાં આ બ્રિજનું નિર્માણ કામ પુરી કરવાની ટેન્ડરમાં શરત રાખવામાં આવી છે. છતાં ૬ મહિના વિતી ગયા બાદ પણ હજુ સુધી નોંધપાત્ર કામગીરી થઈ નથી. ખૂબ જ ધીમી ગતિએ બ્રિજનું નિર્માણકામ ચાલી રહ્યું છે. રેલવે વિભાગ દ્વારા બ્રિજનો સેન્ટ્રલ પોર્શન તોડવા માટે મંજૂરી આપવામાં આવતી ન હોવાના કારણે છેલ્લા ઘણા દિવસથી ફરી એક વખત કામગીરી ખોરંભે ચડી છે. બ્રિજના નિર્માણકામના કારણે વાહનચાલકોએ ભારે હાલાકી ભોગવવી પડી રહી હોય આજે સ્થળ વિઝીટ દરમિયાન કોર્પોરેશનના પદાધિકારીઓએ બ્રિજનું નિર્માણ કરી રહેલી એજન્સી અને કોર્પોરેશનના પદાધિકારીઓને કડક તાકીદ કરી હતી કે કોઈપણ ભોગે કામગીરીની ઝડપ વધારવામાં આવે.



જ્યાં રેલવેની મંજૂરીના વાંકે કામગીરી અટકતી હોય ત્યાં શાસકોનું કે સાંસદનું ધ્યાન દોરી મંજૂરીની પ્રક્રિયા ઝડપી કરવામાં આવે તેવી પણ સૂચના આપવામાં આવી છે.


કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે જામનગર રોડ પરના હયાત સાંઢિયા પૂલના સ્થાને નવા ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. આજે નિર્માણાધિન સાંઢિયા પૂલ સાઈટ ખાતે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, ચેરમેન સ્ટેન્ડિંગ કમીટી જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ, સિટી એન્જીનીયર અતુલ રાવલ તથા નાયબ કાર્યપાલક ઈજનેર એચ.એમ. કોટક સહિતના અધિકારીઓની ટીમને સાથે રાખી, કામગીરીની સમીક્ષા અર્થે સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. આ સ્થળ મુલાકાત દરમ્યાન પદાધિકારીઓ દ્વારા બ્રિજની કામગીરી વિશે વિગતો મેળવી હતી. બ્રિજની કુલ લંબાઈ ૬૦૨.૯૦ મીટર તથા કુલ પહોળાઈ ૧૬.૪૦ મીટર થશે. જેમા બન્ને તરફ ૭.૫૦ મીટર પહોળાઈના કેરેજ વે બનશે અને સેન્ટ્રલ મિડિયમની પહોળાઈ ૦.૫૦ મીટર રહેશે.પદાધિકારીઓ તથા મ્યુનિસિપલ કમિશનર દ્વારા કામગીરીમાં ગતિ લાવવા તેમજ ઝડપભેર આ કામગીરી આગળ વધારવા આ કામની એજન્સીના પ્રતિનિધિઓને સુચના આપવામાં આવી.

# શહેરને ડ્રગ્સ મુકત બનાવવા સમાજ કટીબધ્ધ થાય: જેસીપી મહેન્દ્ર બગડીયા

## નાર્કો સેન્ટરની બેઠકમાં કોલેજ-યુનિવર્સિટીમાં દુકાનો પર વોચ ડ્રગ્સ રેકેટ તોડવા કડક પેટ્રોલીંગની તાકીદ

**અબતક,રાજકોટ**

રાજ્ય સરકાર ડ્રગ્સના દુષણ સામે 'નો ટોલરન્સ પોલિસી' સાથે ગંભીરતાપૂર્વક ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિને સખ્ત હાથે ડામી દેવા કટિબધ્ધ છે, ત્યારે રાજકોટમાં પણ ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ અટકાવવા કોલેજ - યુનિવર્સીટી વિસ્તારમાં દુકાનો પર વોચ રાખવા, રેકેટ તોડવા ખાસ કોમ્બિંગ કરવા પોલીસ વિભાગને અધિક પોલીસ કમિશનરશ્રી મહેન્દ્ર બગડિયાએ નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર (નાર્કોડ)ની બેઠકમાં તાકીદ કરવામાં આવી હતી.





જે.સી.પી. મહેન્દ્ર બગડિયાએ યુવા ધનને ડ્રગ્સથી બચાવવા માટે ડ્રગ્સના મૂળ એવા સિન્થેટિક ડ્રગ્સ અને ગાંજાના ઉત્પાદન પર ચાંપતી નજર રાખવા તેમજ ડ્રગ્સ ગુજરાત રાજ્યમાં જે રસ્તેથી પ્રવેશે છે તે વિસ્તારમાં કોમ્બિંગ વધારવા ખાસ સૂચના આપી હતી.

અ ફૂડ એન્ડ ડ્રગ્સ, ખેતીવાડી, આરોગ્ય વિભાગ અને અન્ય સંસ્થાઓને પણ બદલાતા ડ્રગ્સના પરિમાણો સામે સતર્કતા સાથે સહભાગી થવા જણાવ્યું હતું. સાથોસાથ યુવાધન નશીલા પદાર્થોના સેવનથી દૂર રહે તે માટે પ્રિવેંશન પર ભાર મૂકી કોલેજના છાત્રોને ડ્રગ્સની આડ અસરો અને સામાજિક,આર્થિક દુષ્પરિણામો વિષે માહિતગાર કરી જનજાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવા જણાવ્યું હતું.

નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઈન અંગે ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલે રાજકોટ શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડવામાં આવેલ ડ્રગ્સનાં કેસની માહિતી પુરી પાડી હતી. તેઓએ જણાવ્યું હતું કે, એસ.ઓ.જી દ્વારા ડ્રગ્સ અવેરેન્સ પ્રોગ્રામ, ડ્રગ્સ ડિટેકશન તેમજ ડ્રગ્સ એડિકટ રિહેબિલેશન અને મોનીટરીંગ એમ ત્રિવિધ કાર્યક્રમો વિવિધ સંસ્થાઓના સહયોગથી કરવામાં આવે છે. જનજાગૃતિ અર્થે શાળા કોલેજમાં 'નો ડ્રગ્સ' અવેરનેસ કેમ્પઈન ચલાવવામાં આવી રહ્યું હોવાનું ડી.સી.પી.એ માહિતી આપતા જણાવ્યું હતું.

એસ.ઓ.જી. તેમજ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ ચલાવી શહેરમાં પાન ગલ્લાઓ, બગીચા તેમજ અન્ય સ્થળોએ ચેકીંગ સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું પાર્થરાજસિંહે વિગતો આપતા જણાવ્યું હતું. બેઠકમાં આપેલ સૂચના મુજબ યુનિવર્સીટીમાં વિદ્યાર્થીઓની ઈતર પ્રવૃત્તિ પર ધ્યાન રાખવા ખાસ નોડલ અધિકારી નીમવામાં આવ્યા છે.

આ તકે આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, ડી.સી.પી. જોન - ૧ સજ્જનસિંહ પરમાર, ઝોન - ૨ જગદીશ બંગરવા, સીટી પ્રાંત - ૧ વિમલ ચક્રવર્તી, એસ.ઓ.જી., ડી.સી.બી. સહીત વિવિધ પોલીસસ્ટેશનના અધિકારીઓ, સમાજ સુરક્ષા વીભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ, મહાનગર તેમજ સિવિલ તબીબી વિભાગ, મનોચિકિત્સક વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, કૃષિ, વન વિભાગ, તોલમાપ. સાઈન્ટિફિક વિભાગ સહિત કમિટીના અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# રાજકોટમાં પર્યાવરણીય મૈત્રી પૂર્ણ વાતાવરણના નિર્માણ માટે કોર્પોરેશન તત્પર

## કોર્પોરેશન અને યુએસએઆઇડી દ્વારા સહયોગિતા એશિયા રેસિલિયન્ટ સીટીસ પ્રોજેક્ટની મલ્ટી સેક્ટોરલની બેઠક યોજાઇ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા અને યુએસએઆઈડી દ્વારા સહયોગિત એશિયા રેસિલિયન્ટ સીટીસ પ્રોજેક્ટની મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને મીટિંગ યોજાઈ હતી. જેમાં ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે અને ચેતન નંદાણી, મહાપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ અને એશિયા રેસિલિયન્ટ સીટીસ પ્રોજેક્ટના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.




એશિયા રેસિલિયન્ટ સીટીસ પ્રોજેક્ટ યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ દ્વારા સહયોગિત હેઠળ ચલાવવામાં આવતા પાંચ વર્ષના સમયગાળાનો એક મહત્વકાંક્ષી પ્રયાસ છે, જે રાજકોટ મહાનગરપાલિકા સાથે સહકારમાં કાર્યરત છે. આ પરિવર્તનશીલ પ્રોજેક્ટનો હેતુ સસ્ટેનેબલ શહેરી ઢાંચા અને સેવાઓમાં સુધારો કરવો, જળવાયુ સહકારને વધારવો અને રાજકોટના નિવાસીઓ માટે જીવનમાં સુધારો લાવવાનો છે. એઆરસી પ્રોજેક્ટ માટે પસંદ કરાયેલ રાજકોટ એકમાત્ર ભારતીય શહેર તરીકે અનોખું સ્થાન ધરાવે છે, જે શહેરને વધુ રેઝીલીયન્ટ અને પર્યાવરણીય રીતે મૈત્રી પૂર્ણ બનાવવા માટે મહત્વપૂર્ણ પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે આગળ વધે છે.

આજની મલ્ટી સેકટોરલ મીટિંગમાં એશિયા રેસિલિયન્ટ સીટીસ પ્રોજેક્ટના પ્રતિનિધિઓ અને રાજકોટ મહાનગર પાલિકાના પદાધિકારીઓ - અધિકારીઓ દ્વારા એશિયા રેસિલિયન્ટ સીટીસ પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવતી કામગીરી અને આગામી ભવિષ્યને ધ્યાનમાં રાખીને કરવાની થતી કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.એઆરસી પ્રોજેક્ટ તેના વિશે વધુ માહિતી માટે https://www.jsi.com/project/asia-resilient-cities/ પર સંપર્ક અને વિસ્તૃત વિગતો મળી રહેશે.

# શહેર પોલીસની યશકલગીમાં પીંછુ ઉમેરાયું એથ્લેટીક્સમાં ૯ મેડલ અંકે કર્યા

## ચાર ગોલ્ડ, એક સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ મેળવતા પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ શુભેચ્છાઓ પાઠવી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસની ટીમે એથલેટિક્સમાં શાનદાર પ્રદર્શન કરી ૪ ગોલ્ડ ૧ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ મેળવી રાજકોટ શહેર પોલીસનું ગૌરવ વધાર્યું છે. હેડક્વાર્ટરના એસીપી એમ. આઈ. પઠાણ અને ટીમને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ શહેર પોલીસ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. પોલીસની ટીમે ૯ મેડલ અંકે કરતા પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાએ પણ તમામ જવાનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

### આજે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ

# આરોગ્ય ક્ષેત્રે પડદા પાછળના હીરો એટલે ફાર્માસિસ્ટ પ્રત્યે આભાર પ્રકટ કરવાનો દિવસ

## રેસકોર્સ ખાતે ફાર્મસી સંસ્થાઓના વિદ્યાર્થીઓ, પ્રોફેસર્સ અને ફાર્મસીસ્ટ નાગરિકોને દવાઓ વિશે સાચી જાણકારી આપી

**અબતક ,રાજકોટ**

તંદુરસ્ત શરીર એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે. કોઈપણ બીમારીનું નિદાન તબીબ કરે છે, પરંતુ ફાર્માસિસ્ટ નિદાન પ્રમાણે સાચી દવા, જરૂરી માત્રામાં અને સાચા સમયે માર્ગદર્શન આપે છે. જે ખૂબ મહત્વપૂર્ણ છે. જીવનમાં આરોગ્ય ક્ષેત્રે પડદા પાછળના હીરો એટલે ફાર્માસિસ્ટ એવું કહી શકાય. ફાર્માસિસ્ટ દવા સંબંધિત દરેક વસ્તુઓમાં નિષ્ણાત હોય છે. તેઓ નવા રોગોની ઓળખ કરીને દર્દીઓને એન્ટીબાયોટીક દવાઓના ઉપયોગ વિષે યોગ્ય સલાહ અને માહીતી પણ આપે છે. તબીબી ક્ષેત્રે ફાર્માસિસ્ટનું મૂલ્યવાન યોગદાન રહેલું છે. સરળ શબ્દોમાં કહીએ તો, ફાર્માસિસ્ટ દર્દીની સંભાળ લેવાની સાથે મેડિકલ ટીમના પણ સભ્ય છે.

૨૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર વિશ્વમા ''વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે'' ઉજવવામા આવે છે. આ દિવસે વિશ્વના તમામ દેશોમાં આરોગ્યલક્ષી કામગીરીમાં ફાર્માસિસ્ટની ભૂમિકાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટિકલ ફેડરેશન ૨૫ સપ્ટેમ્બર ૧૯૧૨ના રોજ અસ્તિત્વમાં આવ્યું હતું. ત્યારથી વિશ્વભરમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ઉજવણી કરવામાં આવે છે.



આ દિવસની ઉજવણી રાજકોટ ફાર્માસીસ્ટ એસોસીએશન દ્વારા શહેરના રેસકોર્સ ખાતે વિવિધ ફાર્મસી સંસ્થાઓએ તેમના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો તથા ફાર્મસીસ્ટસ્ દ્વારા સ્ટોલ ઉભા કરી હેલ્થ અવેરનેસ કેમ્પ, વ્યસન મુક્તિ કેમ્પ અને હેલ્થ અવેરનેસ રેલીનું આયોજન કરી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

રાજકોટ ફાર્માસીસ્ટ એસોસિએશન દ્વારા વજન, ઉંચાઈ, અને બોડી માસ ઈન્ડેક્સ (બી.એમ.આઈ.) મેજરમેન્ટ કરી આપવામાં આવશે. ધ ફેડરેશન ઓફ ગવર્નમેન્ટ ફાર્માસિસ્ટ એસોસિયેશન અને ડિસ્ટ્રિક્ટ એન.સી.ડી. સેલ રાજકોટ દ્વારા વિના મૂલ્યે ડાયાબિટીસ (છ.ઈ.જ.) અને બી.પી.નું ચેક-અપ કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખા દ્વારા પાણીજન્ય અને ચેપી રોગો વિષયક માહિતી, બી.કે.મોદી સરકારી ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સી.પી.આર. અંગેનો ડેમોન્સ્ટ્રેશન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ફાર્મસી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ડેન્ગ્યુ અને ચિકુનગુનીયા રોગ અંગે માહિતી, આર.ડી.ગારડી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ડાયાબિટીસ રોગ અંગે વિસ્તૃત માહિતી, સ્કુલ ઓફ ફાર્મસી, આર.કે.યુનિવર્સીટી દ્વારા દર્દીઓ માટે જનરલ હેલ્થ ચેક-અપ કેમ્પ અને ડાયટીશ્યન દ્વારા પૌષ્ટિક ખોરાક વિશેની માહિતી, મારવાડી યુનિવર્સિટીના ફાર્મસી ફેકલ્ટીના વિદ્યાર્થીઓ દ્વારા જેનેરીક અને બ્રાન્ડેડ દવાઓ વિશે માહિતી, આત્મીય કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા લોકોને પોતાની રીતે મેડીકલ સ્ટોરમાંથી દવા લેતા ગેરફાયદાઓ અંગે માહિતી આપવામા આવી હતી અને સોસાયટીમાં ફાર્માસીસ્ટની ભુમિકા વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આપણા આયુર્વેદ ગ્રંથોમાં તુલસીને ઔષધીરૂપે અગ્રસ્થાને માનવામાં આવે છે, જેથી રાજકોટ શહેરના તમામ ઘરોમાં તુલસીના રોપા પહોંચે તે હેતુથી કુમ-કુમ ગ્રુપ દ્વારા વિનામૂલ્યે તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યા.

ત્યારે ''વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ'' નિમિત્તે એટલી અપેક્ષા તો જરૂર રહે કે લોકોના સારા સ્વાસ્થ્ય માટે કામગીરી કરનારા આ પડદા પાછળના હીરો ફાર્માસીસ્ટને ''થેંક્યું'' કહેવાનું ભુલશો નહિ.

સતત સાતમા વર્ષેમાં

# જૈનમ્ કામદાર નવરાત્રી મહોત્સવમાં પારિવારિક માહોલમાં ઝુમશે ખેલૈયાઓ

## રોજરોજના વિજેતાઓને ઈનામો સાથે ફાઈનલમાં વિજેતાઓ લાખેણા ઈનામોની વણઝાર



અબતક, રાજકોટ

વિશ્વભરમાં નવરાત્રીનાં નવેય દિવસ માત્ર જૈનો માટે યોજાતા એકમાત્ર નવરાત્રી મહોત્સવનો શ્રેય જૈનમ પરિવારને ફાળે જાય છે અને તેમાય સળંગ સાતમા વર્ષે યોજાવા જઈ રહેલા જૈનમ કામદાર નવરાત્રી મહોત્સવ-૨૦૨૪માં આ વર્ષે દર વર્ષની માફક કોઈ નોખું કંઈક અનોખું, વિશેષથી સવિશેષ, સુપર થી પણ ઉપર એવું ઉત્કૃષ્ટ આયોજન થવા જઈ રહ્યું છે. એક લાખ વોટની હાઈફાઈ સાઉન્ડ સીસ્ટમ, વિશ્વ પ્રસિધ્ધ સંગીતકાર પંકજભાઈ ભટ્ટનાં નેતૃત્વમાં એમની સાંજીદાઓની ટીમ, એકથી એક ચડીયાતા ગીતોનાં સથવારે ખેલૈયાઓને રમવા મજબુર કરી દે એવા ગાયક કલાકારો, અદ્યતન લાઈટીંગ એરેંજમેન્ટ, ત્રણ લાખ સ્કે.ફુટનું વિશાળ ગ્રાઉન્ડ, ખેલૈયાઓ માટે કારપેટીંગથી સજ્જ પ્લે ગ્રાઉન્ડનાં સથવારે આ વર્ષે જૈનમમાં પણ નવરાત્રીનું ધુમ મચવાની છે.

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતે અશોકભાઈએ જણાવ્યું હતું કે પારિવારીક માહોલ વચ્ચે થ્રિ લેયર સુરક્ષા વ્યવસ્થા કે જયાં સમાજની બહેન દિકરીઓ નિર્ભિક પણે મન મુકીને રમી શકે તેવી આગવી છાપ ધરાવતા જૈનમ કામદાર નવરાત્રી મહોત્સવમાં આ વર્ષે પણ ગયા વર્ષ કરતા પણ વિશેષ આયોજન થવા જઈ રહ્યું છે. ૧૮૦ થી પણ વધુ કાર્યકર્તાઓની ફૌજ વિવિધ કમીટીઓ બનાવીને રાસોત્સવનાં આયોજનને આખરી ઓપ આપી ચુકી છે ત્યારે રાજકોટનો જૈન સમાજ જૈનમમાં મહોત્સવ માણવા થનગની રહ્યો છે. સિઝન પાસ મેળવવા માટે ભારે ઘસારા વચ્ચે જૈનમ દ્વારા આયોજીત આ રાસોત્સવને ખેલૈયાઓ અને દર્શકો પણ મુકીને માણશે તેમા કોઈ શંકાને સ્થાન નથી. વિશાળ ગ્રાઉન્ડમાં ફ્રી પાર્કિંગની વ્યવસ્થા સાથે થ્રિ લેયર સિક્યુરીટીની વ્યવસ્થા કરવામાં આવી છે, નાઈટ વિઝન સીસીટીવી કેમેરા, ખાનગી સિક્યુરીટી, બાઉન્સરોની વિશેષ સુરક્ષા ટુકડી તથા જૈનમનાં કમીટી મેમ્બરની બનેલી સ્પે.ટાસ્ક ફોર્સ ખેલૈયાઓને નિર્ભિક પણે રમી શકાય તેવું સુરક્ષિત વાતાવરણ પ્રદાન કરશે.

હાઈફાઈ સાઉન્ડ સીસ્ટમ, બહેતરીન લાઈટીંગ વ્યવસ્થાથી ઝળહળતુ કારપેટથી સજ્જ ગ્રાઉન્ડ સાથે વિશ્વ વિખ્યાત સંગીતકાર પંકજભાઈ ભટ્ટનાં સાંજીદાઓની ટીમ કે જે વિવિધ વાદ્ય ઉપર સંગીતની મહેફીલ માંડશે. ગાયક કલાકારો દ્વારા સંગીતનાં સથવારે પ્રાચિન-અર્વાચિન, હિન્દી-ગુજરાતી, ભાતીગણ ગીતો, હાલરડા, દુહા છંદનાં વિશેષ સમન્વય દ્વારા ખેલૈયાઓને જોમ ચડે તેવું ઉત્સાહસભર ગીત-સંગીત પ્રસ્તુત કરશે. આ વર્ષે ગાયક કલાકારોમાં દેશ-વિદેશમાં અનેક કાર્યક્રમો આપી ચુકેલા ગાયક કલાકારો સિંગર અનીલ વાંકાણી (ભાવનગર), આદેશ શાહ (મુંબઈ), ફ્યુઝન સિંગર પ્રદિપ ઠક્કર (રાજકોટ), પિન્કી પટેલ (અમદાવાદ), ફ્યુઝન સીંગર નમ્રતા ગોસલીયા (રાજકોટ)નાં કંઠે આ વર્ષે પણ ખેલૈયાઓ સંગીતનાં તાલે ડોલવા મજબુર બનશે.


આ ઉપરાંત યુવાનોને પસંદ પડે તેવા ઈલેક્ટ્રીક ફાઈન ડી.જે. સથવારે યુવાધન ઝુમી ઉઠશે. દેશ ભક્તિ સભર ગીતોનાં સથવારે વાતાવરણ દેશભક્તિમય બનાવતા ખેલૈયાઓ તિરંગા સાથે ઝુમી ઉઠશે.

નવરાત્રીનાં નવેય દિવસ વિવિધતા મળે તે માટે ખેલૈયાઓમા કલર થીમ કે જેમા ખેલૈયાઓ રોજેરોજ વિવિધ કલરનાં વસ્ત્રો પહેરીને (અનુ. આઠમા પાને)

# મેટોડામાં બાળ મનોવિજ્ઞાન અને વાર્તાકથન કલા વિષયક શિબિરમાં ૩૦ આયુર્વેદ ચિકિત્સકોએ આપી હાજરી

## ગુરૂકુલ પરંપરાને ઉજાગર કરવા ગોપાલ નમકીન અને સંસ્કૃતિ આર્ય ગુરૂકુલનો પ્રયાસ





અબતક,રાજકોટ

બાળકોને આધુનિક શિક્ષણ આપવાની હોડમાં ગુરુકુળ શિક્ષણ પદ્ધતિ વિસરાઈ રહી છે. અગાઉ બાળકોને દાદા-દાદી દ્વારા વાર્તાના રૂપમાં શિક્ષણ આપવામાં આવતું હતું. ગુરુકુળમાં બાળકોને ચારિત્ર ઘડતર અને કર્મના સિધ્ધાંતો સાથે જ્ઞાન આપવામાં આવતુ હતું. પરંતુ હવે ભાર વિનાના ભણતર ઓઠા હેઠળ બાળક તેની ક્ષમતા કરતા વધુ ભાર સાથે ભણી રહ્યો છે ત્યારે બાળ મનોવિજ્ઞાન, સ્ટોરીટેલીંગ આર્ટ અને હોમ સ્કુલીંગ કોર્ષના વિષય ઉપર મેટોડામાં ગોપાલ નમકીન ખાતે ગત તા.૨૦, ૨૧, ૨૨ના રોજ ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૧૨ રાજયોમાંથી નિસ્વાર્થ સેવા કરતા ૩૦ જેટલા આયુર્વેદ ચિકિત્સકો ઉપરાંત રાજકોટ અને મોરબીની ખ્યાતનામ સ્કુલના પ્રિન્સીપાલો પણ ગુરૂકુળ શિક્ષણ પદ્ધતિને જાણવા અને સમજવા આવેલ હતા.

ગોપાલ નમકીન અને સંસ્કૃતિ આર્ય ગુરૂકુળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ત્રિદિવસીય શિબિરનો સમાપન સમારોહ મેટોડા એસોસીએસન હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે પરંપરાગત ચિકિત્સા કરતા અને પર્યાવરણ સાથે જોડાયેલા ગીરનારી મંડળના ૧૫ જેટલા સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગુરૂકુલમનાં આચાર્ય (અનુ. આઠમા પાને)

# સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા આંગણવાડીમાં મહિલા જાગૃતિ લક્ષી સેમિનાર યોજાયો

## બહેનોને વ્હાલી દિકરી યોજના સહિતની મહિલાલક્ષી યોજનાની અપાઈ માહિતી



અબતક,રાજકોટ

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓ અને બાળકોના સર્વાંગી વિકાસ, સુરક્ષા, સહાય અને જાગૃતિલક્ષી શિક્ષણ આપવા માટે વિવિધ યોજનાઓ કાર્યરત છે. જેમાંની સખી વન સ્ટોપ યોજના મહિલા સલામતીને પ્રાધાન્ય આપતી યોજના છે.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી રાજકોટના માગેદર્શન હેઠળ ‘‘સખી‘‘ વન સ્ટોપ સેન્ટર રાજકોટના કર્મચારીગણ દ્વારા મારૂતિ કૃપા આંગણવાડી કેન્દ્ર તેમજ પ્રાણનાથ પ્રાથમિક શાળા રાજકોટ ખાતે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા ‘‘સખી‘‘વન સ્ટોપ (અનુ. આઠમા પાને)

# સતત ૧૬માં વર્ષે ખેલૈયાઓને ઘેલુ લગાડશે ‘કલબ યુવી નવરાત્રી મહોત્સવ’

## ખેલૈયાઓ માટે બારકોડ પાસની વ્યવસ્થાઃ આધુનીક ટેકનોલોજીના સથવારે ગ્રાઉન્ડની સજાવટ



અબતક,રાજકોટ

રાજકોટ શહેરમાં કલબ યુવી નવરાત્રી મહોત્સવનું અલગ અંદાજથી ભવ્યાતિભવ્ય, અદભુત આયોજન કરવામાં આવે છે, ૧૫ વર્ષની સફળતા બાદ શ્રી ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી નવરાત્રી મહોત્સવની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ૧૬માં વર્ષે ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસમાં નવરાત્રી મહોત્સવ માણે તે માટેનું સૌરાષ્ટ્રનું સૌથી મોટું આયોજન થયું છે. રાજકોટ શહેરમાં ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ પર શિલ્પન સાગાની બાજુમાં, કોકોનેટ પાર્ટી પ્લોટની સામે વિશાળ મેદાનમાં સમગ્ર નવરાત્રી મહોત્સવ યોજાશે

રાજકોટની ઉત્સવપ્રિય જનતામાં નવરાત્રીનું પારીવારીક આયોજન કરતી સંસ્થા કલબ યુવી મોખરાનું સ્થાન ધરાવે છે, રાજકોટના ન્યુ૧૫૦ ફુટ રીંગ રોડ પર કોકોનેટ પાર્ટી પ્લોટ સામે કલબ યુવી દ્વારા તા. ૩ થી ૧૧ દરમ્યાન રાજકોટના આંગણે પારીવારીક માહોલમાં યોજાનારા નવરાત્રી મહોત્સવની સમ્રગ પાટીદાર સમાજ દ્વારા એક પર્વ તરીકે ઉજવણી થશે. જગત જનનીની ઉપાસના માટે પ્રાચીન સંસ્કૃતીને ધબકતી રાખવા માટે કલબ યુવી દ્વારા સતત ૧૬ માં વર્ષે અનેરૂ આયોજન થઈ રહયુ છે. દોઢ દાયકા પૂર્વે અર્વાચીન રાસોત્સવને પારિવારીક (અનુ. આઠમા પાને)

### યુવી નવરાત્રી મહોત્સવમાં દોઢ દાયકાની સોનેરી સફરઃ મૌલેશભાઈ ઉકાણી



રાજકોટની ઉત્સવપ્રિય જનતા માટે કલબ યુવી નવરાત્રી મહોત્સવનું નામ સતત ગુંજતુ રહે છે. સંસ્કારી સુરક્ષીત અને ભક્તિસભર વાતાવરણ વચ્ચે કડવા પાટીદાર સમાજના ભાઈઓ બહેનો સમગ્ર પારીવારીક વાતાવરણ વચ્ચે મન મુકી નવરાત્રી મહોત્સવને માણી શકે તે માટે હર વર્ષે કંઈક નવું કરવાની પરંપરા એ કલબ યુવી ની આગવી ઓળખ છે. એનો શ્રેય કલબ યુવી ના એડવાઈઝરી ડાયરેકટર મૌલેશભાઈ ઉકાણી આપતા કલબ યુવી ના હોદેદારો તથા ડાયરેક્ટરો,, કોર કમીટી તથા કમીટી મેમ્બર્સ ની ટીમે તેઓને હર્ષભેર વધાવ્યા હતા. અર્વાચીન રાસોત્સવની સાથોસાથ આપણા પ્રાચીન સંસ્કારો, પ્રાચીન ગરબાઓ, માતાજીના પૂજન અર્ચન માટે કલબ યુવીના પ્રારંભ થી જ રાસોત્સવના ગ્રાઉન્ડ પર કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાનું મંદિર બનાવાય છે. સમ્રગ નવરાત્રી મહોત્સવને ધર્મ સાથે જોડીને મહાઆરતી જેવા કાર્યક્રમો થકી નવરાત્રી ની ઉજવણી કરાય છે. જેમાં દરરોજ પૂજન આરતી બાદ જ રાસોત્સવનો પ્રારંભ કરાય છે. ખેલૈયાઓ માટે ટ્રેડીશનલ પારંપારીક વસ્ત્રો તેમજ ટાઈટ સીક્યોરીટી નું આયોજન અમલી બનવાય છે.

**સંસ્કારી, સુરક્ષીત અને ભકિતસભર નવરાત્રી મહોત્સવની નવા રંગ-રૂપ સાથે તૈયારીઓ શરૂઃ ફુડઝોન પાર્કિંગ, સીકયોરીટી સાથે સેલ્ફીઝોન સહિતના આકર્ષણો**

# ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોજાઈ યોગ જાગરણ રેલી

## બહોળી સંખ્યામાં લોકો રેલીમાં જોડાયા



અબતક,રાજકોટ

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા હૃદય રોગ નિવારણ તથા નશા મુક્તિ અભિયાનના ભાગરૂપે વોર્ડ નં-૧૭ માં યોગકોચ નીતિનભાઈ કેસરિયાના યોગ વર્ગમાં યોગ જાગરણ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ નાગરિકો હોંશભેર જોડાયા હતા.

સમગ્ર રેલી પૂજ્ય રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ થી આનંદ નગર મેઈન રોડ, ગીતાંજલિ સોસાયટી, ગાયત્રીનગર, આદર્શ સોસાયટી, બોલબાલા માર્ગ, આનંદ નગર ક્વાર્ટર વિસ્તારમાં ફરી હતી. ઉલ્લેખનીય છે કે, રેલીમાં કો-ઓર્ડીનેટર ગીતાબેન સોજીત્રા, મીતાબેન તેરૈયા, યોગ ટ્રેનર્સ તૃષાબેન જીવરાજાણી, ધીરુભાઈ ઠુંમર, જીતેન્દ્રભાઈ શિયાણી, પ્રવીણભાઈ શિયાણી તથા આનંદભાઈ અને યોગ સાધકો ભાઈઓ તથા બહેનો જોડાઈને આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

# આજે પ્રખર દેશભકત, ગરીબોના હિતેચ્છુ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૧૦૮મી જન્મજયંતિ

## અંત્યોદયના સૂત્રને સાર્થક કરી સમાજના અંતિમ વ્યકિત સુધી કલ્યાણકારી યોજનાઓ લઈને સરકાર પહોંચે છે



અબતક, રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા દેશ વિઝન ૨૦૪૭ને દયાનમા રાખીને આગળ વધી રહ્યો છે. સમાજ અને દેશ ત્યારે જ પ્રગતિ કરી શકે જયારે વિકાસના ફળરૂપી જનકલ્યાણકારી યોજનાઓનો લાભ દૂર-દરાજના ગરીબ માણસને પણ મળે. ગરીબ પરિવારોને સરકાર દ્વારા મળતું રાશન અંત્યોદય યોજનાથી ઓળખાય છે. આ ઉપરાંત અંત્યોદયના નામથી અનેક જન કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. જેનો હેતુ સમાજના અંતિમ વ્યક્તિને લાભાન્વિત કરી સમાજ અને દેશની મુખ્ય ધરી સાથે જોડવાનો છે. તા.૨૫મી સપ્ટેમ્બર, ૧૯૧૬ના રોજ ઉત્તરપ્રદેશમા જન્મેલા પ્રખર દેશભક્ત અને ગરીબોના હિતેચ્છુ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની આજે ૧૦૮મી જન્મ જયંતિ છે.

તેમણે એકાત્મમાનવ દર્શનનો વિચાર તથા અંત્યોદયનો નારો આપ્યો હતો. અંત્યોદયનો અર્થ થાય છે સમાજના નિમ્ન સ્તરમાં રહેલી વ્યક્તિનું ઉત્થાન.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયનુ કહેવુ હતુ કે, ’કોઈપણ દેશ પોતાનાં મૂળ કાપીને વિકાસ ન સાધી શકે. આજે દેશના અલગ અલગ સ્થળે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમા કોલેજો, યુનિવર્સિટીઓ, હોસ્પિટલો, ભવનો, એરપોર્ટ ખાતે જોવા મળે છે. જેનાથી દીનદયાળજીનાં સિદ્ધાંતો અને વિચારોને અનુસરવા નાગરિકોને સતત પ્રેરણા મળે છે. સરકાર અંત્યોદયના સૂત્રને સાર્થક કરી સમાજના અંતિમ વ્યકિત સુધી કલ્યાણકારી યોજનાઓ લઈને પહોંચે છે. દીનદયાળ ઉપાદયાયજીએ આપણને અંત્યોદયનો માર્ગ દર્શાવ્યો હતો, જેમાં સમાજનાં છેવાડાના માણસના ઉત્થાનની વાત છે. આ વિચારમાંથી પ્રેરણા મેળવીને પ્રધાનમંત્રીના રાષ્ટ્ર નિર્માણના પ્રકલ્પો અન્વયે ૨૧મી સદીનુ ભારત અંત્યોદય માટે કામ કરી રહ્યું છે.

# શહેરના રામનાથપરા અને કાળીપાટ ગામે દારૂના ધંધાર્થી પર ત્રાટકતી પીસીબી

## ૪૮૪ બોટલ દારૂ સાથે જસદણના લાખાવાડ ગામના બુટલેગર ઝડપાયો, વીંછીયાના સપ્લાયર સહિત બેની શોધખોળ: ૨.૫૭ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ત્રણ સ્થળોએ વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં આંબેડકરનગર અને કાળીપાટ ગામે પીસીબી દ્વારા જ્યારે રામનાથ પરામાં એ ડિવિઝન પોલીસે દરોડો પાડી રૂપિયા ૫૮,૪૦૦ ની કિંમતના ૫૯૪ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે ત્યારે નાશે છૂટેલા બે શખ્સની શોધખોળ હાથ ધરી છે.વધુ વિગત મુજબ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દારૂ અને જુગાર ની બદી ડામી દેવા પોલીસ કમિશનર બ્રિજેશ ઝા એ આપેલી સૂચનાને પગલે પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે જસદણ તાલુકાના લાખાવડ ગામનો પ્રકાશ પૂર્વે પલુ દીપક ખીમસુરીયા નામનો શખ્સ જી જે ૧૩ ભલ ૩૪૯૪ નંબરની લફીશિં તૂશરકિંરમાં વિદેશી દારૂની ડિલિવરી કરવા આવી રહ્યાની એએસઆઈ મયુરભાઈ, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ અને કોન્સ્ટેબલ હિરેનભાઈ ને મળેલી બાતમીના આધારે



પીએસઆઈ એમ.જે. હુણ ,પી.બી. ત્રાજિયા સહિતના સ્ટાફે કાળીપાટ ગામ નજીક હોત ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતી આવતી કારને અટકાવી તલાસી લેતા રૂપિયા ૪૮૦૦૦ ની કિંમત ૪૮૦ બોટલ સાથે પ્રકાશ ઉર્ફે પલુ ખીમસુરીયા ની ધરપકડ કરી કાર મોબાઈલ અને દારૂ મળી ₹૨.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે ઝડપાયેલા સામે આજીડેમ ,ભાડલા,મોરબી, વાંકાનેર અને અમરેલી ગ્રામ્ય પોલીસ મથકના ચોપડે દારૂના અને ચોરીના ગુનામાં ચડી ચૂક્યો છે તેમજ ઝડપાયેલ શખ્સ પૂછપરછમાં દારૂનો જથ્થો વિછીયા તાલુકાના મોટા માત્રા ગામનો ઈશ્વર ઉર્ફે ઈશો બાવળીયા નામના શખ્સે મોકલ્યો હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરી છે.શહેરના ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકર નગર ૧૦/૦૮ ના કોર્નર પર રહેતો રમેશ લાલજી ડાંગર નામના શખ્સે પોતાના ઘરે વિદેશી દારૂ છુપાવ્યું હોવાની પી.સી.બી. ના કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર ને મળેલી બાતમીના આધારે એએસઆઈ એમ એમ પાલરીયા સહિતના સ્ટાફે દરોડો પાડી રૂપિયા ૪૪૦૦ ની કિંમતની ૪૪ બોટલ વિદેશી દારૂની સાથે રમેશ લાલા ડાંગર ની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### રામનાથપરામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો, બુટલેગર ફરાર

શહેર રામનાથપરામાં આરોગ્ય કેન્દ્રની સામે કોઠારીયા નાકા નજીક એ ડીવીજન પોલીસે દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની ૧૦ બોટલ જેની અંદાજિત કિંમત ૫૦૦૦ સાથે એક બુટલેગરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રામનાથપરા આરોગ્ય કેન્દ્રની સામે જાહેરમાં દારૂ વેચાતો હોવાની બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની નાની મોટી ૧૦ બોટલ મળી રૂ. ૫૦૦૦નો મુદ્દા માલ કબ્જે કર્યો હતો જયારે દરોડા દરમિયાન અજય મનસુખ બારૈયા નાશી છૂટ્યો હતો નાશી છૂટેલા આરોપીની ધરપકડ કરવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

# હત્યામાં મદદગારી કરનાર બે આરોપીના જામીન મંજૂર

## નવા થોરાળા વિસ્તારમાં બે માસ પૂર્વે નજીક બાબતે યુવકનું અપરણ કરી મોતને ઘાટ ઉતાર્યો હતો

**અબતક ,રાજકોટ**

નવા થોરાળા વિસ્તારમાં બે માસ પહેલા થયેલી હત્યાના ભાગતા ફરતા આરોપીઓને મદદગારી અને આશરો આપવાના ગુનામાં પકડાયેલા મહિલા સહિત બે આરોપીઓના જામીન મંજૂર કરવામાં આવ્યા છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં નવાથોરાળા ગોકુલપરામાં રહેતા નિતીન ઉર્ફે નિખીલ સોલંકી ગઈ તા.૨૦-૦૭- ૨૦૨૪ના ઘરના સગાને જાણ કર્યા વગર જતા રહ્યાના બે દિવસ બાદ નવા થોરાળાની પાછળ ગૌશાળાની સામે આજીનદીના કાંઠે ઘાસની જાળીમાંથી માથે અને શરીરે ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેની પોલીસ તપાસમાં આરોપી મનોજ ઉર્ફે મનીયો પ્રવીણભાઈ મકવાણા અને (૨) કરણ ઉર્ફે ફાટલ હેમતભાઈ રાઠોડે નિતીન ઉર્ફે નખીલ નાથો સોલંકી સાથે કોઈપણ કારણોસર ઝઘડો કરી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી મોત નીપજાવ્યું હોવાનું અને એક આરોપીને યોગેશ બાબુભાઈ ખીમસુરીયાના હોન્ડામાં નસાડી દેવા અને સુરેશ અમરાભાઈ મકવાણાના મેટોડા ખાતે આવેલ મકાનમાં મનોજ ઉર્ફે મનીયો અને કરણ ઉર્ફે ફોટેલને છુપાવીને આશરો આપેલ હોય તેમજ મનોજ ઉર્ફે મનીયોને જેલમાં રહેલા તેની મા હંસાબેન પ્રવિણભાઈ મકવાણાએ રૂા. ૩૫૦૦ આપીને ભાગી જવામાં મદદગારી કર્યાનું ખુલ્યું હતું. જે કામમાં જેલમાં રહેલા અને આશરો આપનાર સુરેશ ઉર્ફે રફીક અમરાભાઈ મકવાણા અને હંસાબેન પ્રવિણભાઈ મકવાણાએ રાજકોટની અદાલતમાં જામીન અરજી કરી હતી.જે કામમાં અરજદારોના વકીલ ભરત હીરાણીની દલીલો તેમજ રજૂ કરેલા હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈને અદાલતે બંને અરજદારોને રૂા. ૧૫ હજારના જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. આ કામમાં આરોપી વતી ભરત હીરાણી, દિવ્યેશ મહેતા, કિરીટસિંહ જાડેજા, દિપ વાઢેર, ઈરફાન સમા, પરેશભાઈ વરીયા, રાહુલ ભોજાણી, આસીસ્ટન્ટ મુકેશ મકવાણા રોકાયા હતા.

# યુવતી ઉપર દુષ્કર્મના ગુનામાં આરોપી જામીન મુકત

## પીડિતા દ્વારા પાછળથી ખોટી રીતે ઉભી કરી ફરિયાદ દાખલ કરી : બચાવ પક્ષ

**અબતક ,રાજકોટ**

શહેરમાં યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને જામીન મુકત કરવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતી યુવતીએ આરોપી ગાંધીગ્રામમાં રહેતા કશ્યપ રાજીવભાઈ સોલંકી વિરૂધ્ધ પ્ર.નનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ આચરી ધાક ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. તે ફરીયાદમાં ભોગ બનનારે જણાવ્યું હતું કે, આરોપીએ લગ્નની લાલચ આપી પ્રેમ સબંધ બાંધી ફરીયાદીને અલગ-અલગ હોટલોમા તેમજ આરોપીએ તેના ઘરે કોઈ હાજર ન હોય ત્યારે બોલાવી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો.

અને જો ફરીયાદ કરીશ તો જાન થી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. પોલીસે આરોપી કશ્યપની અટક કરતા આરોપીએ તેના વકીલ મારફત જામીન પર છુટવા માટે ડિસ્ટ્રીકટ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી.

જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી કશ્યપને જામીન મુકત કરવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી અશ્વિન ગોસાઈ, ચિત્રાંક એસ. વ્યાસ, નેહા પી. રાવલ, રવિ આર. મુલિયા, કશ્યપ પિ. ઠાકર, હાજીભાઈ કાંટેલીયા, બીનાબેન પટેલ, ભાવીન રુધાણી, યશ ભીડોરા, રિનાબેન શર્મા, અભી કામલીયા, સાગર પ્રજાપતી, રાજુભાઈ ગોસ્વામી, સચીન ગોસ્વામી અને વૈશાલીબેન ચાવડા રોકાયા હતા.

# અકસ્માતમાં મૃત્યુ પામનાર દંપતીના પરિવારને રૂ.૭.૯૮ લાખનું વળતર ચૂકવવા હુકમ

## જસદણ નજીક રોંગ સાઈડમાં આવતી એસટીના ચાલકે કાર સાથે અથડાવી અકસ્માત સર્જ્યો હતો

**અબતક ,રાજકોટ**

આટકોટ જસદણ રોડ ઉપર એસટી બસે મારુતિ કારને હડફેટે લેતા કમળાપુરના દંપતીનું મૃત્યુ અંગે કલેઈમ કેસમાં ટ્રિબ્યુનલના બંનેનું રૂપિયા ૭.૯૮ લાખ વ્યાજ સાથે ચૂકવવાના હુકમ સામે એસટી તંત્રએ કરેલી અપીલ હાઈકોર્ટ દ્વારા નામંજૂર કરીને ટ્રિબ્યુનલનો હુકમ કાયમ રાખ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, ગત તા.૨૬- ૦૬- ૧૯૯૯ના રોજ આટકોટ જસદણ રોડ પર પૂર ઝડપે દોડતી એસટી બસે રોંગ સાઈડમાં આવીને મારુતિ કારને હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં કમળાપુરના દંપતી કેશુભાઈ હીરાભાઈ રામાણી અને ચંદ્રીકાબેન રામાણીનું અકસ્માતમાં મૃત્યું થયું હતું. આથી બંન્ને ગુજરનારના વારસદારોએ મોટર એકિસડન્ટ કલેઈમ ટ્રિબ્યુનલ સમક્ષ કલેઈમ કેસો દાખલ કર્યા હતા. બંન્ને કેસોમાં અકસ્માત એસ.ટી. ચાલકના ડ્રાઈવરની બેદરકારીથી બનેલો હોવાનું ઠરાવીને બંન્ને કેસોમા અનુક્રમે વળતરની કુલ રકમ રૂા. ૩.૯૨ લાખ અને રૂા. ૪.૦૬ લાખ ૭.૫ % વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરાયો હતો.

એસ.ટી. કોર્પોરેશને આ ચુકાદાથી નારાજ થઈ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફર્સ્ટ અપીલ દાખલ કરી હતી. જે અપીલમાં એસ.ટી. કોર્પોરેશન તરફથી દલીલ કરવામાં આવેલ હતી કે, અકસ્માતમાં મારુતિ કારના ચાલકની બેદરકારી છે અને મારુતિ કારનો ચાલક સીગરેટ પીને ગાડી ચલાવતો હોય, તેઓનું બેલેન્સ ન રહેતા હાલનો અકસ્માત બનેલ છે અને ગુજરનારના મોટાભાઈ એ ડિપેડન્ટસની વ્યાખ્યામાં આવતા નથી. જેની સામે મૂળ અરજદારોના વકીલ પી.આર દેસાઈની દલીલો સાંભળી એસ.ટી. કોર્પોરેશનની બંને ફર્સ્ટ અપીલો ડિસમિસ કરી ટ્રિબ્યુનલના હુકમને કાયમ રાખ્યો છે.

# પરિણીતાને કાલાવડ સ્થિત સાસરીયાનો સિતમ

## આઠ વર્ષના લગ્ન જીવન બાદ ગમતી ન હોવાથી કુળવધુને ત્રાસ આપતા રિસામણે હતી

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ નજીક લક્ષ્મીના ઢોળે માવતરના ઘરે રિસામણે રહેલી પરિણીતાને આઠ વર્ષના લગ્ન જીવન બાદ 'તું ગમતી નથી તેમ કહી' કાલાવડ સ્થિત પતિ સહિત સાસરીયા ત્રાસ આપતા હોવાની યુનિ. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે તમામ સામે ગુનો નોંધી વિશેષ તપાસ માટે કાલાવડ પોલીસ મથકના મોકલવામાં આવી છે.

વધુ વિગત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક લક્ષ્મીના ઢોળે માવતરના ઘરે રહેતી જાગૃતિબેન હિતેષભાઈ ચંદ્રપાલ નામની પરિણીતાએ કાલાવડ ગામે વિકાસ કોલોની વંદના સ્કુલ સામે રહેતા પતિ હિતેશ ચંદ્રપાલ, સસરા ભીખાભાઈ મેપાભાઈ ચંદ્રપાલ, સાસુ પારુબેન ચંદ્રપાલ અને સંજય ભીખાભાઈ ચંદ્રપાલ સામે ધરેલું હિંસા હેઠળ ગુનો નોંધાયો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાગૃતિબેન ચંદ્રપાલના લગ્ન કાલાવડના હિતેશ ચંદ્રપાલ સાથે થયા હતા.

આઠ વર્ષના લગ્ન જીવન બાદ પરિણીતાને મેણા ટોણ મારી અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી મારકુટ કરી કાઢી મુકયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જામનગર જીલ્લાને એફ.આઈ.આર. ને મોકલી આપી છે.

# ૨.૮૦ કરોડની વેટ ચોરીમાં રજાક પતાણી નિર્દોષ

## નેશનલ સેલ્સ કોર્પોરેશન પેઢી દ્વારા ખોટા વ્યવહાર કરી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું હતું

**અબતક ,રાજકોટ**

શહેરના જિલ્લા ગાર્ડન ચોક નજીક ભાગ્યલક્ષ્મી કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલી નેશનલ સેલ્સ કોર્પોરેશન નામની પેઢી દ્વારા રૂ.૨.૮૦ કરોડની વેટ ચોરી કરી સરકારી તિજોરી ને નુકશાન કર્યાના કેસમાં અદાલતે અકરમ રજાક પતાણીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરના જિલ્લા ગાર્ડન ચોક નજીક ભાગ્યલક્ષ્મી કોમ્પ્લેક્સના પ્રથમ માળે આવેલ નેશનલ સેલ્સ કોર્પોરેશન નામની પેઢીમા કોટન, કપાસ, સોયાબીન અને ઓઈલના ફેર વેચાણ થતું હોવાનું ધ્યાને આવતા વાણિજ્ય વેરા નિરીક્ષક દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેની તપાસમાં વેપારી દ્વારા સરકારી આવકને નુકસાન કરવાના હેતુથી બોગસ બીલિંગ કરી વેરો ઉઘરાવી સરકારી તિજોરીમાં જમા ન કરાવી રૂ.૨.૮૦ કરોડની વેટ ચોરી કર્યાની પેઢીના સંચાલક અકરમ રજાક પતાણી વિરુદ્ધ ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં ૮ મૌખીક તથા ૧૦ દસ્તાવેજી પુરાવાઓ કોર્ટમાં તપાસેલા હતા. બચાવપક્ષના એડવોકેટ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આ કેસમાં જેટલા સાહેદોને તપાસવામાં આવેલા છે તેઓએ વેરા ચોરી બાબતની જાત માહિતી હોય એવું રેકડ પર આવેલ નથી. દસ્તાવેજો રજુ થયેલા દસ્તાવેજો સીસ્ટમમાંથી કાઢેલી પ્રીન્ટ પર આધાર રાખી આરોપીને સજા થઈ શકે નહી કારણ કે દસ્તાવેજમાં કન્ટેન્ટ પુરવાર કરવા પડે છે જે આ કામે પુરવાર થઈ શકેલ નથી. હાઈકોટ તથા સુપ્રિમકોટના ચુકાદાઓની છણાવટ કરેલી. કોર્ટે બચાવપક્ષના એડવોકેટની દલીલો ગ્રાહય રાખી અકરમ પતાણીને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ રઘુવીર આર. બસીયા, એમ.એસ.ડોડીયા અને સુધા કે. ચોવટીયા રોકાયા હતા.

# ચેક પરત ફરવામાં મિત્રને ૬ ટકા વ્યાજ સાથે રકમ ચૂકવવા કોર્ટનો હુકમ

## મિત્રતાના દાવે લીધેલી રકમ પરત કરવા આપેલો ૨૦ લાખનો ચેક રિટર્ન થયો હતો

**અબતક ,રાજકોટ**

રાજકોટમાં મિત્રતાના સંબંધે આપેલ હાથ-ઉછીના પરત કરવાનો રૂા. ૨૦ લાખનો ચેક પાછો ફરતા લેણી રકમ વસૂલવા દાખલ કરેલી સમરી સ્યુટમાં સ્મોલ કોઝ કોર્ટે રકમ ૬% વ્યાજ સાથે પરત ચુકવવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ, વરૂણ પ્રવીણચંદ્ર અધારાએ વિનોદ ભીમજીભાઈ પરસાણાને મિત્રતાના સંબંધના દાવે ૨૦૨૦ અને ૨૦૨૧ના વર્ષમાં ₹ ૧૦-૧૦ લાખ મળી કુલ રકમ રૂ. વીસ લાખ



હાથ-ઉછીના આપેલ અને તે અંગેની બે પ્રોમીસરી નોટ લખી આપી હતી. ત્યારબાદ વરુણ અધારાએ લેણી નીકળતી રકમ રૂા. વીસ લાખની ઉઘરાણી કરતા વિનોદ પરસાણાએ રૂપિયા ૨૦ લાખનો ચેક લખી આપેલ, જે ચેક વિનોદ પરસાણાના કહેવાથી બે વખત બેંકમાં રજૂ કરાયો હતો, પરંતુ બંને વખત''ફંડસ ઈન્સફિશિયન્ટ''ની નોંધ સાથે પરત ફર્યો હતો. આ અંગે લીગલ નોટિસ આપવા છતાં વિનોદ પરસાણાએ કાયદેસરની લેણી નીકળતી રકમ નહી ચુકવતા લેણદાર વરૂણ અધારાએ રાજકોટ સ્મોલ કોઝ કોર્ટ સમક્ષ સમરી સ્યુટ દાખલ કરી હતી. જે દાવો ચાલી જતા વાદી તરફે કરવામાં આવેલ દલીલો સાંભળી કોર્ટે વાદીને રકમ રૂા. ૨૦ લાખ વાર્ષિક ૬% ના વ્યાજ સાથે ચુકવી આપવાનો હુકમ કર્યો છે. આ કામમાં વાદી તરફે એડવોકેટ પાર્થ ડી. પીઠડીયા, વિરેન આઈ. વ્યાસ, પ્રતિક ડી. રાજયગુરૂ, કરણસિંહ એ. ડાભી, મહીપાલ એમ. સબાડ, કુલદીપ રામાનુજ, ભાવીન એન. ભટ્ટ, જીજ્ઞેશ સી. પંડયા તથા આસિસ્ટન્ટ તરીકે અંકીત વ. કુવાડીયા, પ્રશાંત ગોહેલ, ગૌરવ બોદુડે, હર્ષ પરમાર રોકાયા હતા.

# અટીકા ફાટક નજીક યુવાન પર ધોકા વડે હુમલો

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર રોડ અટીકા ફાટક નજીક રાજકમલ પેટ્રોલ પંપની સામે બેઠેલા યુવાનને બુટલેગરના પરિવાર જનોએ ધોકા પાઈપ વડે માર માર્યાની ભકિતનગર પોલીસ મથકમાં નોંધાઈ ફરિયાદ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ પુનિત નગર શેરી નંબર ૧૧ ગોંડલ ચોકડી વાવડી નજીક રહેતા સંજય કનુભાઈ પીઠવાએ ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતીકે પોતે ઢેબર રોડ અટીકા ફાટક નજીક રાજકમલ પેટ્રોલ પંપની સામે બેઠેલા હતા ત્યારે અચાનક પાછળથી કાના ગઢવીનો દીકરો, કાનો ગઢવી પોતે અને કાનાની દીકરી રહે ઢેબર રોડ અટીકા ફાટક નજીક વાળા આવી ધોકા વડે માર મારવામાં આવ્યો હતો અને કાનાની દીકરીએ ફરિયાદી સંજયને બળાત્કારના કેશમાં ફિટ કરાવી દઈશ અને જાનથી મારી નાખીસ તેવી ધમકી પણ આપી હતી સમગ્ર બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી બુટલેગર કાના ગઢવી અને તેના દીકરા દીકરીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# કુવાડવા ગામેથી ઘોડા ડોક્ટર શૈલેષ સાકરીયા ઝડપાયો

## નર્સિંગની ડિગ્રી ધરાવતા શખ્સે ચારેક માસથી તબીબી પ્રેક્ટિસ શરૂ કરતા એસઓજીએ ઝડપી લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળેથી વધુ એક ઘોડા ડોક્ટર ઝડપાયો છે. કુવાડવા ગામમાં જનઔષધી કેન્દ્રની સામે કિલનિક ચલાવતાં બોગસ તબીબને એસઓજીની ટીમે ઝડપી પાડ્યો હતો. નર્સિંગની ડિગ્રી ધરાવતો બારવણ ગામનો શૈલેષ સાકરીયા ચાર માસથી તબીબ બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાં લાગ્યો હતો.

એસઓજીની ટીમે મેડીકલ દવા સહિત રૂ.૩૦૭૨૭ નો મુદામાલ કબ્જે કર્યો હતો.દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસિયાએ લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં બોગસ તબીબોને પકડવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એન.વી.હરિયાણી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.

ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા સહિતના સ્ટાફને કુવાડવા ગામમાં આવેલ જનઔષધી કેન્દ્રની સામે એક બોગસ ડોકટર કિલનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કિલનિકમાં હાજર શખ્સનું નામ પૂછતા પોતે શૈલેષ ભગવાનજી સાકરીયા (ઉ.વ.૩૪),(રહે. બારવણ, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું

શૈલેષની પૂછતાછ કરતાં તેમની પાસે કોઈ મેડિકલ ડીગ્રી ન હોવાનું જણાવ્યું હતું અને તેમને નર્સિંગનો કોર્ષ કર્યા બાદ તે ડિગ્રીના આધારે કિલનિક ચલાવવા લાગ્યો હતો. આરોપી છેલ્લા ચાર માસથી દવાખાનું ચલાવતો હોવાની કબૂલાત આપી હતી. એસઓજીની ટીમે કિલનિકમાંથી અલગ અલગ મેડિકલ દવાઓ, સાધનો અને રોકડ મળી કુલ રૂ.૩૦૭૨૭ નો મુદ્દામાલ કબ્જે કરી કુવાડવા રોડ પોલીસ હવાલે કર્યો હતો.

# મુન્દ્રા પોર્ટના નામે રૂ. ૧.૫૮ લાખની છેતરપિંડી આચારનાર બે ભેજાબાજો અંજારથી ઝડપાયા

## ઈમ્પોર્ટ – એક્સપોર્ટના ધંધાર્થી મહિલાને સસ્તા ભાવે ખાંડ વેચવાની છે તેવું કહી રજીસ્ટ્રેશન ફીના નામે કરાઈ'તી ઠગાઈ

**અબતક, રાજકોટ**

મુંદ્રા અદાણી પોર્ટના ઓકશન વિભાગમાંથી વાત કરતા હોવાનું કહી રાજકોટના મહિલાને કિલોના રૂ.૨૨ના ભાવથી ખાંડનો જથ્થો આપવાનું કહી મહિલા સાથે રૂ.૧.૫૮ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. પોલીસે કચ્છના બે શખ્સને ઝડપી લઈ બંનેને બે દિવસના રિમાન્ડ પર લીધા હતા. રેલનગરમાં રહેતા નવીનભાઈ રસિકભાઈ વાઘેલા



(ઉ.વ.૩૯)એ છેતરપિંડી અંગે પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે દિપેશ અને અજય પ્રકાશ ચૌહાણ નામના વ્યક્તિ હોવાનું કહ્યું હતું.

દિપેશે મુંદ્રા અદાણી પોર્ટના ઓકશન વિભાગના રંજના મેડમના પીએ હોવાની ઓળખ આપી નવીનભાઈના પત્ની પાયલબેનને પોતાની જાળમાં ફસાવ્યા હતા અને ખાંડનો જથ્થો સસ્તામાં આપવાનું કહી રજિસ્ટ્રેશન ફીના નામે નવીનભાઈ પાસેથી રૂ.૧.૫૮ લાખ પડાવ્યા હતા.

આ અંગે ગુનો નોંધાયા બાદ એલસીબી ઝોન-૨ના પીએસઆઈ આર. એચ. ઝાલા સહિતની ટીમ હરકતમાં આવી હતી અને જે નંબર પરથી ફોન આવ્યા હતા તે ફોન નંબરના આધારે તપાસ કરતાં અંજાર તાલુકાના સિનોગ્રા ગામના અકબર ઉર્ફે આકલો ઓસમાણ જેઠડા (ઉ.વ.૩૩) તથા અંજારના દેવળિયા ગામના જાનમહમદભાઈ ઈસાભાઈ મથરા (ઉ.વ.૫૮)ની સંડોવણી ખૂલતા પીએસઆઈ ઝાલા સહિતની ટીમ દોડી ગઈ હતી અને અકબર તથા જાનમહમદને ઝડપી લઈ બંનેને બે દિવસના રિમાન્ડ પર લીધા હતા.

# જસદણના સાંથળીમાં પરિણીતાનો આપઘાત, પુત્રીને મારી નાખ્યાનો માવતરનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના સાંથળી ગામે પરિણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ગામમાં ચકચાર મચી જવા પામી છે. પરિણીતાના માતા-પિતાએ જમાઈએ પુત્રીને મારી નાખી હોવાનો આક્ષેપ કર્યો હતો કે, જમાઈ અવાર નવાર દારૂ પી ને પુત્રીને મારકૂટ કરી મારી નાખવાની ધમકી આપતો હતો. સગર્ભાવસ્થા દરમિયાન પણ મારકૂટ કરી હતી. પોલીસે આક્ષેપોના પગલે મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી ફોરેન્સિક પીએમ કરાવાયું છે.પ્રાપ્ત વિગત મુજબ કોટડા સાંગાણીના રામોદ ગામે માવતર ધરાવતી અને સાંથળી ગામે સાસરિયામાં રહેતી સુધાબહેન અનિલભાઈ પરમાર (ઉ.વ.૨૫) નામની પરિણીતાએ ગત સાંજે પોતાના ઘરે હતી ત્યારે ગળેફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં મોત નીપજ્યું હતું. બનાવની જાણ આટકોટ પોલીસને કરવામાં આવતા પોલીસ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવની જાણ કોટડા સાંગાણીના રામોદ ગામે રહેતા માવતર મોહનભાઈ હીરાભાઈ રાઠોડ અને વિજ્યાબહેન સહિતના પરિવારજનો પણ દોડી ગયા હતા અને જમાઈ અનિલ કાનાભાઈ પરમાર ઉપર આક્ષેપ કર્યો હતો કે, જમાઈ નશાની હાલતમાં અવાર-નવાર પુત્રીને મારકૂટ કરતા હતા અને સગર્ભાવસ્થા દરમિયાન પણ મારમાર્યો હતો. પુત્રી આવું પગલું ભરી ન શકે તેને મારી નાખી હોવાનું સણસણતો આક્ષેપ કરતા પોલીસે ફોરેન્સિક પીએમ કરાવ્યું છે. જેના રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ સામે આવી શકે છે.

તંત્રી લેખ

# ભાજપની ’ક્વીન’ સાંસદ હવે તેના માટે જ શીરદર્દ બની

બોલીવુડની ’ક્વીન’ અને મંડીથી બીજેપી સાંસદ કંગના રનૌત ભાજપ માટે મુશ્કેલી બની રહી છે. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં પાર્ટીએ તેના પર જુગાર ખેલ્યો હતો અને સિલ્વર સ્ક્રીનની આ મલ્લિકા નિરાશ ન થઈ. જીત્યા બાદ તે સંસદ પણ પહોંચી હતી. પરંતુ હવે તેમની સ્પષ્ટવક્તા અને દરેક મુદ્દા પર બોલવાની ટેવ ભાજપ માટે માથાનો દુખાવો વધારી રહી છે. પક્ષે ત્રણ કૃષિ કાયદાઓને પાછા લાવવાની જરૂરિયાત અંગેના તેમના નિવેદનથી પોતાને દૂર કર્યા છે જે રદ કરવામાં આવ્યા છે. હવે કંગના પણ તેના નિવેદનને અંગત ગણાવી રહી છે. દિલગીરી વ્યક્ત કરી.

છેલ્લા એક મહિનામાં આ બીજી વખત છે જ્યારે ભાજપે કંગના રનૌતના નિવેદનોથી પોતાને દૂર કર્યા છે. મંડીના સાંસદ તેના સ્પષ્ટવક્તા માટે જાણીતા છે. ભાજપમાં જોડાતા અને સાંસદ બનતા પહેલા તે ઘણીવાર પોતાના નિવેદનોને કારણે હેડલાઈન્સમાં રહેતી હતી. ક્યારેક બડાઈને કારણે પણ. હવે મેડમ સાંસદ બની ગયા પણ તેમણે દરેક મુદ્દા પર ખુલીને બોલવાની ટેવ ગુમાવી નહીં. પરિણામ એ છે કે ભાજપને સમયાંતરે અસ્વસ્થતા કરવામાં આવી રહી છે.

ગત વખતે તેમણે કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનને ભારતમાં ’બાંગ્લાદેશની જેમ સત્તા પરિવર્તન’ લાવવાનું ષડયંત્ર ગણાવ્યું હતું. આંદોલન દરમિયાન બળાત્કાર અને હત્યાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આક્ષેપો પણ સાચા હતા. પરંતુ વિપક્ષી પાર્ટીઓ અને ખેડૂત સંગઠનોની તીક્ષ્ણ પ્રતિક્રિયા પછી, ભાજપે તેમના નિવેદનથી માત્ર દૂર જ નથી લીધું પરંતુ તેમને સમજી વિચારીને બોલવાની સલાહ પણ આપી છે. પરંતુ કંગના કંગના છે. તે ભૂલી ગઈ કે હવે તે રાજકારણમાં છે જ્યાં ક્યારેક ’કડવું સત્ય’ બોલવુ પણ ગુનો બની શકે છે. સ્પષ્ટવક્તા પણ મૂર્ખતા હોઈ શકે છે. કંગના દ્વારા બોલવામાં આવેલા ’કડવું સત્ય’થી પોતાને દૂર રાખનારી પાર્ટી કેવી રીતે પોતાના ટોચના નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિર્ણય પરત લેવાની વાત કરવા દે.

વાસ્તવમાં, મંગળવારે કંગનાએ કહ્યું કે ત્રણેય કૃષિ કાયદા ખેડૂતો માટે ફાયદાકારક છે, અને તેમને ફરીથી લાગુ કરવા જોઈએ. તેમણે કહ્યું કે કેટલાક રાજ્યોમાં ખેડૂત જૂથોના વિરોધને કારણે સરકારે કાયદાને રદ્દ કરી દીધા હતા. તેઓ જાણતા હતા કે નિવેદન પર વિવાદ થશે. તેમણે કહ્યું, ’હું જાણું છું કે આ નિવેદન વિવાદાસ્પદ હોઈ શકે છે, પરંતુ ત્રણ કૃષિ કાયદા પાછા લાવવા જોઈએ. ખેડૂતોએ જાતે જ આ માંગ કરવી જોઈએ. તેણીએ ખેડૂતોને અપીલ કરી કે તેઓ ત્રણ કૃષિ કાયદાઓને પાછા લાવવાની માંગ કરે જે તેમના પોતાના સુખાકારી માટે રદ કરવામાં આવ્યા હતા, ભાજપ કંગનાના નિવેદનથી એટલો વ્યથિત હતો કે તેણે તેના પોતાના સાંસદના શબ્દોની નિંદા કરવી પડી. ઉતાવળમાં, પાર્ટીના પ્રવકતા ગૌરવ ભાટિયાએ કહ્યું, ’સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર, બીજેપી સાંસદ કંગના રનૌતનું કેન્દ્ર સરકાર દ્વારા પાછા ખેંચવામાં આવેલા કૃષિ બિલ પરનું નિવેદન વાયરલ થઈ રહ્યું છે.

સિવિલ હોસ્પિટલના લાભાર્થે

# દર્શન અને મારવાડી યુનિ.ના રકતદાન કેમ્પમાં ૪૪૩ બોટલ રકત એકત્રિત

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી ગઈકાલે શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી દર્શન યુનિ. અને મારવાડી યુનિ. માં યોજાયેલ મહારકતદાન કેમ્પમાં કુલ ૪૪૩ (મારવાડી યુનિ. નું ૩૩૦ બ્લડ બોટલ્સ, દર્શન યુનિ. ૧૨૩ બ્લડ બોટલ્સ) અર્પણ કરવામાં આવેલ છે.

આ કેમ્પમા મારવાડી યુનિ.ના પ્રો. વી.સી.ડો. રાજેન્દ્રસિંહ બી. જાડેજા, રજીસ્ટ્રાર નરેશ જાડેજા, રમતગમત ડીરેકટર ડો. જહાનવી ઈચ્છાપોરિયા, પ્રો. ડો. તારક વોરા, એન.એસ.એસ. પી.ઓ. પ્રો. કિશન સાવલીયા, પ્રો. કૃતિ રાઠોડ, લેફટરનન્ટ સુનિલકુમાર અને એડમીન વિભાગ જયંત રાવલ અને ટીમ એન.એસ.એસ. અને એન.સી.સી. તેમજ દર્શન યુનિ. ના પ્રેસીડેન્ટ ડો. રમણીક ધમસાણીયા, પ્રો. (વી.કે.) ડો. મનીષ સંઘાણી, દર્શન યુનિફ. પરીવાર, શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી વગેરેએ માનવ સેવા આપેલી હતી.



# જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિ.માં રવિવારે મેડિકલ કેમ્પ

## વિવિધ રોગની સારવાર માટે અનુભવી ડોકટરોની ટીમ આપશે સેવા

**અબતક,રાજકોટ**

જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ, જે સૌરાષ્ટ્ર ની એક માત્ર ટ્રસ્ટ સંચાલિત સુપર મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ છે. જે અત્યાધુનિક ૨૪ કલાક ૩૬૫ દિવસ કાર્યરત હોસ્પિટલ છે.

શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલમાં સૌરાષ્ટ્ર ના નામાંકિત સ્પેશિલિસ્ટ અને સુપર સ્પેશિલિસ્ટ ડોક્ટર ની ટીમ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પ તા૨૯/૦૯ ને સમય:૯:૩૦ થી ૦૧:૦૦ વગ્યા સુધી જેમાં ઓ.પી.ડી. ફ્રી અને ઓપરેશન માં ૫૦% રાહત અને લેબ રીપોર્ટ માં ૩૦% જેટલી રાહત મળશે.

હર હંમેશને માટે લોકોના આરોગ્ય સુખાકારી માટે અગ્રેસર રહેતી કે જે સૌરાષ્ટ્રની એક માત્ર ટ્રસ્ટ સંચાલિત સુપર મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ છે. જે શહેરના હાર્દ સમા વિસ્તાર પંચવટી સાસોયટી ખાતે આવેલી શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક માં સૌરાષ્ટ્ર ના નામાંકિત સ્પેશિલિસ્ટ અને સુપર સ્પેશિલિસ્ટ ડોક્ટરની ટીમ અનુભવી સાથેની સેવારત છે.

ન્યુરો સર્જન, ડો.નિધિકુમાર પટેલ દ્વારા મગજ ને લગતી તમામ સારવાર જેવી કે બ્રેન ટ્યુમર માથાનો દુખાવો કરોડરજ્જૂ માં દુખાવો તથા ટ્રોક યુનિટ તથા પેરાલીસીસ તથા હેમરેજ જેવી આધુનિક ઢબે સારવાર આપનાર ન્યુરો સર્જન. આધુનિક સારવાર ઈ.સી.યુ ની ટીમ પી એમ.જય યોજના અંતર્ગત સારવાર ઉપલબ્ધ છે.

યુરોલોજિસ્ટ, ડો.સુશીલ કારિયા દ્વારા કિડની, પ્રોસ્ટેટ ગ્રંથિના કેન્સર, પેશાબ ની કોથળી અને પથરીના દર્દોની સમસ્યાનું નિદાન અને ઉપચાર કરવામાં આવશે. તથા એમ.ડી.ફીઝીશયનઃ- ડો. ભીષ્મ વૈષ્ણવ દ્વારા તાવ,શરદી,ઉધરસ,ડેન્ગ્યુ,મેલેરિયા, શ્વાશ લેવામાં તકલીફ હોય.બી.પી.ડાયાબિટીસ, કોઈપણ પ્રકાર નું ઈંફેક્શન, ચક્કર આવતા હોય ભૂખ ના લગતી હોય.હાથ પગમાં સોજા ચડતા હોય,હિમોગ્લોબીન ઓછું હોય થાક લાગતો, જેવી તમામ બીમારી ની સારવાર અપાશે

ઓર્થોપેડિક સર્જનઃ ડો.પ્રકાશ વાછાણી દ્વારા કુમળા હાડકાની ઈજા થઈ હોય, ઘૂંટણ ની ઢાંકણી ખસી ગઈ હોય, આ ઉપરાંત ખભા નો સાંધો બદલવાના ઓપરેશન, સ્નાયુ કે તાણિયાની ઈજા, ખભો જકડાઈ, ખભો વારંવાર ખસી જાય છે, હાડકા ને લગતી તમામ બીમારી નિષ્ણાત ડોકટરો ની ટિમ દ્વારા સારવાર અપાશે

ઈ.એન.ટી.સર્જન : ડો હિમાંશુ ઠક્કર દ્વારા જેઓ કાન ના રોગો જેવા જે કાન ના રસી, કાન ના પડદા ના કાણા, હાડકી નો સડો, કાન ના તમરા, ચક્કર, કાન ની બહેરાશ, નાક ના મસા, સાયનસ, એલર્જી, નાક ની ત્રાંસી હાડકી, નસકોરા આંખમાંથી સતત પાણી નીકળવું એટલે કે નાકસુર વિગેરેનું આધુનીક દુરબીન વડે ચેકા ટાંકા વગરનું ઓપરેશન જેવા રોગોનુંદુરબીન વડે નિદાન કરાશે.

લેબોરેટરી જેવી તમામ સુવિધાઓ ૨૪ કલાક કાર્યરત છે. આ કપરા સમ દરમિયાન સર્વે નાગરિકો સ્વસ્થ રહે તેવી અભ્યર્થના સાથે જલારામ રઘુકુળ સાર્વજનીક હોસ્પિટલના સર્વે ડોકટર સર્વે સ્ટાફ દર્દીનારાયણની સેવાઓમાં અવિરત તત્પર રહે છે. એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ છે.

વધુ માહિતી અને એપોઈન્ટમેન્ટ માટે જલારામ રઘુકુળ સાર્વજનીક હોસ્પિટલ, પંચવટી સોસાયટી શ્રીનાથજી ટાવર પાછળ અમીન માર્ગ રાજકોટ ખાતે મો.નં. ૭૮૭૪૬૦૯૦૦૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# શસ્ત્રપુજન કાર્યક્રમને લઈને રઘુવંશી યુવા શકિત સંઘની યોજાઈ બેઠક

**અબતક, રાજકોટ**



રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબ જ ઉત્સાહ સાથે રાજકોટ શહેર ખાતે રઘુવંશી સમાજનું ઐતિહાસિક ‘‘શસ્ત્રપૂજન‘‘ થવા જઈ રહ્યું છે.

સંગઠનની અમદાવાદ જિલ્લા ટિમ દ્વારા સભ્યો માટે ‘‘ લોહાણા (રઘુવંશી) વિદ્યાર્થીભવન‘‘ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગનું નેતૃત્વ રાજકોટ શહેરના પૂર્વ પ્રમુખ અને અમદાવાદ જિલ્લાના પ્રભારી પ્રિન્સભાઈ રૂપારેલીયાએ સાંભળ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ હાજરી આપી હતી તેમજ ગયા વર્ષે પણ સંગઠન દ્વારા આયોજિત શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હાજર રહ્યા હતા. આ વર્ષે પણ સંગઠન દ્વારા ૧૧૦૦ રઘુવંશી યુવાનો સાથે મળીને આ ઈતિહાસિક કાર્યને સફળ બનાવવાના છે. આથી અમદાવાદ જિલ્લામાંથી બહોળી સંખ્યામાં યુવાનો જોડાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે..

આ મિટિંગમાં રઘુવંશી (લોહાણા) વિદ્યાર્થી ભવનના ટ્રસ્ટી વીરેન્દ્રભાઈ ગઢિયા, કારોબારી સભ્ય ભરતભાઈ માવાણી , વિદ્યાર્થી નેતા રાજનભાઈ ઠક્કર , તોફાની તાંડવ પરિવારના અગ્રણી જીગરભાઈ ઠક્કર તેમજ યુવા અગ્રણીઓ હાજર રહ્યા હતા.આ શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લામાંથી જોડાવવા ઈચ્છુક રઘુવંશી યુવાનએ આપેલ મો. નં. :+૯૧ ૭૦૪૬૬ ૧૮૩૫૭ પર કોલ કરીને રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

# સોમવારે બરવાળામાં વિજ્ઞાન જાથાનો લોકજાગૃતિ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

બોટાદ જિલ્લાના બરવાળા ગામમાં એમએસબી અને કેબીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં ૩૫૦ છાત્રાઓ, વાલીમાં અંધશ્રદધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સભાખંડમાં યોજાવાનો છે. જેમાં જાથાના રાજય ચેરમેન, એડવોકેટ જયંત પંડયા ધારદાર વકતવ્ય આપી ભૂત, પ્રેત, વળગાડ, જીન્નાત, ઈલમની ભ્રામકતાની વાત કરી વૈજ્ઞાનિક સમજ આપશે. બરવાળા પોલીસ સ્ટેશને ખાસ બંદોબસ્ત ફાળવ્યો છે.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદઘતિથી ઉઘાટન હાઈસ્કૂલના આચાર્ય સોની કેતનભાઈ જી. ઊંડવીયા અને શૈક્ષણિક સ્ટાફની હાજરીમાં કરવામાં આવશે. આગેવાનો, વાલી હાજરી આપવાના છે.

ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાં કંકુ-ભસ્મ, લોહી નીકળવું, શ્રીફળનું આપોઆપ સળગવું, અગ્નિ સ્વયંભુ પ્રગટવું, ભુવાની સાંકળ મારવાની ડીંડકલીલા, ધૂણવું-સવારીની ધતિંગલીલા, બોલતું તાવિજ, નજરબંધી, હઝરતમાં જોવું, જીભની આરપાર ત્રિશુલ નાખવું, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, કાનેથી ચિઠ્ઠી વાંચવી, મનગમતી મીઠાઈ ખવડાવવી, વશીકરણ વિગેરેનું પોલખોલ કરી શીખડાવી દેવામાં આવશે. આ અભુત કાર્યક્રમ બરવાળામાં સોમવાર તા. ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શાળાના સભાખંડમાં યોજાવાનો છે.

# ભટ્ટી પરિવારના કુલદીપક જયવીરનો આજે જન્મદિવસ



રાજકોટના સામાજિક આગેવાન અને સામાજિક સેવા ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા નિકુંજભાઈ ભટ્ટી ના કુલદીપક જયવીર નો આજે પ્રથમ જન્મદિવસ હોય બીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરનાર જયવીર ના પપ્પા નિકુંજ ભાઈ મમ્મી ધર્મિષ્ઠાબેન દાદા રમેશભાઈ દાદીમાં ભાવનાબેન ફઈબા મયુરીબેન સુરભીબેન અને ભાણેજ રાજવીર ભાઈ જયવીરને આશીર્વાદ સાથે જન્મદિવસની પૂજા પ્રાર્થના અને દાન કાર્ય સાથે ઉજવણી કરી હતી.

# ભાજપ હ્યુમન રાઈટસ સેલના એડવોકેટ મયુર ભટ્ટનો જન્મદિવસ



ભારતીય જનતા પાર્ટીના હ્યુમન રાઈટસ સેલના રાજકોટ શહેર કારોબારી સભ્ય એડવોકેટ મયુરકુમાર દિલીપકુમાર નો આજે જન્મ દિવસ છે. તેઓ બગથળા તા.જી. મોરબીના વતની છે. હાલ ઉચ્ચ શૈક્ષણિક કારકીર્દી માટે રાજકોટ આવેલ રાજકોટના મહાત્મા ગાંધી સ્કુલ, સૌરાષ્ટ્ર યુનિ.માં ગ્રેજયુએશન તેમજ એલ.એલ.બી. સુધી અભ્યાસ કરી રાજકોટને જ કાર્યક્ષેત્ર બનાવી વકીલાત શરુઆત કરેલ.રાજકોટમાં ભાજપના કાર્યકતા તરીકે ૧૯૯૮ થી બુથના નાનામાં નાના કાર્યરતથી બુથ પ્રમુખ, બુથવાલીથી જવાબદારી પણ નિભાવેલ અને હાલ રાજકોટ શહેર હ્મુમન રાઈટસ રાઈટસ સેલના કારોબારી સભ્ય, ઈલેકટશન સેલના સભ્ય, રાજકોટ લીગલ સેલના સભ્ય, આર્થીક સેલ સભ્ય જેવી અનેક જવાબદારી ખુબ જ નાની ઉમરે નિભાવતા પ્રતિબધ્ધ કાર્યકર તરીકે સામાજીક જીવનમાં યોગદાન આપી રહ્યાં છે. રાજકીય ઉપરાંત અનેક સેવાકીય પ્રવૃતિઓમાં પણ પુર્ણ યોગદાન આપી રહ્યાં છે. તમામ ચૂંટણીઓમાં મતદાનના દિવસે તેમજ રાજકોટ શહેર ભાજપના મધ્યસ્થ ચુંટણી કાર્યાલય ખાતે ભાજપ લીગલ સેલને આચારસંહિતા, કાયદાકીય અને ચુંટણીલક્ષી વ્યવસ્થાના સંદર્ભમાં કામગીરી સોંપવામાં આવેલ હોય છે. આ વ્યવસ્થા મયુર ભટ્ટ અગ્રેસર રહી આ કામગીરી સુપેરે નિભાવી હોય છે. તેમજ પ્રતિષ્ઠિત એડવોકેટ અને રાજકોટ શહેર મહામંત્રી ડો. માધવભાઈ દવેને જુનીયર તરીકે કામગીરી કરી રહ્યા છે. આજે જન્મદિવસ નિમીતે ભાજપના વરિષ્ઠ આગેવાનો તથા કાર્યકર્તાઓ તથા વકીલ મિત્રો દ્વારા મો. નં. ૯૮૨૫૪ ૩૦૩૩૪ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

`સેવા પરમો ધર્મ

# સેવા પખવાડાના કાર્યક્રમો માટે કમર કસતુ જિલ્લા ભાજપ

## વિવિધ જગ્યાએ સ્વચ્છતા અભિયાન રકતદાન કેમ્પ યોજાયો

**અબતક,રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીનો તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ હતો, જેને ભારતીય જનતા પાર્ટી સેવા પખવાડા તરીકે ઉજવણી કરે છે. સેવા પરમો ધર્મના સિધ્ધાંતને પરિપૂર્ણ કરીને, વડાપ્રધાન ના નેતૃત્વમાં સમાજના ગરીબ, શોષિત અને વંચિત વર્ગના ઉત્થાન માટે ઘણા નોંધપાત્ર કાર્યો થઈ રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસે સેવા પખવાડા તરીકે અનેક સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરીને આપણે સૌ તેના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરીએ છીએ. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીની સુચના અનુસાર, સેવા પખવાડા, પંડિત દિનદયાળ ઉપાધ્યાય જયંતી અને ગાંધી જયંતી દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન થવાનું છે.

આ વિવિધ કાર્યક્રમો અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની આગેવાનીમાં



રાજકોટ જીલ્લાના તમામ મંડલમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ અંતર્ગત તા.૧૭ થી ૧૯ સપ્ટેમ્બરના રોજ વિધાનસભાના સહ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા જેમાં ૭૫-ધોરાજી-ઉપલેટા વિધાનસભામાં ધોરાજી ખાતે, જેતપુર શહેર ખાતે ૭૪-જેતપુર-જામકંડોરણા, ગોંડલ શહેર ખાતે ૭૩-ગોંડલ, જસદણ શહેર ખાતે ૭૨-જસદણ અને કોટડાસાંગાણી, લોધિકા, કુવાડવા અને સરધાર ખાતે ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભાનો રક્તદાન કેમ્પ યોજાયો હતો. તા.૧૮મી સપ્ટેમ્બરથી ૨૪મી સપ્ટેમ્બર સુધી શાળા અને હોસ્પિટલના પરિસરોમાં સ્વચ્છતા અભિયાન, તા.૨૩ સપ્ટેમ્બરે આયુષ્યમાન ભારત યોજનાની શરૂઆતના દિવસે દરેક વિધાનસભા મતવિસ્તારમાં ૬૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે નિઃશુલ્ક તબીબી પરીક્ષણ શિબિરનું આયોજન, તમામ મંડલમાં શાળા, હોસ્પિટલના પરિસર અને જાહેર સ્થળ પર સ્વચ્છતા અભિયાનનું આયોજન, કરવામાં આવ્યું છે ત્યારે ૨ ઓકટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે ગાંધીજીની પ્રતિમાને સ્વચ્છ કરી તેમને પુષ્પાંજલિ અર્પણ કરી જાહેર સ્થળો પર સ્વચ્છતા અભિયાન કરવામાં આવશે.

# ડ્રીમ સિટીનો મહિલાઓએ આપ્યો સ્વચ્છતાનો સંદેશ



સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આજે કણકોટ રોડ સ્થિત ડ્રીમ સિટીમાં યોગ ટ્રેનર સોનલબેન અને ક્લાસની બહેનો દ્વારા આસપાસના વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.મહિલાઓએ સાફઈ માટે ખૂબ સારો સંદેશ આપ્યો હતો.

રાજકોટનું ગૌરવ

# અમદાવાદ ખાતે ફુટબોલ ટુર્નામેન્ટ પરીક્ષામાં મનીન્દર કેસપ ઝળકયો

**અબતક, રાજકોટ**





ગુજરાત સ્ટેટ ફુટબોલ એસો. દ્વારા ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન માન્ય ટુર્નામેન્ટ માટે મેચ કમિશ્નરની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવામાં આવેલ. જેમાં ગુજરાતભરમાંથી કુલ ૧૦ મેમ્બરોએ પરીક્ષા આપી હતી. જેમાં રાજકોટની કુ. મનીન્દર કેસપ, ધર્મેન્સિંહ ચુડાસમા, ભાવનગર તથા તરનુમ શેખ, બરોડા ત્રણ મેમ્બરો પાસ થયેલ છે. જેઓ ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશનમાં ફાઈનલ પરીક્ષા આપવા જશે. પાસ થયેલ મેમ્બરોને એસોસિ.ના હોદારો સર્વે ગુણુભાઈ ડેલાવાળા, ડી. વી. મહેતા, બી. કે. જાડેજા, મુકેશ બુંદેલા, રોહીત બુંદેલા, જીવણસિંહ બારડ, અજય ભટ્ટ, અમૃતલાલ બહુરાશી, ધર્મેશ છત્રોલા, રાજેશ ચૌહાણ, શિવરાજસિંહ ચાવડા, રાફેલ ડાભી, રોહિત પંડિત, દિપક યશવંતે અને ઉપેન્સિંહ ઝાલા વગેરે સભ્યોએ શુભેચ્છા પાઠવેલ છે.

## ત્રંબા બાદ કનકનગરમાં ચોરીના બનાવથી કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર ઉઠતા સવાલ

# આઈ સ્પીડ કુરિયર પેઢીના બારણાંનો નકુચો તોડી રૂ. ૪.૬૦ લાખની રોકડની ચોરી

## ક્રાઈમ બ્રાન્ચ સહિતનો કાફલો દોડી ગયો : સીસીટીવી ફૂટેજના આધારે એક શખ્સને 'ઉપાડી' લેવાયો








**અબતક, રાજકોટ**

તસ્કરો રાજકોટ શહેર પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ એક પછી એક ચોરીના બનાવ સામે આવ્યા છે. ત્યારે ગત એક જ રાતમાં તસ્કરોએ બે સ્થળે તરખાટ મચાવતા પોલીસ દોડતી થઈ છે. એકબાજુ શહેરની ભાગોળે આવેલ ત્રંબા ગામના રહેણાંક મકાનમાંથી ૮ તોલા સોનુ અને રૂ. ૫૦ હજારની રોકડ ઉઠાવી તસ્કરો ફરાર થઈ જતાં આજીડેમ પોલીસ અને એલસીબી ઝોન-૧ની ટીમો દોડતી થઈ છે તો બીજી બાજુ થોરાળા પોલીસ હેઠળ આવતા કનકનગર વિસ્તારમાં આવેલી આઈ સ્પીડ કુરિયર નામની પેઢીમાંથી રૂ. ૪.૬૦ લાખની રોકડ ઉઠાવી તસ્કર ફરાર થઈ જતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમો કામે લાગી હતી. દરમિયાન સીસીટીવીમાં કેદ થયેલા તસ્કરની શોધખોળ શરૂ કરતા ક્રાઈમ બ્રાન્ચે એક શંકાસ્પદ શખ્સને ઉઠાવી લીધાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર થોરાળા પોલીસની હદમાં આવતા કનકનગર શેરી નંબર ૯/૧૧ ના ખૂણે આવેલી આઈ સ્પીડ કુરિયર સર્વિસની ઓફિસમાં ચોરીની ઘટના બની હતી. રાત્રીના અંદાજિત ૮:૩૦ વાગ્યે કુરિયર પેઢીના માલિક હર્ષ ભરતભાઈ પડીયા તાળું મારીને ઘરે જતાં રહ્યા હતા. જે બાદ રાત્રીના અંદાજિત ૩:૧૫ વાગ્યે દીવાલ કૂદીને તસ્કરે પ્રવેશ કર્યો હતો અને ત્યારબાદ કટર વડે ઓફિસના બારણાંનું નકુચો તોડી ચોરીને અંજામ આપવામાં આવી હતી. તસ્કરે પેઢીની ઓફિસના ખાનામાં પડેલ રોકડ રૂ. ૪.૬૦ લાખ અને રૂ. ૫ હજારની કિંમતનો ચાંદીનો કંદોરાની ઉઠાંતરી કરી હતી. તસ્કરે ૨૦ મિનિટમાં આ ચોરીને અંજામ આપ્યો હતો. સવારે હર્ષ પડીયાની માતાએ બારણાનું તાળું ખુલ્લું જોતા પતિને પૂછ્યું હતું કે, કાલે રાત્રે હર્ષ તાળું મારતા ભૂલી ગયો હતો કે કેમ? જેથી હર્ષના પિતા ભરતભાઈએ ઓફિસમાં જઈને જોતા કબાટના બારણા ખુલ્લા જોવા મળ્યા હતા તેમજ તમામ સામાન વેર વિખેર જોવા મળ્યો હતો. જેથી ખાનું ચેક કરતા તેમાં રોકડ રકમ મળી આવી ન હતી. જે બાદ સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવતા તસ્કર સીસીટીવીમાં કેદ થયાંનું સામે આવ્યું હતું. જે બાદ તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતા ક્રાઈમ બ્રાન્ચ અને થોરાળા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ એલ ડામોરની ટીમે સીસીટીવી ફૂટેજ મેળવી તસ્કરનહીં પગેરું શોધવા તજવીજ હાથ ધરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તસ્કર રાજારામ સોસાયટી તરફથી આવતો જોવા મળ્યો હતો અને ચોરીને અંજામ આપ્યા બાદ પણ રાજારામ સોસાયટી તરફ જતો જોવા મળ્યો હતો. તસ્કરનું પગેરું મળી આવતા ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ શોધખોળ શરૂ કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લાલપરી વિસ્તારમાંથી એક શંકાસ્પદ શખ્સને ઉઠાવી લેવામાં આવ્યો છે. જો કે, હજુ સુધી પોલીસ દ્વારા આ અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

### પીસીબી, ડીસીબીથી માંડી ડિવિઝનો દારૂ – જુગારના દરોડા પાડવામાં વ્યસ્ત હોવાથી તસ્કરોને મોકળું મેદાન

અમદાવાદ, સુરતની જેમ રાજકોટમાં પણ પ્રિવેંશન ઓફ ક્રાઈમ બ્રાન્ચને મજબૂત બનાવ્યા બાદ પીસીબી સતત દારૂ-જુગારના દરોડા પાડી રહી છે. ત્યારે પીસીબીના પગલે ડીસીબી અને ડિવિઝનો પણ 'નાક' બચાવવા દારૂ-જુગારના દરોડા પાડવામાં વ્યસ્ત થઈ ગઈ હોવાથી તસ્કરોને મોકળું મેદાન મળી જતાં તસ્કરોએ એક જ દિવસમાં બે ચોરીને અંજામ આપી દેતા પોલીસ દોડતી થઈ છે.

# અમેરિકાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસના કાર્યાલય ઉપર ગોળીબાર

## એરિઝોનાની ઘટના : બનાવ વખતે કોઈ ઓફિસમાં હાજર ન હતું

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાના એરિઝોનામાં ઉપરાષ્ટ્રપતિ અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસના પ્રચાર કાર્યાલયમાં ગોળીબાર થયો હતો. પોલીસે આ વાતની પુષ્ટિ કરી છે. મધરાત પછી કોઈએ ગોળીબાર કર્યો. જોકે આ દરમિયાન ઓફિસની અંદર કોઈ હાજર નહોતું, પરંતુ આ ઘટના બાદ બિલ્ડિંગની અંદર કામ કરતા અને નજીકમાં રહેતા લોકોની સુરક્ષા અંગે ચિંતા થઈ હતી. તપાસકર્તાઓ હવે ઘટના સ્થળે પુરાવા એકત્ર કરી રહ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં કર્મચારીઓ અને અન્ય લોકોની સુરક્ષા વધારવા માટે વધારાના પગલાં લેવામાં આવી રહ્યા છે. ઓફિસમાં કામ કરતા કર્મચારીઓએ ફાયરિંગની જાણ કરી હતી. તેણે કહ્યું કે એવું લાગે છે કે આગળની બારીઓમાંથી ગોળી ચલાવવામાં આવી હતી. ઓફિસમાં બીજી વખત આવી ઘટના બની છે. પોલીસે જણાવ્યું હતુ કે અગાઉ ૧૬ સપ્ટેમ્બરે મધ્યરાત્રિના થોડા સમય પછી, આગળની બારીઓ પર બીબી ગન અથવા પેલેટ ગનથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ બંને ઘટનાઓ બાદ કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ ઘટના પૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ પર બીજા હત્યાના પ્રયાસના થોડા સમય બાદ બની હતી. આ ઘટનામાં હવાઈના રહેવાસી રેયાન રાઉથની ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલા પેન્સિલવેનિયામાં એક રેલી દરમિયાન ટ્રમ્પ પર ગોળી ચલાવવામાં આવી હતી, જેમાં તેઓ બચી ગયા હતા. ૨૦ વર્ષીય થોમસ મેથ્યુ ક્રૂક્સે રેલી દરમિયાન ટ્રમ્પ અને અન્ય બે લોકો પર ગોળીબાર કર્યો હતો. જોકે, બાદમાં ક્રૂક્સને સ્નાઈપર્સ દ્વારા મારી નાખવામાં આવ્યો હતો.

## ચિલ્ડ્રન યુનિ. ખાતે

# બાળકના વ્યક્તિત્વ વિકાસમાં બાળ સાહિત્યના મહત્વ અંગે યોજાયું વ્યાખ્યાન

## બાળકના સર્વાંગી વિકાસ માટે ડો.રમણ સોનીએ આપ્યું માર્ગદર્શન





**અબતક, રાજકોટ**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના બાળસાહિત્ય, ફિલ્મ, મ્યુઝિયમ અને શારીરિક શિક્ષણ વિભાગ અંતર્ગત બાળવ્યક્તિત્વ વિકાસ વ્યાખ્યાન શ્રેણી શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે યોજાયેલા કૃતાર્થ કાર્યક્રમમાં સૂચિતઆ વ્યાખ્યાન શ્રેણી શરૂ થઈ છે. તેના પ્રથમ સોપાનમાં ''બાળકના વ્યક્તિત્વ વિકાસમાં બાળસાહિત્યની ભૂમિકા''એ અંગે જાણીતા સાહિત્યકાર, વિવેચક અને અનુવાદક પ્રોફેસર ડો.રમણ સોનીએ વ્યાખ્યાન આપ્યું હતું.

પ્રો.રમણ સોનીએ પોતાના વ્યાખ્યાનમાં બાળકનું વ્યક્તિત્વ સર્વાંગ સંપૂર્ણ બનાવવા માટે તેના પ્રારંભિક તબક્કાથી જ સાહિત્યનું વાતાવરણ કેવું કામ કરે છે. તેની ઉદાહરણ સાથે વાત કરી હતી. લગભગ બે કલાકના આ કાર્યક્રમમાં વ્યાખ્યાન બાદ શિક્ષકોની પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી.

કુલપતિ પ્રો.સંજય ગુપ્તાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાના શિક્ષક પ્રતિનિધિ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વિદ્યાવાટિકામાં અભ્યાસ કરતા બાળકોનાં માતા-પિતા, શિશુ પરામર્શ વિભાગના બહેનો, તપોવન કેન્દ્રના બહેનો તથા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધ્યાપકો હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં નિહિત આ વિષયને ૧૫૦થી પણ વધુ સહભાગીઓએ ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડો.સંજય પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# કર્ણાટકમાં જમીન કૌભાંડ મુદ્દે મુખ્યમંત્રી વિરુદ્ધ કેસ નોંધવા કોર્ટનો નિર્દેશ

## મૈસુર લોકાયુક્ત પોલીસને તપાસ કરી ૩ મહિનામાં રિપોર્ટ સોંપવાનો આદેશ

**અબતક, નવી દિલ્હી**

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની મુશ્કેલીઓ સતત વધી રહી છે. હવે એમપી-એમએલએ કોર્ટે તેમને મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે જમીન કૌભાંડ મામલે સીએમ સિદ્ધારમૈયા વિરુદ્ધ કેસ નોંધવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે મૈસુર લોકાયુક્ત પોલીસને આ મામલાની તપાસ કરવા અને ૩ મહિનામાં તપાસ રિપોર્ટ સોંપવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટના આદેશ બાદ એમપી-એમએલએ કોર્ટે સ્નેહમયી કૃષ્ણાની અરજી પર પોતાનો નિર્ણય સંભળાવ્યો છે. જજ સંતોષ ગજાનન ભટે કહ્યું કે, હાઈકોર્ટે પણ પોતાના નિર્ણયમાં સીએમ સિદ્ધારમૈયા વિરુદ્ધ તપાસની વાત કહી હતી. એ સ્પષ્ટ છે કે, દેવરાજ નામના જે વ્યક્તિ પાસેથી જમીન ખરીદવામાં આવી હતી તે જમીનના સાચા માલિક નથી.

૨૪ સપ્ટેમ્બરના રોજ એમયુડીએ કેસમાં સિદ્ધારમૈયાની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે જમીન કૌભાંડમાં સિદ્ધારમૈયા વિરુદ્ધ કેસ ચાલશે. તમને જણાવી દઈએ કે, કર્ણાટક હાઈકોર્ટે રાજ્યપાલના આદેશને પડકારતી મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની અરજી પર પોતાનો ચુકાદો આપ્યો હતો. હકીકતમાં રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી સાઈટ એલોટમેન્ટ કેસમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વિરુદ્ધ તપાસની મંજૂરી આપી હતી. રાજ્યપાલ તરફથી આ મંજૂરી મળ્યા બાદ સિદ્ધારમૈયા દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી.

## રેલનગરમા પરિણીતાએ લગાવી છઠ્ઠા માળેથી મોતની છલાંગ

**અબતક રાજકોટ**

રેલનગરમા રહેતી પરિણીતા રાત્રે પોતાના ફ્લેટમા હતી ત્યારે અગમ્ય કારણોસર લગાવી મોતની છલાંગ સારવાર અર્થે સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં ડોક્ટરે મૃત જાહેર કરતા પરિવારમાં બોકશો બોલી ગયો હતો. પોલીસે કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. પરિણીતના મોત થી ત્રણ બાળકોએ માતાની છત્ર છાયા ગુમાવી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ રેલનગરમા રહેતી પરિણીતા પ્રકાશબા પ્રદ્યુમ્ન સિંહ ચૌહાણ ૪૦ રાત્રે પોતાના ફ્લેટમા હતી ત્યારે અગમ્ય કારણોસર છઠ્ઠા માળેથી છલાંગ મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી દરમિયાન તેને સારવાર અર્થે સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કરતા ત્રણ સંતાનોએ માતાની છત્ર છાયા ગુમાવી છે. વધુ જાણવા મળ્યું હતુંકે મૃતકના પતિ એસ્ટેડ બ્રોકરનું કામ કરે છે અને તેને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે.

# ગુજરાતમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રકચરના કામોનો અભ્યાસ કરતું આંધ્રપ્રદેશ

## આંધના મંત્રી બી.સી. જનાર્ધન રેડ્ડી બે દિવસ ગુજરાતની મુલાકાત પર



**અબતક, રાજકોટ**

ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસાવેલા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા માર્ગના નિર્માણ કામોની પ્રગતિમાં અપનાવેલી નવીન ટેકનોલોજી, પી.પી.પી. મોડેલના અભ્યાસ માટે આંધ્રપ્રદેશના માર્ગ મકાન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ મંત્રી બી. સી. જનાર્ધન રેડ્ડીના વડપણ હેઠળ ઉચ્ચસ્તરીય ડેલીગેશન ગુજરાતની બે દિવસે મુલાકાતે આવેલું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ દરમિયાન ગાંધીનગરમાં આંધ્રપ્રદેશના માર્ગ-મકાન મંત્રીએ શુભેચ્છા મુલાકાત કરી હતી.

તેમણે ગુજરાતના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અને ટેકનોલોજી વિશે જાણવામાં પણ આ બેઠક દરમિયાન રસ દાખવ્યો હતો અને વિશદ ચર્ચાઓ કરી હતી.

ખાસ કરીને ગાંધીનગરનો સ્ટેટ કેપિટલ તરીકે વિકાસ, સ્વર્ણિમ સંકુલનું નિર્માણ, સેન્ટ્રલ વિસ્ટા, મહાત્મા મંદિર, ગાંધીનગર રેલ્વે સ્ટેશન વગેરેના અદ્યતન નિર્માણ કામોની વિગતોથી તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશના આ પ્રતિનિધિ મંડળે ગિફ્ટ સિટીની પણ મુલાકાત લઈને ત્યાં નિર્માણાધિન કાર્યો નિહાળ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ બેઠકમાં આંધ્રપ્રદેશના વાહન વ્યવહાર તથા માર્ગ મકાન વિભાગના અગ્ર સચિવ કાંતિલાલ દાંડે તેમજ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા. મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, માર્ગ મકાન સચિવ એકે પટેલ તથા ખાસ સચિવ પટેલિયા પણ આ બેઠકમાં જોડાયા હતા.

# મેડિકલ કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં ૨૫ થી ૨૮%નો વધારો કરાયો

## છેલ્લા છ વર્ષથી પી.જી. મેડિકલની ફીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નહોતો, વર્ષ ૨૦૧૮માં ફી વધારો કરાયા બાદ હવે ફરી ફી વધારો કરાયો

**અબતક, અમદાવાદ**

મેડિકલ કોલેજોમાં ચાલતા પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ એમ.ડી.-એમ.એસ.માં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન ચાલુ શૈક્ષિણક સત્રમાં જુદી જુદી કોલેજોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ફી જાહેર કરી દેવામાં આવી છે. હાલમાં માત્ર એક જ વર્ષની ફી જાહેર કરવામાં આવી છે. સ્ટેટ ક્વોટાની બેઠકો માટે સરેરાશ ૧૬થી ૧૮ ટકા અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે ૨૫થી ૨૮ ટકા વધારો કરાયો હોવાનો દાવો પણ કમિટી દ્વારા કરવામાં આવ્યો છે. આગામી એક માસમાં આગળના વર્ષની ફી જાહેર કરવામાં આવશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.રાજ્યની સ્વનિર્ભર મેડિકલ એટલે કે એમબીબીએસની ફી જાહેર કરાયા બાદ આજે પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલની ફી જાહેર કરી દેવામાં આવી છે. છેલ્લા છ વર્ષથી પી.જી. મેડિકલની ફીમાં કોઇ વધારો કરવામાં આવ્યો નહોતો. વર્ષ ૨૦૧૮માં ફી વધારો કરાયો હતો ત્યારબાદ આજે ફી વધારો કરાયો છે. જોકે, વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૩માં જે ફી નક્કી કરવામાં આવી હતી તે અત્યાર સુધી યથાવત રહી હતી. સ્ટેટ ક્વોટાની બેઠકોમાં અંદાજે ૧૬થી ૨૦ ટકા અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોમાં ૨૫થી ૨૮ ટકાનો વધારો કરાયો છે. આ વધારો ચાલુવર્ષે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે જ રહેશે. એટલે કે ચાલુવર્ષે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ પોતાનો પી.જી.નો કોર્સ પૂરો થાય ત્યાં સુધી આ જ પ્રમાણે ફી ભરવાની રહેશે. જોકે, આગામી વર્ષ પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે નવી ફી જાહેર કરાશે. આમ, જે તે વર્ષે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓએ તે વર્ષે જાહેર થયેલી ફી કોર્સ પૂરો થાય ત્યાં સુધી ભરવાની હોય છે. અગાઉ જે ફી વધારો કરાયો છે તે માત્ર આ વર્ષે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે જ રહેશે. સામાન્ય રીતે ફી વધારાની સામે વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ આપવામાં આવતું હોવાથી કેટલાક કિસ્સામાં સ્ટાઈપેન્ડની ગણતરી કરવામાં આવે તો સામાન્ય ફી ભરવાની રહેતી હોય છે. દરેક મેડિકલ કોલેજના પી.જી.કોર્સમાં ૭ લાખથી લઈને ૨૦ લાખ રૂપિયા સ્ટેટ ક્વોટા માટે અને મેનેજમેન્ટ ક્વોટા માટે સરેરાશ ૨૫ લાખથી લઈને ૩૭ લાખ રૂપિયા સુધીની ફી નક્કી કરાઈ છે.

# શિક્ષણમાં અવ્વલ નંબરે રહેલું કેરળ બેરોજગારીમાં પણ અવ્વલ નંબરે

## કેરળમાં ૧૫-૨૯ વર્ષની વય જૂથમાં બેરોજગારીનો દર ૨૯.૯ સાથે સૌથી વધુઃ સૌથી ઓછા દર સાથે મધ્યપ્રદેશ બાદ ગુજરાત બીજા ક્રમે

**અબતક, નવી દિલ્હી**

દેશમાં શિક્ષણ ક્ષેત્રે પ્રથમ ગણાતું કેરળ રાજ્ય યુવા બેરોજગારી ક્ષેત્રે પણ દેશમાં અવ્વલ નંબરે આવે છે. સોમવારે જાહેર કરાયેલ સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS) દર્શાવે છે કે કેરળમાં ૧૫-૨૯ વર્ષની વય જૂથમાં બેરોજગારીનો દર ૨૯.૯ ટકા છે. તેમાંથી મહિલાઓમાં બેરોજગારી ૪૭.૧ ટકા છે અને પુરુષોમાં આ આંકડો ૧૯.૩ ટકા છે. રિપોર્ટ અનુસાર આ વયજૂથમાં મધ્યપ્રદેશમાં સૌથી ઓછો બેરોજગારી દર છે. આ પછી ગુજરાત બીજા નંબરે આવે છે.

PLFS ડેટા દર્શાવે છે કે દેશમાં ૧૫ વર્ષ અને તેથી વધુ કેટેગરીના લોકો માટે બેરોજગારીનો દર ૨૦૨૩-૨૪માં ૩.૨% પર યથાવત રહ્યો હતો, જ્યારે મહિલાઓમાં બેરોજગારીનો દર અગાઉના વર્ષના ૨.૯% થી વધીને ૩.૨% થયો હતો. આ સાથે યુવા બેરોજગારીનો દર ૧૦.૨% હતો. જેમાં સ્ત્રીઓમાં દર ૧૧% અને પુરુષો માટે ૯.૮% હતો. ૨૦૨૨-૨૩માં ૧૫-૨૯ વય જૂથના લોકો માટે બેરોજગારીનો દર ૧૦% હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપમાં ૧૫ થી ૨૯ વર્ષની વય જૂથમાં સૌથી વધુ ૩૬.૨ ટકા બેરોજગારીનો દર નોંધાયો છે. અહીં, મહિલાઓના કિસ્સામાં બેરોજગારી ૭૯.૭ ટકા છે અને પુરુષોના કિસ્સામાં આ આંકડો ૨૬.૨ ટકા છે. આ પછી આંદામાન અને નિકોબાર ટાપુઓ છે, જ્યાં બેરોજગારી દર ૩૩.૬ ટકા છે. અહીં મહિલાઓમાં બેરોજગારી ૪૯.૫ ટકા અને પુરુષોમાં ૨૪ ટકા છે. આ સિવાય નાગાલેન્ડ, મણિપુર અને અરુણાચલ પ્રદેશમાં પણ યુવા બેરોજગારીનો દર ઊંચો છે. ગોવામાં આ આંકડો ૧૯.૧ ટકા છે.

શહેરી વિસ્તારોમાં એકંદરે યુવા બેરોજગારીનો દર ૧૪.૭% હતો જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે ૮.૫% હતો. શહેરી વિસ્તારોમાં મહિલાઓમાં એકંદરે બેરોજગારીનો દર ૨૦.૧% હતો જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાં ૮.૨% હતો. યુવાનોમાં બેરોજગારી એ નીતિ ઘડવૈયાઓ માટે એક સમસ્યા છે જે રોજગારીનું સર્જન કરવા માટે અનેક પગલાં લેવા માટે પ્રેરિત કરે છે. નિષ્ણાતોએ કહ્યું છે કે ૭% કરતા વધુ આર્થિક વૃદ્ધિ પૂરતી નોકરીઓનું સર્જન કરી રહી નથી.

(પહેલા પાનાનું ચાલુ)

## ઈકો સેન્સિટિવ ઝોન...

રોજ ગેઝેટ નોટિફિકેશનમાં આની જાહેરાત કરવામાં આવી હતી. ૨૦૧૬માં સૂચિત કરાયેલ પ્રથમ સૂચિત ઈકો સેન્સિટિવ ઝોનની પહોળાઈ સંરક્ષિત વિસ્તારની પરિમિતિથી ૦ થી ૧૭.૯ કિમી સુધીની હતી અને તે ૩,૩૨૮.૮૧ ચોરસ કિમીના વિસ્તારને આવરી લે છે.

ઈકો સેન્સિટિવ ઝોન એ સંરક્ષિત વિસ્તારની આસપાસનો બફર ઝોન છે જે ગેરકાયદેસર ખાણકામ અને બાંધકામ જેવી પ્રવૃત્તિઓની નકારાત્મક અસરોને ઘટાડે છે. લગભગ આઠ વર્ષમાં, ગીર અભયારણ્ય માટેના ઈકો સેન્સિટિવ ઝોનમાં ૧,૨૬૭ ચોરસ કિલોમીટરથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે.

૨૦૧૬માં ૨૯૧ ગામોમાંથી ૧૯૬ ગામો ઈકો સેન્સિટિવ ઝોનના દાયરામાં આવે છે, એમ ગેઝેટ નોટિફિકેશનમાં જણાવાયું હતું. ગયા વર્ષે જુલાઈમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને ગીર વન્યજીવ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની આસપાસ બફર ઝોન બનાવવા માટે નવો પ્રસ્તાવ રજૂ કરવાની મંજૂરી આપી હતી. ગેઝેટ નોટિફિકેશન, જે સ્થાનિકો વાંધો ઉઠાવવા માટે ૬૦ દિવસનો સમય આપે છે, તે જણાવે છે કે વન વિભાગ અથવા ઈકો સેન્સિટિવ ઝોનમાં મોનિટરિંગ કમિટીની સંમતિ વિના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વિકાસ પ્રવૃત્તિને મંજૂરી નથી.

## અકસ્માત...

ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં કારના ટુકડે ટુકડા થઈ ગયા છે, જ્યારે અંદર બેઠેલા ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર એક કાર ટ્રેલરના પાછળના ભાગમાં ઘુસી જતાં ૭ લોકોનાં ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યાં હતાં. જ્યારે અન્ય એકની હાલત પણ ગંભીર છે. અકસ્માત એટલો ગંભીર હતો કે ઈનોવા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારની અંદર લાશો ફસાઈ ગઈ હતી. જેના કારણેગેસ કટરથી કારના પતરાં કાપી લાશોને બહાર કાઢવી પડી હતી.

હિંમતનગરમાં સહકારી જીન નજીક આજે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. જ્યાં શામળાજી તરફથી અમદાવાદ આવતી કાર પાછળથી એક ટ્રેલરના પાછળના ભાગમાં ઘુસી ગઈ હતી. જેના લીધે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાલમાં એકની હાલત ગંભીર છે જેની સારવાર ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં જ હિંમતનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો. જોકે તમામ મૃતકો પણ અમદાવાદના જ રહેવાસી હોવાનું ખૂલ્યું છે. પોલીસ તપાસમાં આવું જાણવા મળ્યું છે કે જીજે-૦૧-આરયુ-૦૦૭૭ નંબરની ઈનોવા કાર પૂરપાટ ઝડપે શામળાજી તરફથી આવી રહી હતી. અકસ્માતમાં રોહિતભાઈ, સાગરભાઈ, ચિરાગભાઈ, રાહુલભાઈનો સમાવેશ થાય છે તેવું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. મોટાભાગના મૃતકો અમદાવાદી હોવાની જાણકારી મળી છે. જે એક વ્યક્તિ આ અકસ્માતમાં બચ્યો હતો તેની હાલત પણ ગંભીર છે અને તેને સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## મતદાન...

વિસ્તારોમાં એવી રીતે પોઝિશન લીધી છે કે પડોશી જિલ્લાના લોકો કોઈ ખલેલ પહોંચાડી શકે નહીં. પુંછ-હવેલી સીટનો વિસ્તાર એક તરફ એલઓસી અને બીજી બાજુ પીર પંજાલ તેરાઈ ક્ષેત્રના શોપિયાં, બડગામ અને કુલગામથી ઘેરાયેલો છે. પુંછ-હવેલી સીટના તમામ ૧૯૦ મતદાન મથકો માટે કડક સુરક્ષા ગોઠવવામાં આવી છે. સવારે પડોશી રાજૌરી જિલ્લામાં ભીજેપી નેતા મંજૂર અહેમદ નાઈક પર હુમલાના સમાચાર હતા. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભાજપે આ મામલે નેશનલ કોન્ફરન્સના લોકો પર આરોપ લગાવ્યો છે.

બીજા તબક્કા માટે ૩૫૦૨ પોલિંગ બૂથ બનાવવામાં આવ્યા છે. આ તબક્કામાં ૨૫ લાખથી વધુ મતદારો ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. જમ્મુ વિભાગના ત્રણ જિલ્લા અને કાશ્મીર ખીણના ત્રણ જિલ્લામાં બીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે.

ચૂંટણી પંચે આ તબક્કા માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરી હતી. પોલીસ દળો અને અર્ધલશ્કરી દળોની તૈનાતીએ મતદારોને સુરક્ષાની ગેરેન્ટી આપી. મતદાન મથકો પર શાંતિ જાળવવા માટે ખાસ ટીમોની નિમણૂક કરવામાં આવી છે.

## સોનું...

રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ડિરેક્ટર હરેશ આચાર્યએ જણાવ્યું હતું કે, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો, વર્તમાન ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા , સોનાના ભાવમાં તીવ્ર વૃદ્ધિના બે મુખ્ય કારણો છે. તેથી, આયાત ડ્યુટીમાં કાપ છતાં, કિંમતી ધાતુના ભાવ ફરી એકવાર નવી ઊંચાઈને સ્પર્શી રહ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.બુલિયન ટ્રેડર્સના જણાવ્યા અનુસાર મંગળવારે એક જ દિવસમાં સોનાની કિંમત ૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ વધીને ૭૭,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે.

બુલિયન ટ્રેડર્સને આશા છે કે પીળી ધાતુના ભાવમાં ભારે ઉછાળાને જોતા ઘણા રોકાણકારો આગામી દિવસોમાં તેમનો નફો મેળવશે. આચાર્યએ જણાવ્યું હતું કે, "વધતી જતી આર્થિક અનિશ્ચિતતાને જોતાં, કેન્દ્રીય બેંકો સોનામાં રોકાણ કરવાનું ચાલુ રાખી રહી છે, જેનાથી તેના ભાવમાં વધુ વેગ મળી રહ્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને મધ્ય પૂર્વમાં અશાંતિના કારણે વધતા તણાવને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે."

ભાવમાં ઘરખમ વધારો થતાં હવે જ્વેલર્સ આગામી દિવસોમાં શુભ મુહૂર્ત તેમજ લગ્નસરાની સિઝનમાં માંગને લઈને ચિંતિત છે.

(ચોથા પાનાનું ચાલુ)

## જૈનમ નવરાત્રી...

માહોલને રંગીન બનાવશે. આ ઉપરાંત ગ્રુપ ડ્રેસ કોડ, કેડીયા થીમ, ડાંડીયા થીમ, કુર્તા થીમ, દુપટ્ટા થીમ, સાફા-પાઘડી-પુરી-બીંદી જેવી વિવિધ થીમો, નિયોન થીમ, તિરંગા થીમ, દેશભક્તિ રજુ કરતા પોષાકવાળી થીમ, ગામઠી થીમ, ટોપી, સન ગ્લાસીસ, હેર સ્ટાઈલ, કેન્ડલ, ટોર્ચ, બલુન જેવી થીમ, રીટ્રો લુક જેવી અવનવી થીમ વચ્ચે રોજેરોજ નવીનતા અને વિવિધતાના અનુભવ આ નવરાત્રી દરમ્યાન કરાવવામાં આવશે. નવેય દિવસનાં ડેઈલીના પ્લેયર્સમાં સીનીયર અને જુનીયર કેટેગરીમાં બેસ્ટ પ્રિન્સ-પ્રિન્સેસ તેમજ વેલડ્રેસ પ્રિન્સેસનાં વિજેતા ખેલૈયાઓને અવનવા ઈનામોથી નવાઝવામાં આવશે. નવેય દિવસનાં વિજેતાઓને ખેલૈયાઓ વચ્ચે દશેરાનાં દિવસે ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે. જેમાં વિજેતા થનાર સ્પર્ધકોને બાઈક, સ્કુટર, સોનાનાં દાગીના, સાઈકલ, ટીવી, ફ્રીજ, વોશીંગ મશીન, એસી, જ્યુસર, મીક્ષર, ઓવન સહીતનાં લાખેણા ઈનામોની વણજારથી પ્રોત્સાહીત કરવામાં આવશે.

'અબતક'ની શુભેચ્છા મુલાકાતે અશોકભાઈ વોરા, શૈલેષભાઈ માઉ, રજતભાઈ સંઘવી, ઉદયભાઈ ગાંધી, વંદીતભાઈ દામાણી ઉપસ્થિત રહ્યા હતા.

## શિબિર...

મેહુલભાઈએ વિશ્વનાથ ગુરુજીના આયુર્વેદ તેમજ પરંપરાગત ચિકિત્સા પધ્ધતિનો પરિચય આપેલ હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગોપાલ નમકીનનાં ડાયરેક્ટર બીપીનભાઈ હદવાણી, કો. ડાયરેક્ટર દક્ષાબેન હદવાણી, બાલાજી વેફર્સનાં ડાયરેક્ટર ચંદુભાઈ વિરાણી, બાન લેબ્સનાં ડાયરેક્ટર મૌલેશભાઈ ઉકાણી, અરવિંદ મિલ્સનાં અરવિંદભાઈ સંઘવી, પુજારા ટેલિકોમના ડાયરેક્ટર રીટાબેન પુજારા, મધુસુદનભાઈ પાઠક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## સેમિનાર...

સેન્ટર-રાજકોટના સ્ટાફ દ્વારા મહિલાલક્ષી યોજનાકીય માહિતી, વ્હાલી દીકરી યોજના, સ્વાવલંબન યોજનાની માહિતી આપવામાં આવી હતી. સેન્ટર દ્વારા મહિલાઓને સ્વાવલંબન, દીકરી જન્મને પ્રોત્સાહન, મહિલાઓના ઉત્થાન માટે માર્ગદર્શન પૂરું પાડી કોઈ પણ તકલીફના સમયે સખી વન સ્ટોપ સેન્ટરનો કે પોલીસનો સંપર્ક કરવા જણાવાયું હતું.

## 'ક્લબ યુવી નવરાત્રી મહોત્સવ'

માહોલમાં નવરાત્રીનું સ્વરૂપ આપનાર ક્લબ યુવી એ મા ઉમિયાની ભક્તિનો સાથોસાથ સંગઠનની શક્તિનો સરવાળો કરી એક નવી જ કેડી કંડારી છે. સંસ્કારી સુરક્ષિત અને ભક્તિસભર નવરાત્રી મહોત્સવની ભેટ આપનાર ક્લબ યુવી ખેલૈયાઓ ની સાથો સાથ પરિવારના તમામ સભ્યો નવરાત્રી માણી શકે તેવા પારિવારીક માહોલનું સર્જક બન્યુ છે. રાજકોટના સેકેન્ડ ૧૫૦ ફુટ રીંગ રોડના પ્રાઈમ લોકેશનમાં આ ભવ્ય નવરાત્રી મહોત્સવ ઉજવાશે જેથી કરીને શહરેથી નજીક હોવાથી ખેલૈયાઓ ખાસ કરીને સમાજની દિકરીઓ યુવતીઓને આવક જાવકમાં સલામતી તેમજ સહજતા મળી રહે.

અર્વાચીન રાસોત્સવ ક્ષેત્રે સૌરાષ્ટભરમાં આગવું નામ ધરાવતી શ્રી ઉમિયાધામ સિદસર પ્રેરીત કલબ યુવી નવરાત્રી મહોત્સવમાં એડવાઈઝરી ડાયરેક્ટર્સ મૌલેશભાઈ ઉકાણી, સ્મિતભાઈ કનેરીયા, એમ.એમ.પટેલ, કાંતીભાઈ ઘેટીયા,કાર્યરત છે. અબતકની શુભેચ્છા મુલાકાતમાં કલબ યુવીના બોર્ડ ઓફ ડાયરેક્ટર બિપીનભાઈ બેરાએ જણાવ્યું હતું કે કલબ યુવી નવા રંગ રૂપ સાથે નવરાત્રી મહોત્સવની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. કલબ યુવી હમેંશા કંઈક નવું કરવા અને પરિવર્તનને સ્વીકારવા તત્પર રહયુ છે. આજના ડીઝટલ ટેકનોલોજીના સમયમાં કલબ યુવી ના નવરાત્રી ગ્રાઉન્ડમાં તમામ જગ્યાએ ડીજીટલ સ્ક્રિન લગાવવામાં આવશે.

નવરાત્રી મહોત્સવમાં ગત વર્ષ કરતા ૩૯ ટકા મોટુ સૌરાષ્ટ્રનું સૌથી વિશાળ ગ્રાઉન્ડ ૧,૦૬,૪૯૯ સ્કેવર ફુટ મેદાનમાં ૧૨,૦૦૦ ખૈલૈયાઓ રમી શકે અને ૩૦,૦૦૦ દર્શકો વિવિધ કેટેગરીમાં બેસીને નવરાત્રીનો આનંદ માણી શકે તે માટે સમથળ મેદાનમાં ટુ લેયર કારપેટ, મહેમાનો આમંત્રીતો માટે ખાસ ગેલેરી, સ્પોન્રશીપ કંપની માટે ૨૫ થી વધુ પેવોલીયન તથા દર્શકો માટે બેઠક વ્યવસ્થા, આકર્ષક લાઈટીંગ ટાવર તથા ગ્રાઉન્ડની મધ્યમાં ૫૦ ફુટની એલ.ઈ.ડી. થી સજજ મિક્સર સ્પેસ તેમજ મેઈન સ્ટેજ ફરતે રાઉન્ડ એલ.ઈ.ડી. સ્ક્રિન ફોરમેટ થી સજાવટ થશે. કમલ સાઉન્ડ દ્વારા ૨,૫૦,૦૦૦ ની હાઈટેક વીટીએકસ લાઈન એરે સાઉન્ડ સીસ્ટમ ફુડઝોન કેન્ટીન, ઈન્ટરનલ પાર્કીંગ, તથા ટાઈટ સીક્યોરીટી સહીતનું પ્લાનીંગ અમલી બનાવ્યું છે.

કલબ યુવી નવરરાત્રી મહોત્સવમાં દર રોજ મેલફીમેલ તેમજ ચિલ્ડ્રન કેરટેગરીમાં વેલ ડ્રેસ તથા પ્રિન્સ પ્રિન્સેસને ઈનામોની વણઝાર કરવામાં આવશે. કલબ યુવીના સમગ્ર આયોજનને સફળ બનાવવા કલબ યુવીની કમિટીના દિનેશભાઈ ચાપાણી, રજનીભાઈ ગોલ, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

કલબ યુવી નવરાત્રી મહોત્સવમાં કડવા પાટીદાર સમાજના ભાઈઓ બહેનો સમગ્ર પારીવારીક વાતાવરણ વચ્ચે મન મુકી નવરાત્રી મહોત્સવને માણી શકે તેવું પારીવારીક વાતાવરણ સર્જાય છે. અબતકની શુભેચ્છા મુલાકાતમાં કલબ યુવી ના બોર્ડ ઓફ ડાયરેકટરો બીપીનભાઈ બેરા, પ્રફુલભાઈ કાથરોટીયા, સુરેશભાઈ ઓગણજા, સંદીપભાઈ માકડીયા, નરેન્દ્રભાઈ ઘેટીયા, ડો. કપેશભાઈ ઉકાણી, જીજ્ઞેશભાઈ આદ્રોજા, વિજયભાઈ ડઢાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

(અગીયારમા પાનાનું ચાલું)

## માતાના મઢે...

બની જશે. માં આશાપુરાના ગુણગાન ગવાશે. આ સમયે માં આશાપુરા દ્વારા ફુલ સ્વરૂપે રાજવી પરિવારને જાતર(પત્રી)નો પ્રસાદ આપે છે. આ રીતે કળયુગમાં પણ ચમત્કાર ગણાય છે. જેને પત્રી પ્રસાદ કહેવાય છે. માં આશાપુરા પાસે રાજવી પરિવાર વંદનપૂર્વક પ્રાથના કરે છે. સમગ્ર દેશમાં વસ્તા માઈભકતોની રક્ષા કરશો. માં આશાપુરા સૌની મનોકામના પૂર્ણ કરશો. કચ્છ ભૂમિ મહિમાવતી છે. માં આશાપુરાના ભુવા દિલાવરસિંહ ચૌહાણ, અનિરૂધ્ધસિંહ ચૌહાણ, ગજુભા ચૌહાણ, મનુભા ચૌહાણ, પરિવાર ભુવા તરીકે વર્ષોથી સેવા કરે છે. માં આશાપુરાના દર્શન કરવા નવલા નોરતામાં હૈયામાં હામ અને હોઠે છે. માં આશાપુરાનું નામ જપ્ના અપાર શ્રધ્ધા અને વિશ્વાસ સ્નેહ સાથે પગપાળા જે હાથ લાગ્યુ તે વાહન લઈ માં આશાપુરાના દર્શન કરવા સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત મહારાષ્ટ્ર માંથી વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. ભાવિકો માં આશાપુરાના દિદાર કરવા ભીતરમાં ભીનાશ ભરી લાગણીના ભીંનાશ ભરી મનની મીઠાશથી હૈયામાં હામ અને હોઠે માં આશાપુરાનું નામ લેતા ઉર્મિના ઉછળે માં આશાપુરાના દર્શન કરવા નવરાત્રી દરમ્યાન લાખો ભાવિકો માં આશાપુરા ધામ કચ્છ ખાતે આવે છે.

નવરાત્રી સમય દરમ્યાન શ્રીફળ વધેરવાની મનાઈ છે. માતાના-મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા ભાવિકો માટે રહેવા, જમવાની વિના મુલ્યે સગવડ પુરી પાડવામાં આવે છે.સ્થાનિક કક્ષાએ મયુરસિંહ જાડેજા ખંત પૂર્વક સેવા આપે છે માં આશાપુરાના દર્શન માત્રથી સૌની મનોકામના પૂર્ણ થાય છે.

## નિદાન કેમ્પ...

ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પ્રદેશ ડોકટર સેલના ડો.અતુલ પંડયા, ડો.ચેતન લાલસેતા, ડો.પિયુષ ઉનડકટ, ડો.નરેન્દ્ર વિસાણી તેમજ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલ, શહેર ભાજપના પુજાબેન પટેલ, કોર્પોરેટર ક્રિર્તીબા રાણા સહિત મહિલા હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

## પુષ્પાંજલી...

આપેલ મંત્ર જ્યાં માનવી ત્યાં સુવિધા સૂત્રને સાર્થક કરવા માટે ભારતીય જનતા પાર્ટી તેઓના પગલે કાર્ય કરી રહી છે, ત્યારે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી એક એવા નેતા હતા કે જેણે જીવનભર ઈમાનદારી અને સત્યનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યુ. તેઓ ભારતીય જનતા પાર્ટી માટે વૈચારિક અને નૈતિક પ્રેરણાના સ્ત્રોત હતા. તેઓને હંમેશા ભારતીય જનતા પાર્ટી તેમજ ભારતવાસીઓ તેમને યાદ કરી તેમના દેશ પ્રત્યેના ગુણોને આપણા જીવનમાં ઉતારીએ તે માટે ભારતીય જનતા પાર્ટીના અગ્રણી આગેવાનો,કાર્યકર્તાઓએ આજરોજ તા. ૨૫/૯ ના રોજ સવારે ૯:૩૦ કલાકે આજી ડેમ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ હતી.

આ તકે પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ

દવે,વિરેન્દ્રસિંહ ઝાલા, જયમીન ઠાકર સહિતનાએ પુષ્પાંજલી અર્પણ કરેલ હતી. આ પુષ્પાંજલી કાર્યક્રમમાં ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત શહેરના વોર્ડના તમામ બુથોમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના ફોટાને પૂષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ હતી.

## ''માં જગદંબાનો મહિમા''

છે કે એક વાર પ્રગટતા આવડશે પછી જીવનના અંધકારનો પણ નાશ થશે.આવા દિવ્ય અજવાળા જોડે મનોમન વાતો કરવાનો અવસર એટલે માં જગદંબાની આરાધના..

હાલ નવરાત્રી આવી રહી છે ત્યારે આકરી પરિસ્થિતિમાં જેમની ભક્તિથી અને આરતીના અજવાળામાં સમસ્યાનો રસ્તો દેખાય છે અને દુઃખ કપૂરની જેમ ઉડી જાય છે તેવા મારા પરિવારના આરાધ્ય દેવી, જગત જનની, સમસ્ત જગતના અધિષ્ઠાત્રી, રાજ રાજેશ્વરી અને સમસ્ત જગતના પાલનહર્તા એવા માતા અંબાજીના અદ્વિતીય મહિમાને વર્ણવતા એક ભક્તિ સભર કાર્યક્રમનું આયોજન કરવાની મારી અંતરની ઈચ્છા હતી. જે આજે ફળીભૂત થઈ છે.

આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે ટીવી અને ફિલ્મ નિર્માતા અભિલાષ ઘોડા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સમગ્ર કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, જે મસ્તી હોય આંખોમાં સુરાલયમાં નથી હોતી, અમીરી કોઈ અંતરની મહાલયમાં નથી હોતી, શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે, જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી.. આજે મેહુલભાઈ જે પ્રકારે માતાજીની સાચા મનથી ભક્તિ કરે એટલે એ નિહાળીને એક કલાના જીવ તરીકે એવું કહેવાનું મન થાય છે કે આજે સાચા અર્થમાં નવરાત્રી શરૂ થઈ છે.

આપણી અર્વાચીન પરંપરાને અનુરૂપ જે પ્રકારે માતાજીનો મહિમા અને સ્તુતિગાન કરવામાં આવ્યું છે. તેના માટે મારી પાસે એક જ શબ્દ છે ''અદભુત''.. ખરેખર આ કાર્યક્રમની મહતાને ટૂંકમાં વર્ણવું તો ''માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો, જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો, મંદિર સર્જાયુ ને ઘંટારવ ગાજ્યો..'' આજે આ પરિસર મંદિર બન્યું છે. એ જ મેહુલભાઈની સાચી ભક્તિની શક્તિ છે.

રાજકોટ શહેર ભાજપ ખજાનચી શ્રી મયુરભાઈ શાહે જણાવ્યું હતું કે, મેહુલભાઈ અતિ ધાર્મિક માણસ છે. તેઓ નિયમિત રીતે રોકાણ અંગે જાગૃતિ ફેલાય તેવા કાર્યક્રમો તો યોજે જ છે. સાથે સાથે આ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ મેહુલભાઈ કરે છે.

રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘનાં પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠએ જણાવ્યું હતું કે, મેહુલભાઈ તો મલ્ટીટેલેટેડ માણસ છે.બિઝનેસમાં મિટિંગ અને સેમિનારનું ખૂબ ન મહત્વ છે. તેઓ તો સેમિનારની સાથે આવા ભક્તિસભર કાર્યક્રમો પણ આયોજિત કરે છે. એ તો ખરેખર નોંધપાત્ર છે. માતાજીની ભક્તિમાં જ્યારે વિશ્વાસ વધે ત્યારે ભક્તિ સફળ થઈ કહેવાય અને મને મેહુલભાઈ ઉપર ખૂબ જ ગર્વ થાય છે કે તેમની ભક્તિ આજે સફળ થઈ છે જેના આપણે સૌ સાક્ષી બન્યા છીએ.

આ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ રણભૂમિનાં કલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા અને જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અભિનેતા અને ઉદઘોષક શ્રી ચેતસભાઈ ઓઝાએ કર્યું હતું. અંતમાં આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ ઉપસ્થિત સૌ પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાતથી સમગ્ર આયોજનને બિરદાવ્યૂ હતું.

## પૂર્ણા દિવસ...

કરી તમામ કિશોરીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું તેમજ શાળાએ ન જતી કિશોરીઓ સાથે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે દ્વારા કિશોરીઓ સાથે ચર્ચા કરી આગળ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## સોની સમાજ...

વર્ષે ૩૦૦૦ થી ૪૦૦૦ ખેલૈયા જાણીતા કાલાકારોના સંગાથે ગરબી ઘૂમે છે. વિજેતા પ્રિન્સ-પ્રિન્સેસને ઈ-બાઈક, લેપટોપ, સોનાની ગીની સહિતના લાખેણા ઈનામ આપવામાં આવશે. સોની સમાજના ખેલૈયાઓ રાજમંદિરની બાજુમાં પેલેસ રોડ ખાતેથી પાસ મેળવી શકે છે. તથા વધુ માહીતી માટે મો. નં. ૮૦૦૦૬ ૨૬૨૪૭ પર સંપર્ક કરી શકે છે.

(૧૨માં પાનાનું ચાલુ)

## પોષણ ક્ષમ આહાર

છે જેમ કે, શકિત આપતા ખાદ્યપદાર્થો કે જેમાં અનાજ, કંદમૂળ, ઘી, તેલ, ખાંડ, ગોળનો સમાવેશ થાય છે. વૃદ્ધિ વિકાસ અને ઘડતર કરતાં ખાદ્યપદાર્થો જેમાં દૂધ અને દૂધની બનાવટો, કઠોળ જેવા ખોરાક લઈ શકાય. આ ઉપરાંત લીલા પાંદડા વાળા શાકભાજી, પીળા અને નારંગી રંગના શાકભાજી, ખાટા ફળો, પીળા અને નારંગી રંગના ફળો કે જે રક્ષણ અને નિયમન કરતા ખાદ્ય પદાર્થો છે તેનો આહાર લઈ શકાય.

## દરેક નાગરીકે ઋતુ અનુસાર

બેરી, ટેટી અને તરબૂચ જેવા ફળો પણ આ ઋતુમાં લઈ શકાય છે જે શરીરને હાઈડ્રેટ રાખે છે. નારિયેળ, ખાટાં ફળો, કાકડી, ડુંગળી, દહીં, કેળાં જેવા ઠંડકયુકત ખોરાક લેવાથી ભારતમાં ઉનાળા દરમિયાન શરીરનું તાપમાન નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે. લસણ એ પોષક તત્વોથી ભરપૂર ખોરાક છે જે ચોમાસામાં રોગપ્રતિકારક શકિત વધારવા અને શરદી-ફ્લૂ સામે લડવામાં મદદ કરે આપણા શરીર માટે સૌથી વધુ ગરમ શાકભાજીઓ જેવી કે, ગાજર, બટેટા, ડુંગળી, લસણ, મૂળો, રતાળું, શક્કરિયા, બીટ, સલગમ વગેરે જેવા કંદમૂળ અને પાલક, મેથી, સરસોન, મૂળી, ફૂદીના જેવા લીલા તાજા ભાજી ચોમાસામાં લઈ શકો છો

## જી.ટી.યુ

માર્ગદર્શનઃ વિદ્યાર્થીઓને વ્યવસાયિક રીતે લાભદાયી કારકિર્દીના માર્ગો તરફ માર્ગદર્શન આપવા માટે ઉપસ્થિત લોકોને જ્ઞાનથી સજ્જ કરવામાં આવશે, જે આખરે વર્તમાન પ્રતિભાની તંગી નિવારીને કોર એન્જિનિયરિંગ ઉદ્યોગને લાભ કરશે.

વિદ્યાર્થીઓને ઉદ્યોગમાં પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરવા માટે આપણે જે રીતે શીખવીએ છીએ તેમાં જે જરૂરી છે તે અપનાવવા વિશે વાત કરી. યોગી શ્રીરામે ચર્ચા કરી કે કેવી રીતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, તર્કસંગત વિશ્લેષણ/તાર્કિક વિચારસરણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એન્જિનિયરો માટે આજીવન શિક્ષણના મહત્ત્વ પર ભાર મૂકે છે. એનઈપી ધોરણ ૬થી કોડિંગ શીખવવા માટેનો પ્રોગ્રામ ધરાવે છે અને તેમાં કૌશલ્ય અને માનસિક સ્વાસ્થ્ય સહિત વિદ્યાર્થીઓના સર્વગ્રાહી રિપોર્ટ કાર્ડ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એનઈપી અભ્યાસક્રમો મુખ્ય અને ગૌણ ક્ષેત્રો પૂરાં પાડે છે,

સરકાર અને ઉદ્યોગોના સમર્થનને કારણે ગુજરાત એનઈપી, ૨૦૨૦ના અમલીકરણમાં ખૂબ જ સારું કરી કાર્ય રહ્યું છે. અવની મલ્હોત્રાએ એન્જિનિયરિંગમાં ટકાઉપણાનાં પાસાંઓની ચર્ચા કરી. ટકાઉપણા અને સમુદાયની અસર પર ધ્યાન કેન્દ્રિત કરતાં, તેણીએ, ભારતમાં અજખઊ ફાઉન્ડેશનની પહેલો વિશે માહિતી આપી. તેણે વિગતે સમજાવ્યું કે આ ફાઉન્ડેશન કેવી રીતે આ ત્રણ મુખ્ય વ્યૂહરચનાઓ : પ્રેરણાદાયક શિક્ષણ, મહત્ત્વપૂર્ણ કારકિર્દી, અને નવીન વિચારો દ્વારા કાર્યક્રમો અને ઈવેન્ટ્સના માધ્યમથી ઈજનેરી શિક્ષણ અને વૈશ્વિક સ્તરે રોજગારની શક્યતાઓને સુધારે છે.

## ગ્રાહક પંચાયત

કાર્યોનો ઉલ્લેખ કરતા તેઓએ જણાવ્યુ કે, આજે દેશમાં ગ્રાહક પંચાયત જેવી નિઃસ્વાર્થ ભાવથી કામ કરતી

સંસ્થાઓની જરુરિયાત છે.આ પ્રસંગે ઉદ્યોગપતિ અને સમાજ સેવક વસંતભાઈ લીમ્બાસીયાએ પોતાના ધંધાની સફળતાનો પાયો ગ્રાહકને પોતાના ભગવાન ગણી સાચવવાના પુરષાર્થ ને ગણાવ્યો હતો. તો સંસ્થાના પ્રાંતના સહ સંયોજક રાજેન્દ્રભાઈ રાવલે સંસ્થાએ ગત વર્ષ દરમ્યાન કરેલ કામની વિગતવાર છણાવટ કરી હતી.

આ કાર્યક્રમમાં ગ્રાહક મંડળના હોદ્દેદારો, વ્યાપારીઓ અને ઉત્પાદકો તેમજ કન્ઝ્યુમર લો પ્રેક્ટિશનર્સ એસોશિયેશનના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વકતા અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના રાષ્ટ્રીય અધ્યક્ષ નારણભાઈ શાહે સંસ્થાના ઉદેશો, આવશ્યકતાઓ દર્શાવતા જણાવ્યું હતું કે, સર્વે ભવન્તું સુખીનઃ નો પાયો જ ગ્રાહક સેવા છે. આપણે સર્વ કોઈ ગ્રાહક જ છીએ. તેથી ગ્રાહકને કેન્દ્ર'માં લાવવાનો છે અને ગ્રાહકનું મંતવ્ય, તેની ઈચ્છા સર્વોપરી રહેવી જોઈએ.

આર્થિક શોષણ મુકિતનું આંદોલન છે, જે દ્વારા દક્ષ - સજ ગ્રાહકોની ટોળી ઉભી કરવાનુ છે, જેનાં દ્વારા બજારમાં થઈ રહેલ ગ્રાહકના શોષણથી મૂક્તિ મળશે.

રાષ્ટ્રીય સહ સચિવ જયંત કથીરિયાએ સ્વર્ણ જયંતી વર્ષ દરમ્યાન દેશભરમા ચાલી રહેલા સમાપન કાર્યોની જાણકારી આપીને ભારપૂર્વક જણાવ્યુ કે, આવનારા સમયમાં ગ્રાહકે વધુ જાગૃત રહેવું પડશે કારણ કે નવી નવી યુક્તિ પ્રયુક્તિઓ અપનાવીને ગ્રાહકોને આજે છેતરવામાં આવી રહ્યો છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટેનું સામુહિક આયોજન રાજકોટ મહાનગરની ટીમે ખાસ જહેમત ઉઠાવીને કર્યું હતું. તો પ્રાંત સ્વર્ણ જયંતી સમારોહ સમિતિના સંયોજક ભરતભાઈ કોરાટ, સંગઠનમંત્રી અમીતભાઈ દવે, અભયભાઈ શાહ, ચેતનભાઈ મજીઠીયા, સીમાબેન મહેતા, નીતિનાબેન, સીમાબેન અગ્રવાલ, વર્ષાબેન રૈયાણી વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી.

(છેલ્લા પાનાનું ચાલું)

## ભાજપ...

ચુંટાયેલા પ્રતિનિધિઓ અને પદાધિકારીઓને ખાસ હોમવર્ક આપવામાં આવ્યું છે. જેમાં આજે દિવસભર તમામે માત્રને માત્ર સભ્ય નોધણી પર જ ભાર મુકવાનો રહેશે.

રાજય સરકારના તમામ મંત્રીઓ આજે પોતાના મત વિસ્તારમાં પહોંચી ગયા છે. અને સવારથી સભ્ય નોંધણીની કામગીરીમાં જોતરાય ગયા છે. ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે અમદાવાદના બોપલ વિસ્તારમા સદસ્યતા અભિયાનમાં જોડાયા હતા અને વધુમાં વધુ લોકો ભાજપના સભ્યો બને તેવા પ્રયાસ સીએમ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. કાર્યકરોને પણ આજના દિવસે વિશેષ કામગીરી કરવા માટે પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. રાજયમાં ૨ કરોડ લોકોને ભાજપના સભ્ય બનાવવાના લક્ષ્યાંક સાથે આજ સુધીમાં ૭૬ લાખ સભ્યો બન્યા છે.

સદસ્યતા અભિયાનને ધારી સફળતા સાંપડી નથી જેના કારણે ત્રણ દિવસની મેગા ડ્રાઈવ યોજવામાં આવી છે. જેમાં ૩૧ લાખ નવા સભ્યો બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.. જે પરિપૂર્ણ કરવો મહામુશ્કેલ જણાતા ભાજપે હવે ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સભ્ય નોંધણી માટે મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે. બીજી તરફ સાંસદ અને ધારાસભ્યોને આપવામાં આવેલા લક્ષ્યાંકમાં વધારો કરી દેવામાં આવ્યો છે.

આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત મંત્રી મંડળના તમામ સભ્યો સદસ્યતા અભિયાનની કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે દર બુધવારે મળતી મંત્રી મંડળની બેઠક પણ રદ કરી દેવામાં આવી છે. સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓને પણ આજે કોઈ કાર્યક્રમ ન યોજવા પ્રદેશ ભાજપ દ્વારા આદેશ આપવામાં આવ્યા છે.

હાલ સદસ્યતા અભિયાનમાં ભાજપના ૧૬૧ ધારાસભ્યો પૈકી રાજય સરકારના એક માત્ર મહિલા મંત્રી અને રાજકોટ ગ્રામ્ય વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા સૌથી આગળ ચાલી રહ્યા છે. જયારે બીજા ક્રમે રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ હોવાનું જાણવા મળી રહ્યું છે. અમુક ધારાસભ્યો પોતાને આપેલા લક્ષ્યાંક સુધી પહોંચી શકે તેવી સંભાવના પણ દેખાતી નથી. સભ્ય નોંધણીમાં ધારી સફળતા ન મળતા સમય અવધીમાં પણ વધારો કરવામાં આવે તેવી સંભાવના છે.

## સ્વાગત કાર્યક્રમ...

નિવારણ કાર્યક્રમ તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે

## ડિમોલીશન...

સતત પાંચ કલાક સુધી ઉગ્ર માથાકૂટ કરવામાં આવી હતી. ખૂદ પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર પણ ડિમોલીશન અટકાવવા માટે સ્થળ પર ધસી આવ્યા હતા. છતાં કોર્પોરેશને હિમ્મતપૂર્વક વધારાનો પોલીસ બંદોબસ્ત બોલાવી બુટલેગરોના ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યા હતા.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ગત મહિને શહેરના વોર્ડ નં.૧૧માં શ્રીનાથજી પાર્ક વિસ્તારમાં સ્થાનિકો દ્વારા દારૂના હાટડાંઓ ઉપર જનતા રેડ પાડવામાં આવી હતી. આ અંગે કોર્પોરેશનમાં પણ ઉગ્ર રજૂઆત કરાઈ હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે સ્થળ વિઝીટ કરી એવી બાંહેધરી આપી હતી કે બુટલેગરોના ગેરકાયદે ખડકાયેલા બાંધકામો કોર્પોરેશન દ્વારા તોડી પાડવામાં આવશે. દરમિયાન આજે સવારે આઠ કલાકે વેસ્ટ ઝોન કચેરીની ટીપી શાખાનો કાફલો વિજીલન્સ બંદોબસ્ત સાથે ડિમોલીશન કરવા માટે ત્રાટક્યો હતો. વોર્ડ નં.૧૧માં ટીપી સ્કિમ નં.૨૬ (મવડી)ના ફાઈનલ પ્લોટ નં.૬/એ ના એસ.ઈ.ડબલ્યૂ.એસ. હેતુ માટેના અનામત પ્લોટ અને ૯ મીટર ટીપીના રોડ પર બુટલેગરો દ્વારા ગેરકાયદે ખડકી દેવામાં આવેલા આઠ જેટલા મકાનોને તોડવા માટે ડિમોલીશનની કામગીરી શરૂ કરી હતી. લોકોના ટોળે-ટોળા એકત્રિત થઈ ગયા હતા અને કોર્પોરેશનના અધિકારીઓ સાથે ઉગ્ર માથાકૂટ પર ઉતરી આવ્યા હતા. ડિમોલીશન અટકાવવા માટે પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર પણ દોડી આવ્યા હતા. તેઓએ જે મકાનોનું ડિમોલીશન કરવાનું છે. તે દસ્તાવેજવાળા હોવાનું કહી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, દસ્તાવેજ ખરેખર અન્ય મકાનના હતા. જે તેઓને સમજાવવામાં આવ્યું હતું. તાલુકા પોલીસ સ્ટેશનનો વધારાનો બંદોબસ્ત મંગાવી ડિમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવી ત્યારે અમૂક મહિલાઓ જેસીબી આગળ સૂઈ ગઈ હતી અને ડિમોલીશનને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. સતત પાંચ કલાકની ઉગ્ર માથાકૂટ-બોલાચાલી બાદ કોર્પોરેશનને શ્રીનાથજી પાર્ક વિસ્તારમાં બુટલેગરોએ ગેરકાયદે ખડકેલા આઠ મકાનો તોડી પાડ્યા હતા અને અંદાજે ૨૦૦ ચોરસ મીટરની જમીન ખૂલ્લી કરાવી હતી.

## ચીમકી...

પાડવામાં આવે પરંતુ અમે ફરીથી અહિં મકાન બનાવી લેશું. ડિમોલીશન અટકાવવા માટે અન્ય સ્થળના દસ્તાવેજ રજૂ કર્યા હતા. મહિલાઓ બુલડોઝરની આગળ સૂઈ ગઈ હતી. મામલો ખૂબ જ ઉગ્ર બની ગયો હતો. છતાં તંત્રએ મચક આપી ન હતી અને બુટલેગરોના બાંધકામ તોડી પાડ્યા હતા.

## સજોડે આપઘાત...

પ્રાપ્ત વિગત અનુસાર કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે રહેતા અક્ષય શૈલેષભાઈ કલોલિયા (ઉ.વ.૨૯) પોતે અટીકા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ડાય બનાવવાનું કારખાનું ધરાવતો હતો. જ્યારે તૃપ્તિ મહેન્દ્રસિંહ પરમાર(ઉ.વ.૩૭) ત્યકતા હતી. મૃતક મહિલાના પહેલા લગ્ન ૧૬ વર્ષ પૂર્વે થયાં હતા. જ્યાંથી છૂટાછેડા લીધા બાદ તેણે ભાવેશભાઈ નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જ્યાંથી મહિલાને એક ૧૨ વર્ષનો પુત્ર પણ હતો. જે બાદ ત્યાંથી પણ મૃતક મહિલાના છૂટાછેડા થઈ ગયાં હતા. જે બાદ ત્યકતાનો ઈન્સ્ટાગ્રામ મારફત અક્ષય કલોલિયા સાથે સંપર્ક થયો હતો. થોડો સમય સોશિયલ મીડિયામાં વાતચીત કર્યા બાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. બંનેએ સાથે રહેવાનું નક્કી કર્યું હોય એક માસ પૂર્વે યુવક અક્ષય અમદાવાદ જવાનું કહીને ઘરેથી નીકળી ગયો હતો. જે પછી યુગલ એક અઠવાડિયા પૂર્વે રેલનગરના શ્રીજી રેસીડેન્સીમાં ભાડેથી રહેવા આવ્યા હતા. જ્યાં બંને પરિણીત હોવાનું સોસાયટીના સભ્યોને જણાવ્યું હતું. દરમિયાન ગત રાત્રે શ્રીજી રેસીડેન્સીના બ્લોક નંબર ૧૦માં પ્રથમ તૃપ્તિ પરમારે દુપટ્ટાં વડે પંખામાં ટીંગાઈ ગળાફાંસો ખાઈ લીધો હતો. જે બાદ અક્ષયે તેના એક મિત્રને ફોન કરીને સમગ્ર ઘટનાથી વાકેફ કરી ફોન મૂકી દીધો હતો અને ત્યારબાદ અક્ષયે પણ ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

## વિજળી...

રાજકોટ, જૂનાગઢ, જામનગરના ખેડૂતોને હવે ૨ કલાક વધુ વીજળીની સુવિધા મળશે. નોંધનીય છે કે અગાઉ ખેડૂતો દ્વારા વધુ વીજળી આપવાની માંગ ઊભી થઈ હતી. ખેડૂતોની માંગ પર વિચાર કર્યા બાદ રાજ્ય સરકારે ૪ જિલ્લામાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો. રાજ્ય સરકારે એવું પણ કહ્યું છે કે, જ્યાં પણ વીજળી માંગ અંગે રજૂઆત કરવામાં આવશે, ત્યાં અમે વીજળીનો સમય વધારી આપીશું. આમ ખેડૂતોએ રજૂઆત કર્યા બાદ સરકારે ચાર જિલ્લામાં આઠના બદલે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો છે. જ્યાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે, ત્યાં વીજળી પુરવઠો આપવાનો સમય વધારવામાં આવે. આ માંગને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૦ કલાક વીજળી આપવાનું શરુ કરાયું છે. હાલ રાજકોટ, જૂનાગઢ, જામનગર, પોરબંદર જિલ્લા પૂરતો આ નિર્ણય કરાયો છે

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**હરીપર :** નટવરલાલ ગોરધનદાસ કોટેચા (હરીપર - કલ્યાણપુર વારા) તે સ્વ. પરમાણંદભાઈ(કારૂઅદા) ના નાના ભાઈ તથા સ્વ. ગોકલદાસ તથા સ્વ. જમનાદાસ, સ્વ. દેવકુવરબેન ધરમશીભાઈ દતાણી (વાડીનાર-ખંભાળીયા), મંજુલાબેન દયાળજીભાઈ જટણીયા (રાવલ) તથા સ્વ. જયાબેન બાબુલાલ તકવાણી (પોરબંદર)ના મોટાભાઈ તથા શૈલેષભાઈ (ભૂલો), રાજેશભાઈ, કુસુમબેન અનિલકુમાર તકવાણી (ભાટિયા), શોભનાબેન ધીરજલાલ દાવડા (બાકોડી-ભાટીયા), શિલ્પા પિયુષકુમાર પંચમતિયા (જામનગર )ના પિતા તથા ગીતાબેન અરવિંદકુમાર લુક્કા (પોરબંદર), વ્રજલતાબેન રમેશકુમાર ચોટાઈ (લંડન - યુ. કે.) ના કાકા તથા કલ્પેશભાઈ, સોનાબેન હરીશકુમાર જટણીયા(ખંભાળીયા), ભારતીબેન જયેશકુમાર (ભાટિયા -રાજકોટ), નીલાબેન રીતેશકુમાર મદલાણી (પોરબંદર), કિરણબેન નિલેશકુમાર દાવડા (ભાટિયા )તથા ધારાબેન જીગરકુમાર બારાઈ (દ્વારકા) ના અદા તથા શામજીભાઈ ભીમજીભાઈ કારીયા (અણીયાળી - પોરબંદર) વાળાના જમાઈ નું તા ૨૪/૦૯ (મંગળવાર) ના રોજ અવસાન થયેલ છે તેમની પ્રાર્થના સભા મુ.હરીપર (તાલુકો કલ્યાણપુર) સતવારા સમાજ ની વાડી ખાતે ૨૬/૦૯ ને ગુરુવારે સાંજે ૪ થી ૫ વાગ્યા દરમ્યાન રાખેલ છે સાસરા પક્ષ ની સાદડી પણ સાથે રાખેલ છે.

**રાજકોટ :** ગુ.હા.સ.ચા.મોઢ બ્રાહ્મણ સ્વ.વસંતરાય હરિશંકર ત્રિવેદીના પુત્ર ઉમેશકુમાર વસંતરાય ત્રિવેદી (ઓધવાણી), ઉ.વર્ષ-૬૫ નિવૃત્ત વહીવટી અધિકારી સિવિલ હોસ્પિટલ તેઓ જયશ્રીબેનના પતિ રવિભાઈ તેમજ જલ્પાબેનના પિતાશ્રી તથા સ્વ.પ્રેમિલાબેન, સ્વ.ગીતાબેન, ચંદ્રિકાબેન (જુનાગઢ), નયનાબેનના ભાઈનું તા.૨૦/૯ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું સ્વસુર પક્ષનું તા.૨૬/૦૯ના ગુરૂવારના રોજ સ્વ.કલ્યાણજી નરશીભાઈ જાની કોમ્યુ. હોલ (જ્ઞાતિની વાડી), ચંદન પાર્ક, કર્મચારી સોસાયટી મેઈન રોડ, રૈયા રોડ ખાતે સાંજે ૫:૦૦ થી ૬:૦૦ રાખેલ છે.

**રાજકોટ :** સંજયકુમાર પ્રભુદાસ ભોજાણી તે (ઉ.વ.૬૫) વલ્લભદાસ નારણદાસ ગણાત્રાના જમાઈ તથા શિલાબેનના પતિ તા.૧૫/૦૯ના અવસાન થયેલ છે. તેમની પિયરપક્ષની સાદડી તા.૨૬/૦૯/૨૦૨૪ ગુરૂવારના સાંજે ૫ થી ૬ કલાકે ''સ્ટાર પેલેસ'' સોમનાથ-૧ રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સોની હેમલતાબેન હેમતલાલ ઝીંઝુવાડીયા (જોડીયા વાળા) (ઉ.વ.૮૭) તે મનોજભાઈના માતુશ્રી તથા પ્રતિકભાઈ, અંકુરભાઈના દાદી તેમજ લીલાધરભાઈ વાઘજીભાઈ આડેસરાની દીકરી અને ચંપકભાઈ, વ્રજલાલભાઈ, નવિનભાઈના બહેનનું તા.૨૩ના રોજ અવસાન થયેલ છે. બંને પક્ષનું બેસણું : તા.૨૬ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૨ કલાકે સ્થળ : વાઘેશ્વરી વાડી યુનિટ નં.૩, રામનાથપરા, રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ :** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સ્વ. પ્રતાપભાઈ લાભશંકરભાઈ જોષીના પૌત્ર અને વિપુલભાઈના પુત્ર ઓસમ (ઉ.વ. ૬) તે સ્વ. હરેશભાઈ અને પરેશભાઈના ભત્રીજાનું તા. ૨૨-૯ને રવિવારના અવસાન થયું છે. સદગતનું ઉઠમણું બેસણું તા. ૨૬-૯ના ગુરુવારે સાંજે ૫ થી ૬ શ્રી ચામુંડા કૃપા, વોરા કોટડા રોડ, અનમોલ પાનવાળી શેરી, ગોંડલ ખાતે રાખ્યું છે.

અવસાન નોંધ

**રાજકોટઃ** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ અ.સૌ. પ્રભાબેન મનસુખભાઈ દવે (ઉં. વ. ૮૪) (વડીયા) જે મનસુખભાઈ દવેના પત્ની, જનકભાઈ દવે ( આઈટીઆઈ અમરેલી), વિજયભાઈ દવે ( પીઆઈ અમદાવાદ), તરુબેન હસમુખભાઈ પાઠક (અમરેલી), મીતાબેન સંજયભાઈ દવે (રાજકોટ), ના માતા, હેપીન(રામ), હરિત (લખન) ગાંધીધામ, મૈત્રી (અમદાવાદ) ના દાદીજીનું તા. ૨૪ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું ૨૬ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન જીવન મુકતેશ્વર મહાદેવ મંદિર, સત્સંગ હોલ રેલવે સ્ટેશન સામે, અમરેલી મુકામે રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ રાજકોટ નિવાસી મહેન્દ્ર ભાનુશંકર દવે (ઉ.વ.૮૭) નિવૃત પ્રોફેસર કોટક સાયન્સ કોલેજ તે જયશ્રીબેનના પતિ, નૈષધ - સોનલ, વિશાલા - કૌટિલ્યના પિતા, અંતનભાઈ - નડિયાદ, હરેશભાઈ રાજકોટ, સ્વ. પ્રેમલતાબેન પાલીતાણા, શારબદાબેન- ભાવનગર, સુધાબેન- પુનાના ભાઈ, સ્વ. ગજાનન વ્યાસ ભાવનારના જમાઈનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે ઉમસાદન, જે.કે. ચોક પાસે, શિવશકિત કોલોની પાછળ, યુનિવર્સિટી રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે,

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

ગુજરાતી મચ્છુ કાઠિયા જ્ઞાતિના હોદેદારો દ્વારા

# પોલીસ કમિશનરને અપાયેલા આવેદન પત્રના વિરોધમાં સજ્જડ પુરાવા રજુ: વિમલ ચાવડા

## બદનક્ષીની ફરીયાદ કરવા કાનુની વિદની સલાહ મુજબ કાર્યવાહીની પત્રકાર પરિષદમાં ચીમકી ઉચ્ચારતા દાતા

**અબતક, રાજકોટ**

શહેરમાં કાર્યરત ગુજરાતી મચ્છુ કાઠિયા જ્ઞાતિના હોદેદારો દ્વારા દાતા વિમલભાઈ ચાવડા વિરૂધ્ધ કરાયેલી પોલીસ કમિશ્નરને રજુઆત બાદ દાતા વિમલભાઈ ચાવડા દ્વારા યોજેલી પત્રકાર પરિષદમાં ભરત દુદકીયા, પરેશ ચાવડા અને ગૌરાંગ ચાવડા સહીત ધર્મેન્દ્ર પરમાર દ્વારા કરાયેલા આક્ષેપો પાયા વિહોણા હોવાનું જણાવ્યું હતું.



તસ્વીર: શૈલેષ વાડોલીયા

પોલીસને અપાયેલા આવેલા આવેદન પત્રમાં અપાયેલીી માહીતી સત્યથી વેગળી અને પાયા વિહોણી હોવાથી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ સમાન કૃત્ય છે. હોદેદારો વિરૂધ્ધ થયેલા કેસ સહિતની કાનુની કાર્યવાહીના પુરાવા રજુ કરી કથિત હોદેદારોનો ઈરાદાનો ના મલીન ઈરાદોનો ફિયાસ્કો થયો છે. આ અંગે સજજડ પુરાવા સાથે પોલીસ કમિશ્નરને રજુઆત કરવામાં આવનાર છે.

મચ્છુ કાઠિયા જ્ઞાતિના દાતા વિમલભાઈ ચાવડાએ પ્રેસ કોન્સફરન્સમાં જણાવ્યું હતું કે, તેમના સમાજના બની બેઠેલા આગેવાનો વિરૂધ્ધ અગાઉ કોર્ટ કાર્યવાહી કરવામાં આવી હતી. સમાજના વિશાળ હિતને ધ્યાને લઈને કહેવાતા હોદેદારો સાથે કોર્ટમાં શરતી સમાધાન કર્યુ હતું.

હોદેદારોએ તેમની વિરૂધ્ધ કમીટીના બીજા સભ્યો નવો કેસ કરશે એવી ગંધ આવી જતાં તમામ સભ્યોએ રાજીનામા ધરી દીધા છે. અને હવે દોષનો ટોપલો નવી કમીટી પર નાખવાનો પ્રયાસ કર્યો હોવાની સમાજમાં ચર્ચા થઈ રહી છે.

સમાજના આગેવાન તરીકે સમાજનો ઉત્કર્ષ કઈ રીતે કરવો લોકોને કઈ રીતે આગળ વધારી શકાય એવા પ્રયાસ કરવાના બદલે સમાજને દરેક કદમ પર ખભે ખભા મિલાવીને તન, મન, ધનથી પુરે પુરો સહકારી આપતા દાતાઓનું ઘોર અપમાન કરવાની એક પણ તક જતી નથી કરતા.

સમાજના દાતા વિમલભાઈ ચાવડા દ્વારા આગામી દિવસોમાં ઉપરોકત હોદેદારો વિરૂધ્ધ આઈપીસીની કલમ ૫૦૦ મુજબ બદનક્ષીની ફરીયાદ નોંધાવાયા તેવી શકયતા પણ જણાવી હતી તેમ અંતમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

# કોર્પોરેશન દ્વારા સફાઈ કામદારો માટે મેડિકલ કેમ્પ યોજાયા

## કાલે અને શુક્રવારે અલગ-અલગ વોર્ડમાં કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આજે વોર્ડ વાઇઝ સફાઈ કામદારો માટે ‘‘મેડિકલ કેમ્પ’’નું આયોજન કરવામાં આવ્યું હતું. વોર્ડ વાઈઝ મેડીકલ કેમ્પ અંતર્ગત વોર્ડ નં.૧૫માં અમુલ સર્કલ પાસે, મોહનભાઈ સરવૈયા હોલ સામે, ૮૦ ફૂટ રોડ ખાતેના મેડીકલ કેમ્પમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, વોર્ડ નં.૧૫ની સંગઠન ટીમ, નાયબ પર્યાવરણ ઈજનેર વી.આર. ચાવડા, નાયબ આરોગ્ય અધિકારી મહીપાલસિંહ જાડેજા, સેનીટરી ઈન્સ્પેકટર સંજયભાઈ દવે વગેરે ઉપસ્થિત રહી આરોગ્યલક્ષી મેડીકલ કેમ્પની કામગીરી નિહાળી હતી અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પોતાના કર્મચારી માટે કરવામાં આવેલ આ મેડીકલ કેમ્પ અંગે અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં જણાવવાનું કે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આજથી શરૂ કરવામાં આવેલ આ મેડીકલ કેમ્પ આગામી બે દિવસ એટલે કે, તા.૨૬ અને તા.૨૭ના રોજ પણ શરૂ રહેશે.

# માં સંતોષી શાળામાં વિદ્યાર્થીઓએ માનવ સાંકળ રચી આપ્યો સ્વચ્છતાનો સંદેશ

**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૩ માં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત માં સંતોષી પેસેન્ટર શાળા નં. ૯૮ ખાતે કાલે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતાણી સેવા ૨૦૨૪ની ઉજવણીના ભાગરુપે સેલ્ફી પોઈન્ટ ઈન્સ્ટોલેશન તેમજ સ્વચ્છતાના વિષય પર માનવ શૃંખલાની રચનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થી દ્વારા માનવ સાકળ બનાવી સ્વચ્છતા હીસેવાનું સુત્ર બનાવવામાં આવેલ, આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ધારાસભ્ય દર્શિતાબેન



શાહ, મનિષભાઈ રાડીયા દંડક શાસક પક્ષ રાજકોટ કોર્પો. તેમજ શાળાના આચાર્ય ચંપકભાઈ પ્રજાપતિ, વોર્ડ નં.૩ ના એસ.આઈ. એઝાઝખાન તેમજ તેમની ટીમ દ્વારા સ્વચ્છતાહી સેવા ની ઉજવણીમાં ભારે જહેમત ઉઠાવેલ શાળાના આસિ. શિ. કેતનભાઈ ડેર, સંજયભાઈ ચાવડા, ભરતભાઈ તેમજ ભકિતબેન કાનગડ શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ હતી.

# જૈન પરિવારના પુષ્પાબેન બાવીસીના ચક્ષુદાનથી બે વ્યક્તિના જીવનમાં આવશે આંખોની રોશની

**અબતક, રાજકોટ**

રાજકોટ નિવાસી જૈન પરિવારનાં સ્વ. પુષ્પાબેન ચંદ્રકાંત બાવિસી (ચરેલ નિવાસી )નું અવસાન થતાં તેમના પુત્ર મનીષભાઈ અને પુત્રી હેમાબેન કિર્તીભાઈ દોશી અને પરિવારની સહમતીથી અને જૈન સોશિયલ ગ્રુપ મીડ ટાઉનનાં કમિટી સભ્ય કિર્તીભાઈ એસ.દોશીની પ્રેરણાથી સ્વ.પુષ્પાબેનનાં ચક્ષુનું દાન કરવા જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન અને આઈ ડોનેશન ડ્રાઈવનાં ઉપેનભાઈ મોદી અને ચક્ષુ દાન અભિયાન સમિતિનાં માર્ગ દર્શક મુકેશભાઈ દોશી અને વિવેકાનંદ યુથ કલબનાં કન્વીનર અનુપમ ભાઈ દોશી દ્વારા ચક્ષુદાન કરવામાં આવ્યું. ડો ધર્મેશ શાહ દ્વારા ચક્ષુ સ્વીકારેલ. બન્ને સંસ્થાઓનું આ ૧૨૦મુ ચક્ષુદાન છે.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ નો સંપર્ક સાધવા વિનંતી.

# ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર દ્વારા શનિવારે માનસિક સ્વાસ્થ્યને લઈને કેમ્પનું આયોજન

**અબતક,રાજકોટ**

ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર ખાતે માનસિક સ્વાસ્થ્યને લગતી કોઈપણ પ્રકારની તકલીફોના નિદાન માટે ફ્રી કેમ્પનું આયોજન તા.૨૮ના કરેલ છે, જેમાં દવા વગર વ્યસન મુક્તિ તથા માનસિક સ્વાસ્થ્યને લગતી તકલીફો જેવી કે વારે વારે રડવું આવવું, એકના એક વસ્તુ વાતના વિચાર આવ્યા કરવા, ઊંઘ ના આવવી અથવા વધુ પડતી ઊંઘ આવવી, કોઈ મારી નાખશે તેવો ભ્રમનો અનુભવ થવો, નાની વાતમાં વધુ પડતી ચિંતા થવી, જીવન જીવવામાં રસ ઉડી ગયો છે એવું લાગવું, વારંવાર હાથ ધોયા કરવા, કોઈપણ કામ ધ્યાન આપીને ના કરી શકવું, તમે પોતાના જીવનથી ખુશ નથી એવું લાગવું, એકલાપણું લાગવું, તમારી લાગણીઓ કોઈને વ્યકત ના કરી શકવી, ઊંચાઈથી ડર લાગવો,

કોઈ બીમારીનો ડર લાગવો, નાની નાની વાતમાં વહેમ આવવો, તમને કોઈ વ્યક્તિ પર કે તમારી જાત પર ભરોસો નથી એવું લાગવું, તમારા ફેમિલી અને સમાજ પ્રત્યે નફરતનો અનુભવ થવો, વગેરે જેવી કોઈ પણ તકલીફો ધરાવતા બાળકોથી લઈ વયો-વૃદ્ધ કોઈપણ ઉંમરના વ્યક્તિ લાભ લઈ શકશે.આ કેમ્પમાં ભાગ લેવા માટે ૯૦૧૬૯૪૮૧૩૭ પર રજીસ્ટ્રેશન કરાવ પડશે આ કેમ્પનું સ્થળ ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર, ૧૩/૩ જાગનાથ પ્લોટ, કાઠીયાવાડ જીમખાના પાછળ, ડો.યાજ્ઞિક રોડ, ખાતે રાખેલ છે. સવારે ૯:૩૦ વાગ્યા થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી રહેશે.

# રેલવે મંત્રાલયે દિવ્યાંગોને સુગમ્ય ભરતી વેબસાઈટ શરૂ કરી

## વેબસાઈટનું રેલવે મંત્રાલયના એડિશનલ મેમ્બર પ્રમીલા ભાર્ગવ દ્વારા કરાયું

**અબતક,રાજકોટ**

દિવ્યાંગ વ્યક્તિઓ માટે સંપૂર્ણ સુલભતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈને અને માનનીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આપવામાં આવેલ મિશન ‘‘અંત્યોદય‘‘ ને સાકાર કરવાની દિશા તરફ એક પગલું ભરતા, રેલ્વે મંત્રાલયે આજે દિવ્યાંગોને સુગમ્ય ભરતી વેબસાઈટ www.rrbapply.gov.in શરૂ કરી, જેનાથી દિવ્યાંગ વ્યક્તિઓને કોઈપણ સહાય વિના રેલવેની ખાલી જગ્યાઓ માટે તેમની નોકરીની અરજીઓ ઑનલાઈન સબમિટ કરી શકશે.

આ વેબસાઈટ આંતરરાષ્ટ્રીય સુલભતા ધોરણો સાથે સંપૂર્ણ રીતે અનુરૂપ છે અને દિવ્યાંગ વ્યક્તિઓને સશકત બનાવવા પ્રતિ રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ વેબસાઈટ નું શુભારંભ આજે મુંબઈમાં ભારતભરના તમામ રેલ્વે ભરતી બોર્ડના અધ્યક્ષોની સમીક્ષા બેઠક દરમિયાન રેલ્વે મંત્રાલયના એડિશનલ મેમ્બર (સ્ટાફ) શ્રીમતિ પ્રમીલા એચ. ભાર્ગવ દ્વારા કરવામાં આવી હતી.

રાજકોટ જીલ્લા સહકારી સંઘ દ્વારા

# મોરબી-ટંકારાની સેવા સહકારી મંડળીઓના પ્રતિનિધિ માટે યોજાયો સેમિનાર

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા સહકારી સંઘ મોરબી તાલુકા સહકારી ખરીદી વેચાંણ સંઘ લી. મોરબી, મોરબી માળીયા તાલુકા પ્રોસે. સોસાયટી લી. તથા કૃભકોમાં સંયુકત ઉપક્રમે શ્રીજી હોલ, સનાળા રોડ, મોરબી ખાતે મોરબી, માળીયા (હા.) તથા ટંકારા તાલુકાની સેવા મંડળીના પ્રતિનિધિઓ માટેના સેમીનારનું કૃભકો (ન્યુ દિલ્હી) ના ડિરેકટર, રાજકોટ ડિસ્ટ્રી, બેંક તથા જીલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયાના અધ્યક્ષ




સ્થાને આયોજન કરવામાં આવેલ. આ સેમીનારમાં જીલ્લા સંઘના ડિરેકટર મનસુખભાઈ ભાડજા, તાલુકા સંઘના ચેરમેન નવીનભાઈ ફેફર, મોરબી માળીયા પ્રોસે. ના ચેરમેન બાબુભાઈ ઉધરેજા, ડિસ્ટ્રી. બેંકના ડિરેકટર અમૃતભાઈ વિડજા, દલસુખભાઈ પટેલ મોરબી માળીયા (મીં) તથા ટંકારા તાલુકાની સેવા મંડળીના પ્રમુખઓ તથા મંત્રીઓ હાજર રહ્યા હતા.

આ સેમીનારના અધ્યક્ષ સ્થાનેથી કૃભકો (ન્યુ દિલ્હી) ના ડિરેકટર રાજકોટ ડિસ્ટ્રી. બેંક તથા જીલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયાએ જણાવેલ હતું કે આજે રાજકોટ જીલ્લો સારાય ભારત દેશની સહકારી પ્રવૃતિમાં પ્રથમ સ્થાને છે. જેનું કારણ સહકારી યુવા નેતા જયેશભાઈ રાદડીયાની સુઝબુઝ અને નેતૃત્વ છે.

સહકારી પ્રવૃતિ જો સારી ચલાવવી હોય તો સૌએ સાથે મળીને ચલાવવી પડશે. તો જ સંસ્થાનો વિકાસ અને સભાસદોની જરુરીયાતો સંતોષી શકીશું, આજે આપણે સૌએ એક સરખા અપનાવેલ પેટા નિયમોના ઉદેશોને અનુસરીને મંડળીની પ્રવૃતિ વિકસાવવી પડશે હમણાં જ આપણા તાલુકાની વાવડી મંડળીએ સભાસદોના હિત માટે પ્રધાન મંત્રી જન ઔષધી કેન્દ્ર જયેશભાઈ રાદડીયાના હસ્તે ચાલુ કરેલ છે આમ આપણે આપણા ગામમાં પણ અનેક વિધ પ્રવૃતિઓ શરુ કરી મંડળને જીવંત વ્યવસાયીક એકમ તરીકે કામ કરવું જોઈએ તેમ જણાવેલ. આ સેમીનારમાં મોરબી, માળીયા (મી) તથાટંકારા તાલુકાની સેવા મંડળીના પ્રમુખઓ તથા મંત્રીઓ બહોળી સંખ્યામાં હાજર રહેલ હતા.

# સામાકાંઠે સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેતા ૯૧૬ લાભાર્થીઓ

## સરકારની વિવિધ યોજનાઓનો લાભ એક જ સ્થળેથી અપાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર પ્રજાની લાગણી, માંગણી, અપેક્ષા પૂર્ણ કરવાના શુભ હેતુથી સરકારની જુદી-જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓને ઘર આંગણે સુવિધા મળી રહે, તેવા શુભ હેતુથી રાજ્ય સરકારશ્રીની અધિસુચના અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકાને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારની યોજનાઓ વિગેરેના નિકાલ માટેદસમાં તબક્કાનો સેવાસેતુ કેમ્પ ગઈકાલે ઈસ્ટ ઝોનમાં આવેલ શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, સેટેલાઈટ ચોક, પેડક રોડ, રાજકોટ ખાતે યોજાયો હતો.

આ ‘‘સેવાસેતુ’’ કેમ્પમાં નાગરિકોને સરકારની જુદી-જુદી યોજના વાઈઝ પ્રાપ્ત થયેલ લાભની વિગતો જોઈએ તો, ૧) આધાર કાર્ડ-૧૫૯ ૨) રાશનકાર્ડ સુધારો-૧૦૬ ૩) કુંવરબાઈનું મામેરૂં સહાય યોજના-૨૫ ૪) દિવ્યાંગતા પ્રમાણપત્ર-૬ ૫)પી.એમ.જે.માં યોજના-૬૬ ૬) હેલ્થ એન્ડ વેલનેસ કાર્ડ-૧૬૫ ૭) પી.જી.વી.સી.એલ.-૩૦ ૮) બેંકેબલ યોજના-૯૦ ૯) સુકન્યા સમૃદ્ધિ યોજના-૧૩ ૧૦) સિનીયર સિટીઝન બસ પાસ યોજના-૩૬ ૧૧) રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના-૩ ૧૨) કૌટુંબિક સહાય યોજના-૧ ૧૩) નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર-૨ ૧૪) વૃદ્ધ નિરાધાર સહાય યોજના-૫ ૧૫) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના-૨ ૧૬) અનુસુચિત જાતિ કલ્યાણ યોજના-૪ ૧૭) જન્મ મરણ પ્રમાણપત્ર-૧૦ ૧૮) આવકનો દાખલો-૮૪ ૧૯) વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર-૮ ૨૦) આઈ.સી.ડી.એસ.-૮ ૨૧) વિધવા સહાય-૨ ૨૨) ઈ-શ્રમ કાર્ડ-૨૦ ૨૩) વાજપાઈ બેંકેબલ યોજના-૭ ૨૪) ટી.બી.લગત બિમારી-૨૬ ૨૫) પી.એમ.સ્વનિધિ યોજના-૧૮ ૨૬) રમત ગમત-૧૦ ૨૭) કૌશલ્ય કાર્ડ શાળા કોલેજ પ્રવેશ-૧૦ એમ મળી કુલ-૯૧૬ લાભાર્થીઓને લાભ પ્રાપ્ત થયેલ હતો.

# ઢોર ડબ્બામાં પશુઓના મોત માટે જવાબદારોને જેલમાં ધકેલો

## શહેર કોંગ્રેસ મહિલા મોરચા દ્વારા મેયરને આવેદન આપી કરાઇ માંગણી



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનના ઢોર ડબ્બામાં છેલ્લા ત્રણ મહિનામાં ૭૫૬ પશુઓના મોત નિપજયા હોવાની કબૂલાત ખૂદ તંત્ર દ્વારા જનરલ બોર્ડમાં કરવામાં આવી છે. ઢોર ડબ્બાનું સંચાલન જે સંસ્થાને સોંપવામાં આવ્યું છે. તે પશુઓને પૂરતા પ્રમાણમાં ઘાસચારો કે પાણી પણ આપતી નથી. ત્યારે ઢોર ડબ્બામાં નિર્દોષ પશુઓના મોત માટે જવાબદારોને જેલમાં ધકેલવાની માંગણી સાથે આજે શહેર કોંગ્રેસ મહિલા સમિતિ દ્વારા મેયરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

કોર્પોરેશનના ઢોર ડબ્બામાં રોજબરોજ ૩૦ થી ૪૦ ગાયોના મૃત્યુ થાય છે. નિર્ભર તંત્ર અને જીવદયા ટ્રસ્ટ ઘાસચારો નાખતી ન હોય પાણી ન આપતી હોય ત્યારે કોર્પોરેશનના જનરલ બોર્ડમાં કોર્પોરેટર કોમલબેનના પ્રશ્નના જવાબમાં ૧૫ જુન થી ૧૨ સપ્ટેમ્બરના ગાળામાં ૭૫૬ ગાયના મોત થયાનું ખુદ મહાનગર પાલિકાના સત્તાધિશો દ્વારા સ્વિકારવામા આવ્યુ હોય ત્યારે એક તરફ સરકાર ગૌરક્ષાની દુહાઇ આપી સત્તાધીસોને ગાય પ્રત્યે કેટલી નકલી લાગણી છે એ દર્શાવી રહી છે. બીજી તરફ એજ નકલી ગોરક્ષક રક્ષા નથી કરી શકતા મહાનગર પાલિકા દ્વારા જીવદયા ટ્રસ્ટને સંચાલન કરવા આપ્યું છે. ગાય દિઠ ૫૫ રૂપીયા નીભાવ ખર્ચ કોર્પોરેશન આપે છે છતા ગાયને નીણ-પુરો નાખવામા નથી આવતો તેથી ભુખમરામાં ગાયના મોત થયા છે. જેથી જીવદયાના જવાબદારો અને કોર્પોરેશનના અધિકારી સામે પગલા લેવા માંગણી છે. થોડા દિવસ પહેલા બોટાદમાં ગૌશાળામાં ૨૦૦ થી વધારે ગાયના મોત થયા તા ત્યારે ત્યાના જવાબદારોને જેલમાં નાખયા તા તો રાજકોટમાં કેમ આવા પગલાં લેવાતા નથી તેવા પણ સવાલ કર્યો હતો.

# ગુજરાત ટી ટ્રેડર્સ એસો.નો યોજાઈ વાર્ષિક સામાન્ય સભા

## ગુજરાત ટી ટ્રેડર્સ એસો.ના નવી ટર્મ માટે મનિષ પટેલએ પ્રમુખ તરીકે સંભાળ્યો ચાર્જ

**અબતક,રાજકોટ**

રાજકોટ મુકામે એમેરલ્ડ કલબમાં ગુજરાત ટી ટ્રેડર્સ એસોસીએશનની ૪૯મી વાર્ષિક સભા અને બીઝનેશ મીટ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ પ્રમુખ દિનેશભાઈ કારીયાની અધ્યક્ષ સ્થાને મળેલી જેમાં સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ચાના વેપારીઓ તથા પેકટર્સ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં જાણીતા મોટીવેશનલ સ્પીકરો જ્ઞાનવત્સલ સ્વામી અને રાજકોટના સંસદ પરસોતમભાઈ રૂપાલા, જીટીટીએના સેક્રેટરી મનીષકુમાર પટેલ, ઉપપ્રમુખ રમણભાઈ પટેલ, રતનલાલ શર્મા, આ કમલ સેજપાલ અને રાજકોટમાં ખુબજ જાણીતું નામ એવા સુરેશભાઈ સંઘવી વગેરેએ દીપ પ્રાગટય કરી અને કાર્યક્રમની શરૂઆત કરેલી. કાર્યક્રમના પ્રથમ દોરમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર જ્ઞાનવત્સલ સ્વામી ત્રણ મુખ્ય સ્થંભ ઉપર વેપારીઓએ આગળ વધવુ જોઈએ એવી એમણે સલાહ આપી હતી સ્વાગત પ્રવચન કરતા હણ જીટીટીઅના પ્રમુખ દિનેશભાઈ કારીયાએ જણાવ્યું હતું કે પ્રમુખ તરીકે મેં ૨૦૧૮ માં જુનાગઢ મુકામે એજીએમમાં ચાર્જ સંભાળેલ હતો ત્યાથી લઈ અને ૨૦૨૪ એટલે કે છ વર્ષ સુધી જીટીટીએ ના બધા જે મારી ઉપર વિશ્વાસ મુકી અને જે જવાબદારી સોપેલી હતી તેમાં છે:

એમ.બી. ગ્રુપના ડાયરેકટર આયુષ બંસલજીએ તેમની કંપનીનું એક વિઝન ડોક્યુમેન્ટરી વિડીયો રજુ કર્યો હતો અને કહ્યુ હતું કે અમારી પાસે ૨૦ માર્કાની ચા અમે બનાવીએ છીએ ચાર ચાના બગાન છે અને અનગીનીત ચાની ફેકટરીઓ છે. જેના કારણે અમે વર્ષે બે કરોડ કિલો ચાનું ઉત્પાદન કરીએ છીએ. એમ.બી. ગ્રુપનું માર્કેટીંગ સમગ્ર ભારતમાં ફેલાયેલું છે જેમાં ગુજરાતનો ખુબ મોટો હિસ્સો છે જેનું મને ગૌરવ છે. અમે લોકો ખુબ હાઈજેનીકથી અને નાની નાની બાબતમાં ધ્યાન આપીને ચા બનાવીએ છીએ જેના કારણે અમારી પાસે ચા બને અને તરત જ વેચાય જાય છે. જેના માટે હું સમગ્ર ઈન્ડીયાના બાયર્સ હું ઋણી છું. ગુજરાત ટી ટ્રેડર્સ એસોસીએશને અમને જે આ મોકો આપ્યો કે અમો અમારી વાત ગુજરાતના સમગ્ર વેપારીઓની સામે જે પ્લેટફોર્મ આપ્યું એમના પણ અમો આભારી છીએ એવું એમના વકતવ્યમાં કહેલ.

જીટીટીએના ૨૦૨૪-૨૦૨૬ ના પ્રમુખ તરીકેનો ચાર્જ મનીષભાઈ પટેલ અને તેમની ટીમને સોંપવામાં આવ્યો. મનીષભાઈએ જણાવ્યું હતું કે જીટીટીએ સ્થાપના ૧૯૭૬ માં થયેલી છે જેને આજે ૪૯ વર્ષ પૂર્ણ થયેલ છે. અને આ ૪૯ વર્ષની અંદર જે મારી પહેલા રહેલા પ્રમુખો જે કામગીરીઓ કરેલ છે તે પ્રમાણે હું પણ એજ દિશામાં પ્રયત્નો કરતો રહીશ. આ મીટીંગને સફળ બનાવવા માટે જીટીટીએના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ બરછાના નેજા હેઠળ એક રાજકોટની ટીમ બનાવવામાં આવી હતી તે સમગ્ર ટીમે ખુબજ સારી રીતે કામગીરી કરેલ જેના કારણે આ એજીએમ સફળ થઈ તો અરવિંદભાઈ બરછા અને રાજકોટ ચા બજારની આખી ટીમનો પણ જીટીટીએ ખરા દિલથી આભાર માને છે.

# પેન્શન વધારાની માંગ સામે બીએસએનએલ કર્મચારીઓ દિલ્હીમાં કરશે ધારણા

**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય બીએસએનએલ - એમટીએનએલના તમામ એસોએશન દ્વારા બીએસએનએલ પેન્સનરોની ૨૦૧૭ થી બાકી રહેલી પેન્શન રીવીઝન ની ત્રણ ત્રણ મુદત વીતી ગયા છતાં પેન્શન વધારો થયો નથી આ અંગે ઓલ ઈન્ડિયા બીએસએનએલ ડોટ પેન્શનર્સ એશો. દ્વારા રાજયના દરેક જીલ્લામાં સાંસદો ને આવેદન પત્ર આપી આ પ્રશ્નનો ઉકેલ નહી આવેલી ૧૩-૧૧ ના રોજ રાજધાનીની દિલ્હીમાં જંતર મંતર ખાતે બીએસએનએલ પેન્શનરો એશો.ના ઉપપ્રમુખ જીતુભાઈ ચતીયારાએ અનુરોધ કરી કાર્યક્રમને સફળ બનાવવા અપીલ કરી છે.

# સર્વોત્તમ હવેલી ખાતે રવિવારે યોજાશે બ્રહ્મસંબંધ દીક્ષા

**અબતક, રાજકોટ**

ગોપીનાથજીના પ્રાગટ્ય દિવસે શ્રી સર્વોત્તમ હવેલી મા વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પરાગકુમારજી મહોદય દ્વારા રવિવારે બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે તો સર્વે વૈષ્ણવ સૃષ્ટિને આહવાન કરવામાં આવે છે બ્રહ્મસંબંધ લેવા ઈચ્છુક વૈષ્ણવોને તારીખ ૨૭ - ૯ સુધીમાં નામ લખાવી શકાશે. રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સર્વોત્તમ હવેલી ૬/૮ અંબાજી કડવા પ્લોટ પી. એમ કોલેજ ગોંડલ રોડ ખાતે રાખેલ છે. વધુ વિગત અને નામ નોંધાવવા માટે રઘુરાજ સિસોદિયા મો.નં. ૯૩૭૬૯ ૪૭૧૩૧,પ્રકાશભાઈ મેંદપરા મો.નં. ૯૮૨૫૨૨૭૬૦૧નો સંપર્ક કરવો.

# ભારત અને અમેરિકાની ડિફેન્સ કંપની સાથે મળી દરિયા કિનારાની સુરક્ષા માટે અધ્યતન ટેકનોલોજી વિકસાવશે



## દરિયાઈ સપાટીની સુરક્ષા માટે અધ્યતન વેવ ગ્રાઈન્ડર ટેકનોલોજી આવિષ્કારથી દરિયાઈ હલચલ પર નજર રાખવાની વ્યવસ્થા માટે ભારત બનશે નિર્ભર

અબતક, રાજકોટ

વિશ્વની સૌથી મોટી લોકશાહી અને હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહેલું ભારત સરક્ષણની રીતે પણ વધુને વધુ સક્ષમ બનવા એક પછી એક ટેકનોલોજી નો આવિષ્કાર કરી રહ્યું છે ભારત માટે ભૂમિ આકાશ અને દરિયાઈ સુરક્ષા સરખી જ મહત્વની છે ત્યારે પ્રશાંત મહાસાગર પર વધતા જતા ચીનના અતિક્રમણ સામે દરિયાઈ સુરક્ષા ને વધુ સજ બનાવવા ભારતીય કંપનીએ અમેરિકન સંરક્ષણ કંપની સાથે હાથ મિલાવી દરિયાઈ સુરક્ષા માટે અધ્યતન ટેકનોલોજી ના વિકાસ માટે કવાયત હાથ ધરી છે.

સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીથી શસ્ત્રોનું ઉત્પાદન કરતી ભારતની સાગર ડિફેન્સ એન્જિનિયરિંગ કંપનીએ અમેરિકાની બોઈંગ લિક્વિડ રોબોટિક્સ કંપની સાથે દરિયાઈ સુરક્ષા માટે સપાટી પર તરી શકે તેવા સરક્ષણ જહાજ સ્કેલ્ડ અનક્રુટ સરફેસ વ્હીકલ ના નિર્માણ માટે હાથ મિલાવવાની જાહેરાત કરી છે.

ભારતના સંરક્ષણ મંત્રાલય અને વાઈટ હાઉસ દ્વારા આ ભાગીદારીની અગાઉ નિર્દેશ આપ્યો હતો ભારત અમેરિકા અને વૈશ્વિક સ્તરે દરિયાઈ સુરક્ષા ને મજબૂત બનાવવા કમર કથવામાં આવી રહી છસાગર ડિફેન્સ એજન્સી અને લિક્વિડ રોબોટિક કંપની દ્વારા ૨૦૨૫ સુધીમાં સંયુક્ત રીતે એસયુવી સાગર સુરક્ષા માટેની ટેકનોલોજી નિર્માણનું કામ શરૂકરશે આ ભાગીદારીથી દરિયાઈ સુરક્ષા માં ભારતની આત્મનિર્ભ વાર્તા વધશે પ્રાદેશિક ધોરણે દરિયાઈ સુરક્ષા માટે ભારતે અધ્યતન સાધન સુવિધા પ્રાપ્ત કરવા માટેની લાંબા સમયથી કવાયત શરૂકરી દીધી છે બોઈંગ ભારતમાં દાયકાઓથી સંરક્ષણ ઉત્પાદનમાં ભારતને સહયોગ આપી રહી છે હવે ઈન્ડો પેસિફિક દરિયાઈ સુરક્ષા માટે કોઈ અન્ય દેશની સરક્ષણ પ્રણાલીની જરૂરિયાત નહીં રહે સાગર ડિફેન્સ ના સહ સ્થાપક દ્વારા જણાવ્યું હતું કે અમેરિકન કંપની સાથેની આ ભાગીદારી ભારતની સંરક્ષણ શક્તિમાં વધારો કરશે સાઉથ એશિયાના પ્રેસિડેન્ટ શરીર ગુપ્તાએ પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે અમારી કંપની ભારતીય ભાગીદારી માં યુ.એસ.સી સિસ્ટમ નો વિકાસ કરી મરીન સિક્યુરિટી એન્જિનિયરિંગમાં વિશ્વની સર્વશ્રેષ્ઠ પ્રણાલી નું નિર્માણ કરશું.

કરારને આવકારતાં, લિક્વિડ રોબોટિક્સના સીઈઓ શેન ગુડનફએ જણાવ્યું હતું કે, ‘‘યુએસ અને ભારત સરકારો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા અને ઈન્ડો-પેસિફિકમાં વ્યૂહાત્મક તૈયારીને મજબૂત કરવા માટે વેવ ગ્લાઈડર એક આદર્શ સિસ્ટમ છે. સાગર ડિફેન્સ સાથે જોડાણ એ એક નવા યુગની નિશાની છે. અમારો દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ અને અમને ભારતમાં અમારી હાલની વેવ ગ્લાઈડર કામગીરીને આગળ વધારવા માટે સક્ષમ બનાવે છે. લિક્વિડ રોબોટિક્સના CEO

સાગર ડિફેન્સ પહેલાથી જ ભારતીય નૌકાદળને વાહન નિયંત્રણ સિસ્ટમ્સ, સેન્સર એકીકરણ અને માનવરહિત સિસ્ટમ ઉત્પાદનમાં મુખ્ય ક્ષમતાઓ સાથે સ્કેલ્ડ અનક્રુડ સરફેસ વ્હિકલનો અગ્રણી પ્રદાતા છે. જેનાથી દરિયાઈ સુરક્ષા વધશે અને વધુ સક્ષમ બનશે.

# સાવધાન કોલેસ્ટ્રોલને નજર અંદાજ કરશો તો હૃદય રોગના હુમલાનો ભોગ બની શકો છો



## યુવા અવસ્થાએ વધતા જતા હૃદય રોગના હુમલા પાછળ બેડ કોલેસ્ટ્રોલની વિલનની ભૂમિકા, કોલેસ્ટ્રોલ અંગેની સાવચેતી અકાળે કપાતી જીવન રેખા બચાવી શકે

અબતક, રાજકોટ

કહેવત છે કે ખાધું પીધું ખંભે આવે.. આરોગ્યપ્રદ જીવન અને સશક્ત બાંધા શકિત માટે પોષણક્ષમ આહાર અનિવાર્ય છે પરંતુ હવે બદલાયેલા યુગની જીવનશૈલી માં સમજ વગરનું ખાધું પીધું જ જીવન માટે જોખમી બની રહ્યું છે યુવાવસ્થામાં વધતા જતા હૃદય રોગના હુમલા પાછળ કોલેસ્ટ્રોલની ભૂમિકા અંગે હવે સાવચેતી અનિવાર્ય બની છે

યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે તબીબી ભાષામાં કહીએ તો હૃદય રોગના ના વધતા જતા પ્રમાણ પાછળ ઘણા કારણ જવાબદાર છે તેમાં કોઈ એક કારણ નક્કી કરવું મુશ્કેલ છે પરંતુ હૃદય રોગ માટે એક પરિબળ સામાન્ય છે જે કોલેસ્ટ્રોલનું અસામાન્ય પ્રમાણ ચરબી જેવા પદાર્થ નું સેવન હૃદય રોગ માટે જોખમી બને છે શરીર માટે કોલેસ્ટ્રોલ દિવસે દિવસે વધુને વધુ જોખમી બનતું જતું હોવાનું તાજેતરમાં આવેલા એક સંશોધન પત્રમાં જણાવ્યું છે દિલ્હીની જીબી પંથ હોસ્પિટલના કારિયોલોજી પ્રોફેસર ડોક્ટર મોહિત ગુપ્તા નું કહેવું છે કે ૪૦ થી ઓછી ઉંમરના ૭૦% થી વધુ દર્દીઓ ને હૃદય રોગ પાછળ વધુ પડતું કોલેસ્ટ્રોલ જવાબદાર હોય છે જેનું નિદાન થતું નથી અને દર્દી માટે જીવલેણ બની જાય છે ૪૦ થી ૬૦ વર્ષની ઉંમરમાં અસાધારણ રીતે વધુ કોલેસ્ટ્રોલ ધરાવતા લોકોમાં હૃદય રોગ નું જોખમ વધુ જોવા મળે છે.

### સમયસર લિપિડિસની ચકાસણી કરતું રહેવું જોઈએ

હૃદય રોગનું જોખમ અને કોલેસ્ટ્રોલની સમસ્યા થી બચવા માટે દરેક વ્યક્તિએ સમયાંતરે લિપિડિસ ટેસ્ટ કરાવતું રહેવું જોઈએ ખોરાકમાં વધુ હોય તેટલું કોલેસ્ટ્રોલ નળીઓમાં જામતું હોય છે સમયસર નું નિદાન ન થાય તો તે હૃદય રોગ નોતરી શકે છે એટલે સમયસર કોલેસ્ટ્રોલ નું પ્રમાણ મપાવતું રહેવું જોઈએ કોલેસ્ટ્રોલ અત્યારે કઈ સ્થિતિમાં છે કેટલું વધે છે વધુ અટકાવવા માટે શું કરવું તે માટે લિપિડ પ્રોફાઈલ કરાવતું રહેવું જોઈએ

### સારા કોલેસ્ટ્રોલ નું પ્રમાણ શરીરમાં કેટલું હોવું જોઈએ?

કાર્ડિયોલોજિકલ સોસાયટી ઑફ ઈન્ડિયાએ તાજેતરમાં ભારતીય વસ્તીને ધ્યાનમાં લઈ લિપિડ મેનેજમેન્ટ ના અહેવાલને પ્રકાશિત કરી જણાવ્યું હતું કે એલ ડી એલ સી નું અસ્તર ૭૦% દિશાનિર્દેશો અનુસાર, એલડીએલ-સીનું સ્તર ૭૦ એમજી/ડીએલ અને નોન-એચડીએલ-સી, ૧૦૦ એમજી/ડીએલથી ઓછું કરવું જોઈએ. સફદરજંગ હોસ્પિટલ, દિલ્હીના પ્રોફેસર ડો. પ્રીતિ ગુપ્તા કહે છે કે, ૧૮ વર્ષની ઉંમરે શરૂ થતી કોલેસ્ટ્રોલ તપાસ, દવાઓનું પાલન અને તંદુરસ્ત જીવનશૈલીમાં ફેરફાર સાથે, કઉક કોલેસ્ટ્રોલ ઘટાડી શકે છે અને હૃદય રોગનું જોખમ ઘટાડી શકે છે.

### કોલેસ્ટ્રોલના બે પ્રકાર એક ફાયદાકારક અને એક જોખમી

હૃદય રોગ માટે કોલેસ્ટ્રોલ ને કરણ ભુત ગણવામાં આવે છે પરંતુ કોલેસ્ટ્રોલ માં બે પ્રકાર છે એક શરીર માટે ફાયદાકારક અને બીજો જોખમી એલડીએલ એટલે કે લો ડેન્સિટી લીપો પ્રોટીન ઓછી ઘનતાવાળા લિપ્રો પ્રોટીનને જોખમી કોલેસ્ટ્રોલ માનવામાં આવે છે તે ચરબી ના રૂપમાં શરીરની રક્તકેશિકાઓ અને ધમનીને બંધ કરી દે છે વિલન હોય ત્યાં હીરો પણ હોવો જોઈએ એચડી એલ એટલે કે ઉચ્ચ ઘનતાવાળા લીપો પ્રોટીન શરીર માટે ફાયદા રૂપ હોય છે કારણ કે તે લોહીને ફિલ્ટર કરીને સફાઈ કામદારની ગરજ સારે છે વધારાની ચરબી અને ખરાબ કોલેસ્ટ્રોલ સામે એચએલડી સુરક્ષા નું કામ કરતું હોવાથી આ કોલેસ્ટ્રોલ શરીર માટે ફાયદાકારક ગણાય

ખોરાકમાંથી કોલેસ્ટ્રોલ અંગે ની અલગ અલગ માન્યતાઓ પ્રવૃત્તિ રહી છે મુખ્યત્વે એવું માનવામાં આવે છે કે ખોરાક ખાવાથી કોલેસ્ટ્રોલ વધે છે કોલેસ્ટ્રોલ માટે ચરબીવાળો ખોરાક કારણભૂત માનવામાં આવે છે કોલેસ્ટ્રોલ માટે તાપમાન અને શરીરના અંતઃસ્ત્રાવો પણ ભાગ ભજવે છે. યુએસ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી) મુજબ, જો આપણે શરીર ઉપયોગ કરી શકે તેના કરતાં વધુ કોલેસ્ટ્રોલ લઈએ, તો વધારાનું કોલેસ્ટ્રોલ હૃદય સહિત ધમનીઓની દિવાલોમાં જમા થઈ શકે છે. આનાથી ધમનીઓ સાંકડી થાય છે અને હૃદય, મગજ, કિડની અને શરીરના અન્ય ભાગોમાં લોહીનો પ્રવાહ ઘટાડી શકે છે

### ગુડ કોલેસ્ટ્રોલ બેડ કોલેસ્ટ્રોલ સાથે ત્રીજા પ્રકારનું કોલેસ્ટ્રોલ પણ જણાય છે મહત્વનું

શરીર માટે કોલેસ્ટ્રોલ નું સંતુલન ખૂબ જ અનિવાર્ય માનવામાં આવે છે પ્રોટીન એ અને લિપો પ્રોટીન બી ની જેમ ત્રીજા પ્રકારનું કોલેસ્ટ્રોલ પણ મહત્વ ધરાવ. કરંટ મેડિકલ રિસર્ચ એન્ડ ઓપિનિયનમાં પ્રકાશિત થયેલ એક તાજેતરનો અભ્યાસ માં જણાવ્યું છે કે લિપોપ્રોટીન (એ) ના વધેલા સ્તરો પણ ૬૦ કે તેથી વધુ વયના લોકોમાં પુનરાવર્તિત સીએચડીના જોખમને વધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. સિડની યુનિવર્સિટી ઓફ ન્યુ સાઉથ વેલ્સ ખાતેના મુખ્ય લેખક અને સહયોગી પ્રોફેસર લિયોન સિમોન્સ નોંધે છે કે, ‘‘આ શોધ વધેલા ક્ષ(ફ) અને પુનરાવર્તિત ઈઈઉના જોખમ વચ્ચેના સંબંધોના વધતા પુરાવામાં ઉમેરો કરે છે.‘‘ તે સારી રીતે સ્થાપિત છે કે જે લોકો પહેલાથી જ ઈઈઉ નો અનુભવ કરી ચૂક્યા છે તેઓને બીજી ઘટનાનું ખૂબ જ જોખમ છે. અમારા નવા પરિણામો સૂચવે છે કે વિકાસમાં નવી થેરાપ્યુટિક્સ કે જે એલિવેટેડ ક્ષ(ફ) ને ઘટાડવાનું લક્ષ્ય રાખે છે તે પુનરાવર્તિત હૃદય રોગને રોકવામાં મદદ કરી શકે છે. જો કે, એલિવેટેડ ક્ષ(ફ) ને ઘટાડવા માટે ઉપચારના સંભવિત ક્લિનિકલ લાભની પુષ્ટિ થવાની બાકી છે.‘‘

ફોર્ટિસ એસ્કોર્ટ્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હીના અધ્યક્ષ ડો. અશોક સેઠ કહે છે કે ક્ષ(ફ) મેનેજમેન્ટ માટેની ક્લિનિકલ થેરાપી વિશ્વના કેટલાક ભાગોમાં ઉપલબ્ધ છે પરંતુ તે ખૂબ ખર્ચાળ છે. તેઓ ઉમેરે છે કે, ‘‘નવીન્ય ઉપચારો જ્યાં સુધી પોસાય તેવા ભાવે વ્યાપકપણે ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી અન્ય જાણીતા જોખમી પરિબળોને ઘટાડવા માટે ઉપલબ્ધ દવાઓ અને જીવનશૈલી દરમિયાનગીરીઓનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત

કરવો વધુ સમજદારીભર્યું છે.‘‘ ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલ નવી દિલ્હીના સિનિયર કાર્ડોલોજી કન્સલ્ટન્ટ ડોક્ટર મુકેશ ગોહિલ નું કહેવાનું છે કે માત્ર દવાઓ ના ઉપયોગ સિવાય કોલેસ્ટ્રોલ ને નિયંત્રિત કરવા શીખવું જોઈએ જીવનશૈલી નો બદલાવ જરૂરી છે સાથે સાથે જાડા ધામ કઠોળ ફળમાંથી ફાઈબર લેવું જોઈએ એવો કોડો બદામ અને ઓલિવ તેલ માંથી પણ લિપિડ પ્રોફાઈલ સુધારી શકાય એચડીએલ વધારવા અને એલડીએલ ઘટાડવામાં ફાઈબર મહત્વની ભૂમિકા ભજવી શકે ડોક્ટર ગોયલ નું કહેવું છે કે ધુમ્રપાન છોડવાથી લિપિડ સ્તર અને સમગ્ર હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે જીવનશૈલી બદલવાથી પણ ફાયદો થઈ શકે છે યુવા અવસ્થાએ આવતા હૃદય રોગના હુમલા થી બચવા માટે કોલેસ્ટ્રોલ નું નિયંત્રણ આવશ્યક ગણવામાં આવે છે જો સારી રીતે વધુ જીવવું હોય તો ખાવાનું કેટલું ખાવું તેનું મહત્વ રાખવાના બદલે કેવું ખાવું એ ઓળખી લેવાની જરૂર છે બધા કોલેસ્ટ્રોલ ખરાબ હોતા નથી સારા કોલેસ્ટ્રોલ ખોરાકમાંથી મળે તે માટે પણ સત્ય જ રહેવું જોઈએ

# મેયરના સાર્જન્ટને ભપકાદાર લિપસ્ટિક મોંઘી પડી

## ચેન્નાઈ મેયરના સાર્જન્ટને લિપસ્ટિકની આદત બની બદલીનું કારણ



અબતક, નવી દિલ્હી

ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશનની પ્રથમ મહિલા માર્શલને ગયા મહિને સત્તાવાર કાર્ય દરમિયાન લિપસ્ટિક ન લાગવાના આદેશનો કથિતપણે અવગણના કરવા બદલ મેયરને ઑફિસમાંથી કાઢી મૂકવામાં આવી છે. જે અંગે ટ્રાન્સફર અંગે કહ્યું છે કે ’આ ગ્રેટર ચેન્નાઈ મ્યુનિસિપલ કોર્પોરેશન છે અને આવી સૂચનાઓ માનવ અધિકારોની વિરુદ્ધ છે.’

૫૦ વર્ષીય એસ.બી. માધવીને કથિત રૂપે ટ્રાન્સફર ઓર્ડર મળ્યો હતો, તે અંગે જ્યારે તેણીએ મેયર આર પ્રિયાના અંગત મદદનીશ શિવ શંકરને પૂછ્યું કે તેણીને અથવા અન્ય કોઈને કામ પર લિપસ્ટિક લાગવવાથી રોકવાનું શું કારણ છે. ત્યારે માધવીએ શંકરના ૬ ઓગસ્ટના મેમોરેન્ડમના જવાબમાં લખ્યું હતું કે, ‘‘તમે મને લિપસ્ટિક લગાવવાની મનાઈ ફરમાવી હતી, પરંતુ તો પણ મે લગાવી હતી . જો તે ગુનો છે, તો મને લિપસ્ટિક લગવવા પર પ્રતિબંધ મૂકતો સરકારી આદેશ બતાવો.‘‘

તેમણે કહ્યું કે ‘‘આ ગ્રેટર ચેન્નાઈ કોર્પોરેશન છે, અને આવી સૂચનાઓ માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. તમારો મેમો ત્યારે જ માન્ય ગણાશે જ્યારે હું ફરજ પર હોય અને મે કામ ન કર્યું હોય.‘‘ મેમોમાં ‘‘ડ્યુટીમાં બેદરકારી‘‘, ‘‘કામના કલાકો દરમિયાન કામ માટે જાણ ન કરવી‘‘ અને ‘‘ઉપર અધિકારીઓના આદેશનો અનાદર કરવો‘‘ વગેરે જેવા આરોપોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી હવે માધવીની બદલી બાદ ચેન્નાઈના મેયરની ઓફિસમાં સાર્જન્ટનું પદ ખાલી છે.

ડીએમકેના મેયર પ્રિયાએ જણાવ્યું હતું કે ચેન્નાઈમાં રિપન બિલ્ડીંગ ખાતે મહિલા દિવસની ઉજવણી દરમિયાન ફેશન શોમાં સાર્જન્ટની સહભાગિતાએ ટીકાને આમંત્રણ આપ્યું હતું. ‘‘તેને આ વાત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

તેમજ મેયરની ઑફિસમાં વારંવાર મંત્રીઓ અને દૂતાવાસના અધિકારીઓ આવતા હોવાથી, મારા પીએએ તેને લિપસ્ટિક લગાવવાની મનાઈ કરી હતી.‘‘ ત્યારપછી દફાદર માધવીને મેયર ઓફિસમાંથી હટાવીને મનાલી ઝોન ઓફિસમાં મોકલી દેવામાં આવ્યા છે.

# ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા ગાંધીજયંતિએ બાપુને અપાશે શબ્દાંજલી

## કબા ગાંધીના ડેલામાં ગાંધી યુગના સ્મરણોનું અપાશે પ્રવચન

અબતક, રાજકોટ

ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ, ઉપક્રમે મહાત્મા ગાંધીની ૧૫૫મી જન્મજયંતિ ૨જી ઓકટોબર, બુધવારે સાંજે ૫-૦૦ થી ૬-૧૫ બાપુના વિદ્યાર્થીકાળના નિવાસસ્થાન કબા ગાંધીના ડેલામાં સાયં પ્રાર્થનાસભા અને શબ્દાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મુંબઈનાં શેરીફ અને ગાંધી વિચારમાં પ્રખર અભ્યાસી ડો. મોહનભાઈ આઈ. પટેલ ‘યુગપુરુષ મહાત્મા ગાંધી અને સ્વરાજયુગનાં સંસ્મરણો’ વિષય ઉપર પ્રવચન આપશે. ગુજરાત વિદ્યાપીઠનાં પૂર્વ કુલનાયક અનામિકભાઈ શાહ પ્રમુખસ્થાનેથી પોતાનું વકતવ્ય રજૂ કરશે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ગાંધીજીને શ્રધ્ધાંજલી અર્પવા રાજકોટવાસીઓને ગાંધી સ્મૃતિ ટ્રસ્ટનાં મંત્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ અનુરોધ કરેલ છે.

# ચોમાસું વિદાય ભણી પણ દક્ષિણ-મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ

## છેલ્લા ૨૪ કલાકમાં ૯૫ તાલુકામાં વરસાદઃ સૌથી વધુ પંચમહાલના જાંબુઘોડામાં ત્રણ ઈંચ જયારે નવસારીના ખેરગામમાં બે ઈંચ વરસાદ



અબતક, રાજકોટ

રાજ્યમાં હવે ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે વરસાદનો છેલ્લા રાઉન્ડ દક્ષિણ ગુજરાતમાં ધમાકેદાર રહે તેવી શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ સુરત, નવસારી, ડાંગ, સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણમાં છુટાછવયા સ્થળે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.ત જયારે નર્મદા, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ વરસાદની શક્યતા છે. રાજ્યમાં આજદિન સુધીમાં સિઝનનો સરેરાશ ૧૨૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. નૈઋત્ય ચોમાસાની વિદાયની શરૂઆત થઇ ગઇ છે. આજે પશ્ચિમ રાજસ્થાન તથા કચ્છના અમુક ભાગો (અર્ધા કચ્છ) તથા દ્વારકા લાઇનમાંથી વિદાય લઇ લીધી છે.ડીસા, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાંથી પણ વરસાદે વિદાય લેવાનું શરૂ કર્યું છે.છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધારે વરસાદ પંચમહાલના જાંબુઘોડામાં અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જોકે, હવામાન વિભાગે આજે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.મંગળવારે સવારે ૬ વાગ્યાથી લઈને બુધવારે સવારે ૬ વાગ્યા સુધીમાં ૨૪ કલાકના સમયમાં ગુજરાતના ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધારે વરસાદ પંચમહાલના જાંબુઘોડામાં અઢી ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જયારે નવસારીના ખેરગામમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.૧૪ તાલુકા એવા છે જયાં ૧ ઈંચથી ૩ ઈંચ વચ્ચે વરસાદ નોંધાયો હતો.

# શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં ૭૦% મતદાનઃ કાલે પરિણામ

## સરકારી શાળાના શિક્ષક વિભાગ માટે સમગ્ર રાજ્યમાં ૭૯.૦૩ અને સંચાલક મંડળ માટે ૭૦.૩૫% મતદાન થયું

અબતક, રાજકોટ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંચાલક મંડળ અને સરકારી શાળાના શિક્ષક એમ બે બેઠકો માટે મંગળવારના રોજ મતદાનની કાર્યવાહી પૂર્ણ થઈ છે. જેમાં સરકારી શાળાના શિક્ષક વિભાગ માટે સમગ્ર રાજ્યમાં ૭૯.૦૩ અને સંચાલક મંડળ માટે ૭૦.૩૫ ટકા મતદાન થયું છે. સૌથી વધુ રસાકસી સંચાલક મંડળની બેઠક પર જોવા મળી હતી. જે.વી. પટેલ અને ડો. પ્રિયવદન કોરાટ વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ હોય તે પ્રમાણે પોતાની તરફેણમાં મહત્તમ મતદાન થાય તે માટેના પ્રયાસો બંને ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યા હતા. હવે મતદાન પૂર્ણ થતાં ગુરુવારે મતગણતરી હાથ ધરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યો ચૂંટવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બોર્ડના ૯ સભ્યોને ચૂંટવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યા બાદ ઉમેદવારી પત્રો ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ઉમેદવારી પત્રોની ચકાસણી સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૯ સભ્યો પૈકી ૬ સભ્યો બિનહરીફ જાહેર થયા હતા. જયારે વાલી મંડળની બેઠક પર એક પણ ઉમેદવારનું ફોર્મ માન્ય ન રહેતા આ બેઠક પર ચૂંટણી યોજાશે નહીં. જયારે સરકારી શાળાના શિક્ષક અને સંચાલક મંડળની બેઠક માટે મંગળવારના રોજ મતદાન થયું હતું. સંચાલક મંડળની બેઠક પર ત્રણ ઉમેદવારો મેદાનમાં હતા. જોકે, આ બેઠક પર સૌરાષ્ટ્રના ડો. પ્રિયવદન કોરાટ અને અમદાવાદના જે.વી. પટેલ વચ્ચે સીધી સ્પર્ધા થઈ હતી. બંને ઉમેદવારોએ છેલ્લી ઘડી સુધી પોતાની તરફેણમાં મતદાન માટેના પ્રયાસો કર્યા હતા. સંચાલક મંડળની બેઠક માટે સમગ્ર રાજ્યમાં ૬૩૧૦ મતદારો નોંધાયા હતા. જેમાં સવારના ૮ વાગ્યાથી ૫ વાગ્યા દરમિયાન થયેલા મતદાનમાં કુલ ૪૪૩૯ મતદારોએ મતદાન કર્યું હતું. આમ, સંચાલક મંડળની બેઠક માટે ૭૦.૩૫ ટકા મતદાન થયું હતું. મતદાન પૂર્ણ થતાં હવે ગુરુવારના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

ભકિત અને શકિતનો સંગમ એટલે નવરાત્રી પર્વ


# કચ્છમાં માતાના મઢે બુધવારે ઘટ સ્થાપનઃ માંઈભકતો કરશે આરાધના

## મહારાજકુમાર હનુમંતસિંહજી તથા મહારાણી સાહેબા પ્રીતીદેવી 'માતા'ને જાતર (પત્રી) ચડાવી કરશે વંદના

**અબતક, રાજકોટ**

ભારતીય સંસ્કૃતિની ઈમારત ધર્મ, જ્ઞાન અને ભકિતનો પાયા ઉપર જોડાયેલી છે. આ ભવ્ય સંસ્કૃતિમાં શકિત ઉપાસનાનું સ્થાન અલોકિક અને અનોખું છે. આસ્થાની ઓભતા અનેક દેવ- દેવીઓના નામરૂપ ધરી કામણગારા કચ્છની ધન્યધરા માતાના-મઢ બિરાજતા દેશદેવી માં આશાપુરાનું ભવ્ય મંદિર છે, જે ૧૯મી સદીનું ભવ્ય તીર્થધામ છે. જયા આસો નવરાત્રી તથા ચૈત્ર નવરાત્રી ભવ્ય રીતે ઉજવાય છે. શકિત સહાર અને કલ્યાણકારી છે માં આશાપુરાનું સ્વરૂપ અજોડ, અનોખું, અલોકિક છે. જયા આસો નવરાત્રી તા. ૦૨.૧૦.૨૦૨૪. બુધવાર ભાદર વદ અમાસ રાત્રે ૯.૦૦ કલાકે ઘટસ્થાપન થશે. આસો સુદ - ૧ તા.૦૩.૧૦.૨૦૨૪ ગુરૂવાર શુભ દિવસે નવરાત્રી પ્રારંભ થશે. તા.૧૦.૧૦.૨૦૨૪ આસો સુદ- ૭ ગુરૂવાર રાત્રે ૯:૦૦ કલાકે હોમાદિક ક્રિયાનો પ્રારંભ થશે. જેના અદયક્ષસ્થાને રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજીના હસ્તે પૂજાવિધિ શરૂ થશે. હવનવિધિ ગોર મહારાજશ્રી મુળશંકર જોષી સમગ્ર પુજાદિધિ. શ્લોક શ્રુતિ પાઠ દ્વારા થશે. રાજવી પરિવારના સભ્યો માઇભકતો આમંત્રિત મહેમાનો હાજર રહેશે. હવનમાં ફલો ફળોથી આહુતિ થશે. હવનમાં બીંડું હોમવાનો સમય રાત્રીના ૦૧.૧૫ કલાકે રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી બીડુ હોમાશે. આસો સુદ આઠમ તા.૧૧.૧૦:૨૭૨૪ શુક્રવાર કચ્છ રાજપરિવાર તથા ભાયતી આમાંત્રિત મહેમાનોની ઉપસ્થિતમાં વિધિવિધાન રાજપરિવાર દ્વારા રાજવી મહારાજકુમાર હનુમંતસિંહજી તથા મહારાણી સાહેબા પ્રીતીદેવી મા આશાપુરા માતાજીને જાતર(પત્રી) સવારે ૦૯:૦૦ કલાકે ચડાવશે, સમગ્ર વાતાવરણ ભક્તિમય

(અનુ. આઠમા પાને)





### નવરાત્રી દરમિયાન માતાના મઢનો દર્શન સમય

કચ્છ માતાના મઢ ખાતે આસો નવરાત્રી દરમિયાન ધાર્મિક કાર્યક્રમો યોજાઈ છે જે અંતર્ગત તા.૧૦.૧૦ને ગુરૂવારે રાત્રી ૯ કલાકે ભવ્ય હોમાદિદક્રિયાનો પ્રારંભ થશે. ત્યારબાદ બાવાશ્રી યોગેન્દ્રસિંહજી દ્વારા ૧.૧૫ કલાકે શ્રીફળ હોમપૂર્ણાહુતિ અપાશે. નવરાત્રી દર્શન માટે સવારે ૫ વાગ્યેથી રાત્રી ૧૨ વાગ્યા સુધી ભકતો માટે ખુલ્લુ રખાશે તથા બપોરે થોડો વખત મંદિરની સાફ સફાઈ કરવા બંધ રખાશે.

# ભાજપ દ્વારા તબીબી પરિક્ષણ શિબિરમાં વયોવૃધ્ધ મહિલાનું કરાયું નિદાન

## સેવા પખવાડિયા અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે નિઃશુલ્ક તબીબી પરિક્ષણ શિબિર યોજાઈ






**અબતક, રાજકોટ**

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે ત્યારે પ્રદેશ ભાજપની યોજના મુજબ તા. ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓકટોબર સુધી સેવા પખવાડીયા દરમ્યાન વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે જે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ અને પ્રદેશ ડોકટર સેલના ડો.અતુલ પંડયાની આગેવાનીમાં રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ ડો.ચેતન લાલસેતા, ડોકટર સેલના સંયોજક ડો.પિયુષ ઉનડકટ, સહસંયોજક ડો. નરેન્દ્ર વિસાણી તેમજ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ૬૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે નિશુલ્ક તબીબી પરિક્ષાણ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ શિબિરમાં રાજકોટના નામાંકિત ડોકટરોએ મહિલા દર્દીઓની તબીબી તપાસ કરી યોગ્ય દવા તેમજ રોગ અંગે સમજાવટ આપવામાં આવેલ હતી.

આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,

(અનુ. આઠમા પાને)

# પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલી અર્પણ કરતા ભાજપ પદાધિકારી

## સાંસદ પરસોતમભાઈ રૂપાલા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, મંત્રી ભાનુબેન બાબરીયા સહિતના કાર્યકર્તાઓ પુષ્પાંજલી અર્પણ કરી



**અબતક, રાજકોટ**

આજે જનસંઘના સ્થાપક પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીનો જન્મદિવસ છે ત્યારે તેના સાદગીભર્યા જીવનના અંશો આપણામાં ઉતારીએ અને પંડિત દીનદયાલ ઉપાધ્યાયજી એ

(અનુ. આઠમા પાને)

# નવરાત્રી પૂર્વે ઐતિહાસિક, અલૌકિક, અવિસ્મરણીય, દિવ્ય રીતે ગવાયો "માં જગદંબાનો મહિમા"







## માતાના ચરણોમાં મુકો આસ્થા, અંધકારમાં પણ દેખાશે અજવાળારૂપી રસ્તાઃ મેહુલભાઈ રવાણી

### માતાજીની ભક્તિમાં જ્યારે વિશ્વાસ વધે ત્યારે ભક્તિ સફળ થઈ કહેવાય અને મેહુલભાઈ સફળ ભક્તિના પ્રણેતા છેઃ ચંદ્રકાંતભાઈ શેઠ

**અબતક, રાજકોટ**

ચારેકોર વેલકમ નવરાત્રીની ધુમ મચી છે ત્યારે રાજકોટમાં તદ્દન અલગ અને અનોખો ભક્તિસભર કાર્યક્રમ યોજાયો. જેના ભકિતના સાગરમાં સમગ્ર રાજકોટ રસતરબોળ થયું...વાત થઇ રહી છે અરિહંત ઈન્વેસ્ટમેન્ટના મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણી આયોજિત ઐતિહાસિક, અલૌકિક, અભૂતપૂર્વ અને અવિસ્મરણીય કાર્યક્રમ ''માં જગદંબાનો મહિમા'' વિશે કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટ-સૌરાષ્ટ્રના જાણીતા બિઝનેસમેન,વક્તા, લેખક, ફંડ ડિસ્ટ્રીબ્યુટર, અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર,વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર, સિંગર, યુવા જૈન અગ્રણી અને અંબા માતાજીના પરમ ઉપાસક મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણી દ્વારા રાજકોટના હેમુગઢવી હોલ ખાતે જ્ઞાન, ભકિત અને આસ્થાના ત્રિવેણી સંગમ સમો અનોખો કાર્યક્રમ ''માં જગદંબાનો મહિમા''નું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં કાર્યક્રમના પ્રારંભે સંપૂર્ણ વિધિ વિધાનથી ૧૧ જેટલા ભુ-દેવો દ્વારા આદ્યશક્તિ ''માં જગદંબા''ની શ્રદ્ધાપૂર્વક મહાપૂજા કરવામાં આવી હતી. જે બાદ વિવિધ નૃત્યો દ્વારા માં જગદંબાના વિવિધ સ્વરૂપોનું વર્ણન કરવામાં આવ્યું હતું તો સાથો સાથ વિવિધ વક્તાઓ દ્વારા સંવાદ, કર્મ અને ધર્મ, નૃત્ય અને નાદ,સમર્પણ અને તર્પણના માધ્યમથી માં જગદંબાના મહિમાને વર્ણવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં રાજકોટની જનતા સહપરિવાર ઉમટી હતી અને અત્યંત આનંદ, ઉત્સાહ, શ્રધ્ધા અને ભક્તિના માહોલ વચ્ચે આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### સંગીતમય અને ભક્તિસભર કાર્યક્રમમાં હકડેઠઠ જનમેદની ઉમટી

આ દિવ્ય પ્રંસગે આયોજક મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું કે,કોડિયામાં પ્રગટેલું અજવાળું પણ જાણે નાહીધોઈને ચોખ્ખું થઇને પ્રગટે ત્યારે જગતમાં નવરાત્રી ઉજવાઈ છે. અજવાળું આપણને અંધારામાં પ્રગટવાના પાઠ શિખવાડે છે અને યાદ અપાવે

(અનુ. આઠમા પાને)

# કોર્પોરેશનની આંગણવાડીઓમાં કરાય પૂર્ણા દિવસની ઉજવણી

## ડીએમસી સ્વપ્નિલ ખરેએ કર્યા કિશોરીઓ સાથે વાર્તાલાપ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ઈસ્ટ ઝોન ખાતેના આંગણવાડી કેન્દ્ર હનુમાન પરા, મયુર બાલવાડી, તેમજ કનક નગર આંગણવાડી કેન્દ્રોમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે તથા પ્રોગ્રામ ઓફિસર જનકસિંહ ગોહિલ તથા બાળ વિકાસ યોજના અધિકારી જયશ્રીબેન સાકરીયા તેમજ મુખ્ય સેવિકા અલ્પાબેન ગોસ્વામી તેમજ આરોગ્ય ટીમ વગેરેની ઉપસ્થિતિમાં પુર્ણા કેલેન્ડર વર્ષ-૨૦૨૪ મુજબ સપ્ટેમ્બર માસની થીમ તથા વાનગી નિદર્શન તેમજ એચ.બી ટેસ્ટ કેમ્પનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત આ ઉજવણીમાં પુર્ણા શક્તિમાંથી બનેલ વાનગીઓનું નિદર્શન

(અનુ. આઠમા પાને)

# શ્રી ગ્રુપ દ્વારા સમસ્ત સોની સમાજના ખેલૈયાઓ માટે મંગળવારે યોજાશે વેલકમ નવરાત્રી

## પ્રિન્સ- પ્રિન્સેસને ઈ-બાઈક, લેપટોપ, સોનાની ગીની સહિતના ઈનામો અપાશેઃ કાર્યક્રમની વિગત આપવા આયોજકોએ લીધી 'અબતક'ની મુલાકાત



તસવીરઃ કરન વાડોલિયા

**અબતક, રાજકોટ**

ગુજરાતભરમાં નવરાત્રી મહોત્સવની દર વર્ષે હર્ષોલ્લાસ ભેર ઉજવણી કરવામાં આવે છે. ત્યારે રાજકોટમાં શ્રી ગ્રુપ દ્વારા સમસ્ત સોની સમાજ ઓપન ગુજરાત વેલકમ નવરાત્રી-૨૦૨૪નું તા. ૧ ને મંગળવારે સાંજે ૬ થી ૧૧ કલાક સુધી સહીયર રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. શ્રી ગ્રુપ અગિયારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. ત્યારે સૌની સમાજની સૌથી જાજરમાન અને નંબર વન વેલકમ નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે વેલકમ નવરાત્રીમાં ૩૫૦૦ થી ૪૦૦૦ ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમે છે. વેલકમ નવરાત્રીના આયોજનને સફળ બનાવવા મિલન પાટડીયા, મોનીક માંડલીયા, મોહીત રાણપરા, અમર સીમેજીયા, નૈનેષ આડેસરા, હાર્દિક રાણપરા, અજયભાઇ માંડલીયા, હીતેશભાઇ રાણપરા, ચેતનભાઇ પાટડીયા, અશોકભાઇ પાટડીયા, કૈલાશભાઇ રાજપરા, જીગરભાઇ સોની, પંકજભાઇ રાણપરા, અમીતભાઇ પાટડીયા, કશ્યપભાઇ પારેખ જહેમત ઉઠાવી રહ્યાં છે.


ત્યારે વેલકમ નવરાત્રી અંગે વિગત આપવા મિલન પાટડીયા, મોનીક માંડલીયા, મોહિત રાણપરા, અમર સિમેજીયા, નૈનેષ આડેસરા, ચેતનભાઇ પાટડીયાએ 'અબતક' મીડીયા હાઉસની મુલાકાત લીધી હતી. કાર્યક્રમ અંગે માહીતી આપતા મિલન પાટડીયાએ જણાવ્યું હતું કે અમે દર વર્ષે સમસ્ત સોની સમાજના ખેલૈયાઓ માટે વેલકમ નવરાત્રીનું જાજરમાન આયોજન કરીએ છીએ. દર

(અનુ. આઠમા પાને)



## રાષ્ટ્રીય પોષણ માહ અંતર્ગત

# વ્યક્તિના સર્વાંગી વિકાસમાં પોષણ ક્ષમ આહાર ખૂબ જ મહત્વનો



## પોષણક્ષમ આહાર નહીં આરોગો તો મુશ્કેલી થશે : સ્વાદ અને પોષણમાં પોષણ જ જીતે

### દરેક નાગરીકે ઋતુ અનુસાર ભોજન લેવું જોઈએ

તેમણે જણાવ્યું હતું કે, સ્વાસ્થ્ય જીવન માટે દરેક નાગરીકે ઋતુ અનુસાર ભોજન લેવું જોઈએ. મોસમી ખોરાક વધુ પોષક મૂલ્ય પ્રદાન કરે છે. ફળો અને શાકભાજી કે જે કુદરતી રીતે પાકે છે તેનો સ્વાદ વધુ સારો હોય છે, તે તાજા હોય છે અને પ્રિઝર્વ્ડ ફળોની તુલનામાં સૌથી વધુ પોષક તત્વો આપે છે. શિયાળામાં જામફળ, દાડમ અને આમળા જેવા ફળો ત્વચાની ગુણવત્તા સુધારી શકે છે. અખરોટ હૃદય અને માનસિક સ્વાસ્થ્યમાં મદદ કરી શકે છે. શાકભાજી, કઠોળ અને જવથી બનેલા સૂપ ઠંડીમાં શરીરને ગરમ રાખી શકે છે અને પોષણ મેળવી શકાય છે. બ્રસેલ્સ સ્પ્રાઉટ્સ અને સાઈટ્રસ ફળો વિટામિન સી અને આયર્નના શોષણમાં મદદ કરી શકે છે. તે જ રીતે ઉનાળામાં ટામેટાં, કાકડીઓ અને લીલા પાંદડાવાળા શાકભાજી લઈ શકાય છે.

(અનું. આઠમાં પાને)

અબ તક રાજકોટ

વ્યક્તિના સર્વાંગી વિકાસમાં પોષણ ક્ષમ આહાર ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. પોષણક્ષમ આહારની અનિવાર્યતા કોઈ પણ ઉંમરે જરૂરી હોય છે. વિશેષમાં જો બાળપણથી જ પોષણ ક્ષમ આહારનું યોગ્ય ધ્યાન રાખવામાં આવે તો વ્યક્તિના સર્વાંગી વિકાસમાં કોઈ અડચણ આવતી નથી. પોષણયુક્ત આહારને વધુ મહત્વ આપવાના ઉદ્દેશથી દેશભરમાં દર વર્ષે સપ્ટેમ્બર માસને રાષ્ટ્રીય પોષણ માહ તરીકે ઉજવવામાં આવે છે.

યુવાનો સ્વાદના ચસ્કાના કારણે પોષણયુક્ત આહારથી વંચિત રહે છે. જેથી આજની પેઢી સશક્ત નહીં પણ દુર્બળ જરૂર બનતી જાય છે. સ્વાદ અને પોષણ વચ્ચે ઘણો તફાવત છે. પોષણ કેવા પ્રકારના ભોજનમાંથી પ્રાપ્ત થાય છે? સ્વાદના ચટકાવાળા ભોજનમાંથી શું પોષણ પ્રાપ્ત થાય છે? કેવા સમયે કેવા પ્રકારનું ભોજન લેવું જોઈએ જેવી તમામ બાબતો વિશે જાણવા અમદાવાદ સિવિલ હોસ્પિટલના ન્યુટ્રિશિયન ડો. તર્લિકા ખિમસુરીયા સાથે ખાસ વાતચીત કરી હતી. સ્વાદ સાથે પોષણ કેટલું જરૂરી છે, ચાલો જાણીએ.

ડો. તર્લિકા ખિમસુરીયાએ જણાવ્યું હતું કે, જે ખોરાકમાંથી શરીરને આવશ્યક તમામ પ્રકારના પોષક તત્વો મળી રહે તેવો ખોરાક એટલે કે, સમતોલ આહાર આરોગવો જોઈએ. સમતોલ આહારને ત્રણ ખાદ્ય જૂથમાં વર્ગીકૃત કરી શકાય

(અનું. આઠમાં પાને)

### વય જૂથને આધાર શરીરમાં પોષણની અલગ અલગ આવશ્યકતા

પોષણક્ષમ આહાર વિશે વધુ માહિતી આપતા ડો. ખિમસુરીયાએ જણાવ્યું હતું કે, ભોજનને વય જૂથ અનુસાર અલગ પાડવામાં આવે છે. વય જૂથને આધારે દરેક લોકોના શરીરમાં પોષણની અલગ અલગ આવશ્યકતા હોય છે. માનવ શરીરને એનર્જી, કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, વિટામીન્સ અને મિનરલ્સ જેવા પોષક તત્વોની સૌથી વધારે આવશ્યકતા હોય છે. આ તમામ પ્રકારના પોષક તત્વો અનાજ, કંદમૂળ, કઠોળ, લીલા પાંદડા વાળા શાકભાજી, દાળ, દૂધ અને દૂધની બનાવટો, ખાટા ફળો, ઘી-તેલ, ખાંડ,ગોળમાંથી સારા પ્રમાણમાં શરીરને મળી રહે છે.

### પોષણક્ષમ આહાર નહીં આરોગો તો મુશ્કેલી થશે

સ્વાદ અને પોષણની જુગલબંદીમાં કોણ આગળ છે તે પ્રશ્નોનો જવાબ આપતા તર્લિકા ખિમસુરીયાએ જણાવ્યું હતું કે, બંને એકબીજાના પૂરક છે, આજની જનરેશનમાં જોઈએ તો, આજની પેઢી સ્વાદ પારખનારી છે અને ચટાકુ છે. ત્યારે ક્યારેક બહારનો ખોરાક ખાવો જોઈએ, પરંતુ આજીવન આ ખોરાક શરીર માટે હાનિકારક છે. ખોરાક બાબતે સલાહ આપતા તેમણે જણાવ્યું કે, આપણા વડીલો જે પોષણયુક્ત ઘરનો ખોરાક આરોગે છે તે જ પ્રકારનો ખોરાક આજની યુવાપેઢી અપનાવશે તો પોતાના જીવનને નિરોગી અને સ્વાસ્થ્ય બનાવી શકશે.

# જી.ટી.યુ.માં આવતી પેઢીના ઈજનેરોને સક્ષમ બનાવવા શીર્ષક હેઠળ યોજાયો સેમિનાર

## એન્જિનિયરીંગ શિક્ષણને સઘન કરવા વર્કપ્લાન અને રોડમેપ વિકસાવી વિદ્યાર્થીઓ અપાયું માર્ગદર્શન




**અબતક,રાજકોટ**

અમદાવાદ, એએસએમઈ ફાઉન્ડેશન ઈન્ડિયા, ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ અને એએસએમઈ એન્જિનિયરિંગ એજ્યુકેશન ડિવિઝન સાથે મળીને આવતી પેઢીના ઈજનેરોને સક્ષમ બનાવવા શીર્ષકથી એક દિવસીય સેમિનાર યોજી રહ્યા છે. આ મહત્વપૂર્ણ ઈવેન્ટનો ઉદ્દેશ ઈજનેરી શિક્ષણમાં સુધારણા લાવવાનો અને વિદ્યાર્થીઓને મુખ્ય ઈજનેરી ઉદ્યોગની વિકસતી માંગણીઓ માટે સજ્જ બનાવવાનો છે.

જીટીયુ, સેમિનાર શિક્ષણવિદો, સંસ્થાના એક્ઝિક્યુટિવ મેનેજમેન્ટના સભ્યો, આચાર્યો, વિભાગોના વડાઓ, મિકેનિકલ અને સંલગ્ન એન્જિનિયરિંગ શાખાઓના ડીન અને ગુજરાતભરની એન્જિનિયરિંગ કોલેજોના પ્લેસમેન્ટ સેલના વડાઓ માટે એક મંચ તરીકે કામ કરશે અને સાથે મળીને મુખ્ય ઈજનેરી ક્ષેત્રોમાં કારકિર્દીની ઊભરતી તકો શોધશે.મુખ્ય ઉદ્દેશો:જાગૃતિ નિર્માણ: આ સેમિનાર મુખ્ય એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં ઊભરતી નોકરીઓ અને કારકિર્દીની તકો વિશે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.સહયોગી શિક્ષણ: હિસ્સેદારો વર્તમાન પ્લેસમેન્ટ સિનારિયો અને શૈક્ષણિક પરિણામો વિશે ચર્ચામાં જોડાયા, જેનો હેતુ એકબીજાના અનુભવોને ધ્યાનમાં લેવા અને શીખવાનો છે.રોડમેપ ડેવલપમેન્ટ: આ ઈવેન્ટ પ્રાયોગિક શિક્ષણ દરમિયાનગીરીઓ દ્વારા એન્જિનિયરિંગ શિક્ષણને સઘન કરવા માટે વર્કપ્લાન અને રોડમેપ વિકસાવવા માટે મૂલ્યવાન આંતરસૂઝ પૂરી પાડશે.કારકિર્દી

(અનું. આઠમાં પાને)

## ‘સર્વે ભવન્તું સુખીન;’ નો પાયો જ ગ્રાહક સેવા

# ગ્રાહક પંચાયતના સ્વર્ણજયંતી મહોત્સવમાં ૧૩ જિલ્લાના કાર્યકર્તાઓએ લીધો લાભ





**અબતક,રાજકોટ**

અખિલ ભારતીય ગ્રાહક પંચાયત, સૌરષ્ટ્ર પ્રાંતનો સ્વર્ણજયંતી વર્ષ સમાપન કાર્યક્રમ રાજકોટની વીવીપી એંજીનિયરિંગ કોલેજ ખાતે ૨૨ સપ્ટેમ્બરના રોજ યોજાયો, હતો. જેમાં સૌરષ્ટ્રનાં ૧૩ જીલ્લાઓમાંથી કુલ ૧૪૦ કાર્યકર્તા ભાઈ બહેનોએ ભાગ લીધો.

## ગ્રાહક મંડળનાં હોદેદારો, વ્યાપારીઓ અને ઉત્પાદકો રહ્યા ઉપસ્થિત

સંગઠનનાં રાષ્ટ્રીય અધ્યક્ષ નારાયણભાઈ શાહ તેમજ રાષ્ટ્રીય સહ સચિવ જયંત કથીરિયા અને પ્રાંત સંયોજક નારણભાઈ મોરડીયા ઉપસ્થિત રહ્યા. હતા.

સમાપન કાર્યક્રમનાં મુખ્ય અતિથિ રામકૃષ્ણ મિશન આશ્રમ, અધ્યક્ષ શ્રધ્ધેય સ્વામી નિખિલેશ્વરાનંદજીએ ઉપસ્થિત રહી મહેમાનો અને કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યુ કે, હવે ગ્રાહકને ગ્રાહક નારાયણ તરીકે ઓળખાવાની જરુરિયાત છે, કારણ કે

બજારમાં ગ્રાહકની ઉપેક્ષા થઈ રહી છે, જે કોઈપણ રીતે યોગ્ય નથી. વેપારીઓની આવકનું મૂળ સાધન ગ્રાહક જ છે. ગ્રાહક પંચાયતે આ દિશામાં કરેલા રાષ્ટ્રીય સ્તરના

(અનું. આઠમાં પાને)

# સૌરાષ્ટ્રના દરિયા, પર્વતો, જંગલો, અને ઐતિહાસિક સ્થળો પ્રવાસીઓમાં હોટ ફેવરિટ







## સૌરાષ્ટ્ર દેશ વિદેશના સહેલાણીઓના પ્રવાસનું ડેસ્ટીનેશન

અબ તક રાજકોટ

સૌરાષ્ટ્ર એક વિશાળ અને આગવી ખાસિયતો ધરાવતો પ્રદેશ છે. સૌરાષ્ટ્ર પાસે ગૌરવ લઈ શકાય તેવા અનેક દર્શનીય સ્થળો અને પ્રવાસન સ્થળોની કુદરતી વિરાસત છે. સૌરાષ્ટ્રમાં દેશનો સૌથી મોટો દરિયો, પર્વતો, જંગલો અને રણ પ્રદેશ, ઐતિહાસિક સ્થળો આવેલા છે. સૌરાષ્ટ્રમાં બે મહત્વના યાત્રાધામો દ્વારકા અને સોમનાથ પણ છે. છેલ્લા એક દાયકામાં રાજ્ય સરકારની આવકારદાયક પ્રવાસન નીતિને કારણે અનેક લોકો સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાત ટુરીઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા દર વર્ષે આવા ગુજરાતના મહત્વના પ્રવાસન સ્થળો ખાતે વિવિધ મેળા તેમજ અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. ગુજરાતની સફરે આવતા પર્યટકો માટે https://www. gujarattourism. com ઉપર વિવિધ વિસ્તારોની માહિતી, જોવા અને માણવા લાયક સ્થળો, વિશેષતા જોવા મળશે. દર વર્ષે બહારથી આવતા લાખો પ્રવાસીઓ ગુજરાતની ખાનપાન, પરંપરા, પ્રતિષ્ઠાને જાણે અને માણે છે. પર્યટન ક્ષેત્ર માટે અંદાજપત્રમાં દર વર્ષે વિશેષ જોગવાઈ કરવામાં આવે છે તેમજ તેના વિકાસ માટે ગુજરાત સરકાર સતત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે જેના માટે વિશેષ રીતે હેરિટેજ પોલિસી જેવી અનેક પોલિસીઓ કાર્યરત છે. તો આવો આ ઈતિહાસ અને અધ્યાત્મની ધરા જોડાયેલા ગુજરાતના અનેકાનેક સ્થળોની માહિતી જોઈએ.

### જામનગર

ભારતીય સેનાની ત્રણેય પાંખો(નેવી, આર્મી, એરફોર્સ) આવેલી છે એવા છોટી કાશી, બ્રાસ સીટી અને બાંધણીના નગર તરીકે ઓળખાતા આ જિલ્લામાં બાલા હનુમાન, રણજીત સાગર ડેમ, વિકિયા વાવ, મોડપર કિલ્લો, જોડિયા, મરીન નેશનલ પાર્ક ખીજડીયા પક્ષી અભ્યારણ, રણજીત સાગર ડેમ, પીરોટન ટાપુ, નરારા ટાપુ સહિતના વિવિધ પ્રાકૃતિક અને જીવસૃષ્ટીને માણવાલાયક સ્થળો આવેલા છે. ધ્રોલમાં ભૂચર મોરીનું મંદિર, બાલાચડી સૈનિક સ્કુલ વગેરે પણ આવેલા છે.

### દેવભૂમિ દ્વારકા

દેશના ચાર ધામો પૈકી એક ધામ તથા ૧૨ જ્યોર્તિલિંગમાંથી એક એવું નાગેશ્વર જ્યોતિર્લિંગ, શારાદાપીઠ, દાંડી હનુમાન, બ્લુ ફ્લેગ ધરાવતો શિવરાજપુર બીચ, તેમજ ડની પોઈન્ટ , ગોમતી ઘાટ, પીંડારા, દ્વારકાનો દરિયા કિનારો, બેટ દ્વારકા, પવિત્ર ગોમતી તટ પર આવેલ ભગવાન શ્રીકૃષ્ણનુ અતિ લોકપ્રિય અને ૧૪૦૦૦ વર્ષ ની તવારીખ ધરાવતુ ભગવાન શ્રી દ્વારકાધીશનું મંદિર, રુકમણી દેવીનુ મંદિર પણ લોકો માટે આસ્થાનું કેન્દ્ર ગણાય છે. બરડો ડુંગર, નવલખી ઘુમલી મહેલ, વિર માંગડા વાળાની જગ્યા, કિલ્લેશ્વર મહાદેવ, ગોપનાથ મંદિર, હાથલામાં શનિદેવ મંદિર, સિદસર ઉમિયા મંદિર, ઈન્દ્રેશ્વર મંદિર વગેરે આવેલા છે.

### જુનાગઢ

સંત, શુરા અને સિંહને લીધે વૈશ્વિક ફલક પર જાણીતો આ જિલ્લો ભક્ત કવિ નરસિંહ મહેતાના ગામ તરીકે ઓળખાય છે જ્યાંના ગરવા ગઢ ગિરનારમાં મહાશિવરાત્રી તથા લીલી પરિક્રમાના મોટા મેળા ભરાય છે. ગિરનારમાં માં અંબા, દતાત્રેય તથા જૈન મંદિરો આવેલા છે જ્યાં હાલમાં જ રાજ્ય સરકાર દ્વારા રોપ-વેનું નિર્માણ કરાતા પ્રવાસનને પણ વેગ મળ્યો છે. જૂનાગઢમાં આવેલ સક્કરબાગ, અશોકનો શિલાલેખ, ઈન્દ્રેશ્વર મહાદેવ, સાસણ ગીર, કનકાઈ, બાણેજ, તુલસીશ્યામ, સરકડીયા હનુમાન જેવા જંગલોમાં આવેલા પ્રાચીન મંદિરો આસ્થાના કેન્દ્ર બિંદુ છે. તો સાસણ ગીરના દેવળિયા પાર્કમાં લાખોની સંખ્યામાં પર્યટકો એશિયાટિક સિહોને નિહાળવા આવે છે.

### રાજકોટ

સૌરાષ્ટ્રના મુખ્ય શહેર રાજકોટ કે જે કાઠિયાવાડ તરીકે પણ પ્રસિધ્ધ છે તેને ૮ જિલ્લાની બોર્ડર સ્પર્શે છે. રાજકોટમાં મહાત્મા ગાંધી જ્યાં ૮ વર્ષ અભ્યાસ કર્યો તે આલ્ફ્રેડ સ્કુલ હવે વૈશ્વિક કક્ષાના ગાંધી મ્યુઝિયમમાં પરિવર્તિત થઈ ચૂકી છે. ગાંધીજીનું નિવાસ્થાન કબા ગાંધીનો ડેલો કે જયા ગાંધીજીના લગ્ન થયા હતા તેઓના બે બાળકોના જન્મ પણ આ જ ઘરમાં થયા હતા.

રાજકોટનો અનળગઢ, દરબાર ગઢ, રણજીત વિલાસ પેલેસ, સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિર, ઈશ્વરીયા પાર્ક, અતિ અદ્યતન રીજીયોનલ સાયન્સ સેન્ટર, રામ વન, પ્રદ્યુમન પાર્ક, અંગ્રેજોના શાસનકાળમાં રાજકુમારોના શિક્ષણ માટે શરૂ કરેલ રાજકુમાર કોલેજ, ખાદી સહિતની રચનાત્ક ગાંધીજી સ્થાપિત રાષ્ટ્રિય શાળા, રાંદરડા તળાવ, રેસકોર્સ, આજી અને ન્યારી ડેમ, બાલભવન, રેસકોર્ષ, જયુબેલી ગાર્ડન સહિતના અનેક પર્યટક સ્થળો આવેલ છે. જયારે જિલ્લામાં આવેલ વિવિધ સ્થળોમાં ઘેલા સોમનાથ, ઓસમ ડુંગર, સંત શિરોમણિશ્રી જલારામ બાપાનું વીરપુર, રાજા સિધ્ધરાજના માતા મીનળદેવીએ બંધાવેલ મીનળ વાવ, શક્તિવન, કાગવડ, ખંભાલીડાની બૌધ્ધ ગુફાઓ, ઘેલા સોમનાથ, હિંગોળગઢ, જેતપુર પાસેનો ભાદર ડેમ, ગોંડલનું સ્વામીનારાયણ મંદિર, ભૂવનેશ્વરી મંદિર, નાથાભાઈ જોષી સ્થાપિત રમાનાથ મંદિર, હિંગોળગઢ અભ્યારણ્ય અને કિલ્લો, દેશ-વિદેશની ઢીંગલીઓનું ડોલ્સ મ્યુઝિયમ, ઈ.સ. ૧૮૫૬માં સ્થાપાયેલી ૧૬૦ વર્ષ જૂની લેંગ લાઈબ્રેરી સહિતના સ્થળો અહીં આવેલા છે. રાજકોટ, ઘેલા સોમનાથ અને ઓસમ પાટણવાવમાં ભરાતા લોકમેળા પણ સુપ્રસિધ્ધ છે.

### મોરબી

દેશ અને દુનિયામાં સિરામિક,ઘડિયાળ, બરફના ગોલાથી સુપ્રસિધ્ધ મોરબી જિલ્લામાં આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જન્મ સ્થળ ટંકારા આવેલ છે. જયા વૈદિક ધર્મનું અભ્યાસ કેન્દ્ ચાલે છે. મહાત્મા ગાંધીના ગુરુ શ્રીમદ રાજચન્દ્રાચાર્યનુ જન્મ સ્થળ વવાણીયા આવેલ છે. મોરબીના મહારાજા લખધીરસિંહે ૧૯૪૬માં બંધાવેલુ પિતૃ તર્પણ માટે જાણીતુ રફાળેશ્વર મંદિર, શ્રી ખોડિયાળ માતાનું મંદિર માટેલ, રતનપરમાં આવેલ શ્રી રામચરિત માનસ મંદિર વગેરેના દર્શન કરવા શ્રધ્ધાળુઓ અવિરત આવતા રહે છે, વાંકાનેર નજીકના તીથવા ગામના ડુંગર ઉપર આવેલ સ્વયંભૂ જડેશ્વર મંદિર, તત્કાલીન રાજવીઓનો વાંકાનેર પેલેસ, નવલખી બંદર વગેરે પણ જાણીતા પ્રવાસન સ્થળો છે. મોરબીમાં રફાળેશ્વર, રતનપર વગેરે ખાતે ભરાતા લોકમેળા સુપ્રસિધ્ધ છે.

### કચ્છ

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકપ્રિય અભિનેતા અમિતાભ બચ્ચન પાસે કચ્છના રણને પ્રસિધ્ધિ અપાવી હતી, જેને લીધે આજે દેશ-દુનિયામાંથી લોકો કચ્છ જોવા માટે આવી રહ્યા છે તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ ભુજથી ૬૦ કિમી દૂર આવેલ ધોરડો ખાતે રણ ઉત્સવ યોજાય છે, જેની દેશ અને દુનિયાના પ્રવાસીઓ મુલાકાત લેતા હોય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અહી સમીટ યોજાઈ છે. કચ્છમાં સુપ્રસિદ્ધ માં આશાપુરાનો માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ મંદિર, હાજી પીરનો મેળો પણ અનેક શ્રદ્ધાળુઓને આસ્થાનું કેન્દ્ર છે. માંડવી અને મુન્દ્રાના પોર્ટ, અંજારમાં જેસલ તોરલની સમાધિ, ધોળા વીરાની પ્રાચીન સંસ્કૃતિના પુરાવા સમૂહ, માંડવીમાં દરિયા ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નિર્મિત શ્યામાપ્રસાદ વર્મા સ્મૃતિ સ્મારક તેમજ ભુજમાં સ્મૃતિ વન, ભુજીયો, કાળો ડુંગર, હમીરસર તળાવ, આયના મહેલ, વિજય વિલાસ પેલેસ, સહીતના સ્થળો આવેલ છે.

### ગીર-સોમનાથ

૧૨ જ્યોતિર્લીંગિમાનુ સૌ પ્રથમ તથા ચંદ્રએ આરાધેલા સોમનાથ મહાદેવ જ્યાં બિરાજમાન છે તે સુપ્રસિધ યાત્રાધામ ગીર સોમનાથ જિલ્લામાં ભગવાન શ્રી કૃષ્ણએ અંતિમ શ્વાસ ભાલકા તીર્થમાં લીધા હતા તો પિતૃ શ્રાધ્ધ માટે જાણીતા પ્રભાસ પાટણ ઉપરાંત વિશાળ દરિયા-કિનારો હોવાથી સોમનાથ, ચોરવાડ, માંગરોળ, આદ્રી, વેરાવળ વગેરે પણ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

### પોરબંદર

ભગવાનશ્રી કૃષ્ણના બાલ સખા એવા સુદામાની આ નગરીમાં દેશના રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજીનું જન્મસ્થળ છે કીર્તિ મંદિર તેમજ દરિયા કાંઠે વિકસેલું આ શહેર સુપ્રસિધ ભાગવત આચાર્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો સંદીપની આશ્રમ આવેલો છે. દરિયા ઉપરાંત બરડા ડુંગરથી છવાયેલા આ જિલ્લામાં આવેલ માધવપુરમાં ભગવાન શ્રી કૃષ્ણના વિવાહ રુકમણી માતા સાથે થયા હતા તે જગ્યા પર પ્રતિ વર્ષે રાજ્ય સરકાર દ્વારા અંતરરાષ્ટ્રીય કક્ષાનો મેળો યોજાય છે, જેમાં દેશભરથી પર્યટકો આવે છે. માધવપુરમાં ઓશો આશ્રમ પણ આવેલ છે. મોચા હનુમાન, બરડા અભ્યારણ, ગોકરણ તેમજ બિલેશ્વર મહાદેવ જેવા સ્થળો અહીં આવેલ છે.

### સુરેન્દ્રનગર

પાંચાલની આ ભૂમિ તરણેતરના સુપ્રસિધ્ધ લોકમેળાથી જાણીતી બની છે. આ જિલ્લામાં ઘુડખર અભયારણ્ય, ચોટીલાના ડુંગર ઉપર માતા ચામુંડાનું મદિર, હવા મહેલ, માધા વાવ, રાણકદેવી મંદિર, મીનળ વાવ, સેજકેરનો નવલખો, જગદીશ આશ્રમ, ભીમોરની ગુફા, ત્રિનેત્રેશ્વર મહાદેવનો લોકપ્રિય મેળો, કબીર આશ્રમ, નળ સરોવર, માંડવ વિડ સહિતના સ્થળો પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

### અમરેલી

આ જિલ્લાના ધારીમાં આવેલ જંગલ એશિયાટિક સિંહો માટે જાણીતું સ્થળ છે. તેમજ અહીં રાજ મહેલ, ગીરધરભાઈ સંગ્રહાલય, પાંડવ કુંડ, ભગવાન શ્રી હનુમાનજીનું પ્રસિદ્ધ સ્થળ ભુરખિયા હનુમાન, સરકેશ્વર, દીવાદાંડી, કલાપી તીર્થ અને વારાહી માતાનું મંદિર અહીં આવેલ છે.

રાજકોટની ભાગોળે ત્રંબા ગામે તસ્કરો ત્રાટક્યા

# ઘરધણીની આંખમાં ઘેની સ્પ્રે છાંટી તસ્કરો આઠ તોલા સોનુ અને રૂ.૫૦ હજારની રોકડ ઉઠાવી ફરાર

## ચોરી કરી ભાગી રહેલા તસ્કરનો પગ પલંગમાં ભટકાઈ જતાં પ્રૌઢાની ઉંઘ ઉડી ગઈ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા ત્રંબા ગામમાં ગત રાત્રે તસ્કરો ત્રાટક્યાંનો બનાવ સામે આવ્યો છે. તસ્કરોએ ઘરધણીની આંખમાં ઘેની સ્પ્રે છાંટી આઠ તોલા સોનુ અને રૂ. ૫૦ હજારની રોકડ ઉઠાવી લીધી હતી. દરમિયાન ભાગવા જતાં તસ્કરનો પગ પલંગ સાથે અથડાઈ જતાં પ્રૌઢાની આંખ ખુલી જતાં તસ્કરો વંડી કૂદીને નાસી ગયાં હતા. ઘટના

પ્રાપ્ત વિગત અનુસાર ત્રંબા ગામ ખાતે રહીને ખેતી કરતા હરેશભાઈ જાદવભાઈ રૈયાણીના રહેણાંક મકાન તસ્કરો ગઈ મોડી રાત્રે ત્રાટક્યાં હતા. રાત્રીના અંદાજિત ૨:૩૦ વાગ્યાં આસપાસ હરેશભાઈ લઘુશંકા કરવા માટે જાગ્યા હતા ત્યાં સુધી બધું હેમખેમ હતું. જે બાદ ફરીવાર સુવા જતાં કોઈએ આંખમાં કંઈક સ્પ્રે છાંટી દીધો હોય તેવો ભાસ થયો હતો પણ હરેશભાઈ કંઈ પગલું ભરે તે પહેલા જ તેઓ ઊંડી ઉંઘમાં સંપડાઈ ગયાં હતા. જે બાદ તસ્કરોએ ઘરમાં રહેલ કબાટનો લોક તોડીને તિજોરીમાં રહેલ આઠ તોલા સોનુ અને રૂ. ૫૦ હજારની રોકડ ઉઠાવી લીધી હતી. નિરાંતે ચોરીને અંજામ આપ્યા બાદ તસ્કરો ભાગી રહ્યા હતા ત્યારે એક તસ્કરનો પગ પલંગ સાથે અથડાયો હતો. જેથી પલંગ પર ઊંઘતા હરેશભાઈના પત્ની જોશનાબેનની ઉંઘ ઉડી ગઈ હતી. પ્રૌઢાના જાગી જવાથી ગભરાઈ ગયેલા તસ્કરો ઘરની પાછળ આવેલી ૮ ફૂટ ઊંચી વંડી કૂદીને નાસી ગયાં હતા. જે બાદ જયોત્સનાબેને પતિ હરેશભાઈને જગાડતાં તેઓ માંડ માંડ આંખ ખોલી ડેલી સુધી પહોંચી શક્યા હતા અને ત્યારબાદ ફરીવાર ઘેન ચડી ગયું હતું. જે બાદ પ્રૌઢાએ બુમાબુમ કરતા પાડોશીઓ જાગી ગયાં હતા. સમગ્ર ઘટનાની જાણ આજીડેમ પોલીસને થતાં પીએસઆઈ જનકસિંહ રાણા સહીતની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ભોગ બનનાર હરેશભાઈનો પુત્ર સાગર રૈયાણી રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર મિસ્ટર પરફેક્ટ નામની કપડાંની દુકાન ધરાવે છે. ઘટનાની જાણ થતાં પુત્ર સાગરભાઈ પણ ત્રંબા ગામે દોડી ગયાં હતા.

**મકાનમાલિક જાગી ગયાની જાણ થતાં તસ્કરો વંડી કૂદી નાસી ગયાં : આજીડેમ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ**

# મોહિત ડોબરીયા અને દીપ ભૂતે એક જ મકાનનું બે લોકોને સાટાખત કરી આપી રૂ.૨૩.૫૦ ખંખેર્યા

## ભાડલાના યુવાન હિરેન ડોબરીયા પાસે રૂ. ૮.૫૦ લાખ અને નિલેશ રૈયાણી પાસે રૂ. ૧૫ લાખ મેળવી છેતરપિંડી

**અબતક, રાજકોટ**

જસદણના ભાડલામાં રહેતા યુવકને રાજકોટની શિવરંજની પાર્કનું મકાન બતાવી ભાડલાના જ શખ્સ અને તેના મામાના દીકરાએ મળી યુવકને વેચ્યું હતું અને તેની પાસેથી રૂ.૮.૫૦ લાખ પડાવ્યા હતા ત્યારબાદ આ બંને શખ્સે એ જ મકાન અન્ય વ્યક્તિને વેચી તેની પાસેથી રૂ.૧૫ લાખ ખંખેર્યા હતા.

ભાડલામાં રહેતા હિરેન મનસુખભાઈ ડોબરિયા (ઉ.વ.૨૩)એ આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોહિત ડોબરિયા અને મોહિતના મામાના દીકરા દીપ ભૂતના નામ આપ્યા હતા. હિરેન ડોબરિયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મોહિત તેનો કૌટુંબિક ભાઈ થાય છે. મોહિત અને દીપે કહ્યું હતું કે, રાજકોટના કોઠારિયા સરવેમાં આવેલા શિવરંજની પાર્કમાં તેમનું ભાગીદારીમાં મકાન છે, ખરીદવું હોય તો કહેજો. આ વાતમાં રસ પડતાં હિરેન અને તેના પિતા મકાન જોવા ગયા હતા અને મકાન પસંદ પડતાં મકાનનો સોદો નક્કી કર્યો હતો.

મકાન પર રૂ.૨૪ લાખની લોન છે તે લોન હિરેનના નામે ટ્રાન્સફર કરવાની હતી અને રૂ.૮.૫૦ લાખ હિરેને ચૂકવવાના હતા. ત્યારબાદ બંને શખ્સ હિરનેને રજિસ્ટ્રાર કચેરીએ લઈ ગયા હતા અને ત્યાં મકાનના સાટાખત કરી આપ્યા હતા અને તેના બદલામાં હિરેને રૂ.૮.૫૦ લાખ ચૂકવી દીધા હતા. લોન હિરેનના નામે થઈ ગયા બાદ તેણે મકાનના દસ્તાવેજ કરી આપવાનું કહેતા બંને શખ્સ કોઈને કોઈ બહાના આપતા હતા અને ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. શંકા જતાં હિરેને તપાસ કરી તો મોહિત અને દીપે તે મકાન નિલેશ રૈયાણી અને ભરત વોરાને પણ વેચ્યું હતું અને તે બંને પાસેથી રૂ.૧૫ લાખ લઈ તેમને નોટરીનું લખાણ કરી આપ્યું હતું.

# પં.દીનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલી અર્પતા કોર્પોરેશનના પદાધિકારીઓ



**અબતક, રાજકોટ**

ભારતીય વિચારક, સમાજ સેવક શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાયની૧૦૮મી જન્મ જયંતિ પ્રસંગે આજે તેઓની આજી ડેમ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી ધારાસભ્ય મહાપાલિકાના પદાધિકારીઓ અને કોર્પોરેટરો દ્વારા અર્પણ કરાય હતી.

કેબિનેટ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડિયા, પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા,સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુ, પ્લાનીંગ કમિટી ચેરમેન ચેતનભાઈ સુરેજા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, હાઉસિંગ કમિટી ચેરમેન નીતિનભાઈ રામાણી, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન કંકુબેન ઉઘરેજા, બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા,શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, શહેર ભાજપ મંત્રી વિજયભાઈ પાડલીયા, કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, મીનાબા જાડેજા, ડો.દર્શનાબેન પંડ્યા, મિતલબેન લાઠીયા, શાસક પક્ષ કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર તથા વોર્ડના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જેતપુરથી ગેરકાયદે ફટાકડા બનાવતી ફેક્ટરી ઝડપી લેતી રૂરલ એસઓજી પોલીસ

## સાહીલ રામોલીયા, દેવેન્દ્ર માથુર અને શ્યામુ કુશવાહાની ધરપકડ : કારખાનેદાર જીગ્નેશ વિરમગામાં ફરાર



**અબતક, રાજકોટ**

જેતપુર શહેરથી રાજકોટ રૂરલ એસઓજી ટીમે ગેરકાયદે ફટાકડા બનાવતી ફેક્ટરી ઝડપી પાડી છે. એસઓજી પીએસઆઈ બી સી મિયાત્રાની ટીમે ઉદ્યોગનગર પોલીસની હદમાંથી ફટાકડાની ગેરકાયદે ફેક્ટરી સાથે સાહીલ રામોલીયા, દેવેન્દ્ર માથુર અને શ્યામુ કુશવાહાની ધરપકડ કરી છે. જયારે કારખાનેદાર જીગ્નેશ વિરમગામાની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

રૂરલ એસઓજી પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર નવરાત્રી તેમજ દિવાળીનો તહેવાર નજીક હોવાથી લોકો શાંતિપૂર્ણ રીતે તહેવારોની ઉજવણી કરી શકે તેમજ કોઈ આકસ્મિક માનવસર્જીત ઘટના ન ઘટે તેની તકેદારીના ભાગરૂપે રાજકોટ જીલ્લામાં લાયસન્સ કે પરવાના વગર ફટાકડાનુ ઉત્પાદન માટે રાખતા રો-મર્ટીરીયલ તેમજ ફટાકડાનુ ઉત્પાદન કરતા કારખાના કે ગોડાઉન ચેક કરી કાયદેસરની કાર્યવાહી કરવા રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ તથા જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠૌડની સૂચના હેઠળ એસ.ઓ.જી. પીઆઈ એફ.એ.પારગી અને પીએસઆઈ બી.સી.મિયાત્રાની ટીમો જેતપુરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમિયાન એસ.ઓ.જી શાખાના એ.એસ.આઈ જયવિરસિંહ રાણા તથા ઈન્દ્રસિંહ જાડેજા તેમજ હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા અને અરવિંદભાઈ દાફડાને સંયુક્ત રીતે ખાનગી રાહે ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી અંગે બાતમી મળી હતી. પોલીસને બાતમી મળી હતી કે, જીગ્નેશ વિરમગામા રહે,સુપેડી વાળાએ નવાગઢ, કેનાલ રોડ બળદેવધારની બાજુમાં આવેલ શીવાલય વેરહાઉસમાં આવેલ મહાદેવ ઈન્ડસ્ટ્રીયલ નામના ગોડાઉન નં.૦૪ માં ગેરકાયદે રીતે કોઈપણ આધાર કે જરૂરી લાયસન્સ વગર ગોડાઉનમાં નાના-મોટા ફટાકડા બનાવાનુ કારખાનુ ચલાવી રહ્યો છે. બાતમીના આધારે એસ.ઓ.જી.એ નવાગઢ કેનાલ રોડ બળદેવધારની બાજુમાં આવેલ શીવાલય વેર હાઉસમાં મહાદેવ ઈન્ડસ્ટ્રીયલ નામના ગોડાઉન નં.૦૪ માં તપાસ કરતા ગેરકાયદેસર રીતે કોઈપણ જાતના લાયસન્સ કે પરવાના વગર ફટાકડા બનાવવા માટેના જુદા-જુદા કેમીકલ તથા રો-મર્ટીરીયલ રાખી ફટાકડા બનાવવાનુ કારખાનુ મળી આવ્યું હતું.

એસ.ઓ.જી.એ મામલામાં સાહિલ મુકેશભાઈ રામોલીયા ઉ.વ.-૨૨ ધંધો-મજુરી રહે,જેતપુર નવાગઢ પટેલ ચોક જી-રાજકોટ અને શ્યામુ હાકીમસીંહ કુસ્વાહ ઉ.વ.૨૯ ધંધો-મજુરી રહે,સરગવા પો.સ્ટ. દાતેલી જી.ફીરોઝાબાદ (યુ.પી.) અને દેવેન્દ્રભાઈ અરવિદભાઈ માથુર ઉ.વ.૨૦ ધંધો.મજુરી રહે.નગલા લીલાધર પો.સ્ટ. અમીરસા જી.સહાવરની ધરપકડ કરી છે.

# વીરપુરઃ પ્રેમીએ તરછોડી દેતા યુવતીએ એસિડ પીધું

## ૧૫ દિવસ પહેલા પરણિત યુવક યુવતીને ભગાડી ગયા બાદ ઘરે પરત મૂકી ગયો હતો

**અબતક રાજકોટ**

વીરપુર ગામે રહેતી ૨૦ વર્ષીય યુવતીને આશરે ૧૫ દિવસ પહેલા પાડોશી યુવક લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો બાદ હું તારી સાથે લગ્ન કરીશ કહી તેને ઘરે પરત મૂકી જતા યુવતીએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા યુવતીને સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વીરપુર ગામે જલારામ રેલવે ફાટક પાસે રહેતા સલીમભાઈ લીંબડીયાની ૨૦ વર્ષીય પુત્રીએ ગઈ કાલે એસિડ પી આપઘાતનો પ્રયાશ કર્યો હતો યુવતીને સારવાર અર્થે પ્રથમ વીરપુર બાદ વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં યુવતીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતીકે તેના પાડોશમા રહેતો યુવક લાલો યુવતીને ૧૫ દિવસ પહેલા લગ્નની લાલચ આપી ભગાડી ગયા બાદ થોડો સમય તેની સાથે રાખી બાદ હું તને ૧૫ દિવસ પછી લગ્ન કરીને લઈ જઈશ તેવું કહી યુવતીને ઘરે પરત મૂકી ગયો હતો બાદ લાલો યુવતીને લેવા નહિ આવતા યુવતીએ પોતાના ઘરે એસિડ પી આપઘાતનો પ્રયાશ કર્યો હતો. યુવતીને પ્રથમ સારવાર વીરપુર સીવીલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પોલીસે સમગ્ર ઘટનાની નોંધ કરી લાલા વિરુદ્ધ ફરિયાદ નોંધી ધરપકડ કરવા કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૬૮ | ૧૨૦૦ | ૨૫૦૦ |
| બટેટા | ૨૨૦૦ | ૩૦૦ | ૬૨૫ |
| ડુંગળી સુકી | ૧૧૪૫ | ૩૫૦ | ૯૮૦ |
| ટમેટા | ૭૪૭ | ૭૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૬૧ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૭૩ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| મુળા | ૨૧ | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૭૩ | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૯૦ | ૨૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૪૮૦ | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૮૯ | ૨૨૦ | ૪૩૦ |
| ગુવાર | ૩૯૭ | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૮૯ | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૧૫ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ટીંડોળા | ૧૯ | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૪૬૫ | ૧૩૦ | ૨૫૦ |
| કારેલા | ૧૯૦ | ૩૫૦ | ૬૦૦ |
| સરગવો | ૧૫ | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૩૬૦ | ૨૫૦ | ૫૦૦ |
| પરવર | ૬૧ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૫ | ૩૨૦ | ૫૩૦ |
| ગાજર | ૨૧૭ | ૩૧૦ | ૫૨૦ |
| કંટોળા | ૧૭ | ૮૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૬૦ | ૨૦૦ | ૪૦૦ |
| બીટ | ૪૫ | ૨૫૦ | ૪૩૦ |
| મેથી | ૪૦ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી લીલી | ૯૫ | ૨૫૦ | ૪૫૦ |
| આદુ | ૨૧૫ | ૮૦૦ | ૧૫૦૦ |
| મરચા લીલા | ૩૮૨ | ૬૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૬૫ | ૪૦૦ | ૬૪૦ |
| મકાઈ લીલી | ૨૩૫ | ૧૪૦ | ૩૫૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૩૦૦ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૧૩૦ | ૫૩૫ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૧૨૦૦ | ૫૪૧ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૫૦૦ | ૭૪૧ | ૮૨૬ |
| જુવાર લાલ | ૧૦ | ૮૫૦ | ૯૯૯ |
| જુવાર પીળી | ૧૦ | ૪૩૦ | ૫૦૦ |
| બાજરી | ૮૫ | ૩૮૦ | ૪૫૦ |
| તુવેર | ૧૫૦ | ૧૬૫૦ | ૨૦૭૦ |
| ચણા પીળા | ૬૦૦ | ૧૩૧૦ | ૧૪૬૦ |
| ચણા સફેદ | ૫૦૦ | ૨૧૫૦ | ૨૯૮૦ |
| અડદ | ૧૬૦ | ૧૩૬૦ | ૧૮૨૦ |
| મગ | ૨૦૦ | ૧૩૭૫ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૫૫ | ૧૩૦૦ | ૨૦૭૫ |
| ચોળી | ૩૫ | ૧૩૨૦ | ૩૦૫૪ |
| વટાણા | ૨૩ | ૩૦૬૦ | ૩૦૬૦ |
| સીંગદાણા | ૧૫ | ૧૪૪૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૯૩૦ | ૧૧૯૪ |
| મગફળી જીણી | ૩૪૫૦ | ૧૧૪૦ | ૧૪૩૭ |
| તલી | ૧૬૮૦ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| એરંડા | ૨૫૦ | ૧૧૯૧ | ૧૨૩૭ |
| અજમો | ૫ | ૧૨૦૦ | ૨૨૦૧ |
| સુવા | ૨૦ | ૧૨૫૧ | ૧૬૯૨ |
| સોયાબીન | ૧૫૦ | ૮૮૦ | ૯૦૫ |
| સીંગફાડા | ૧૦૦ | ૯૫૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૫૦ | ૩૦૦૦ | ૩૬૯૦ |
| લસણ | ૪૨૫ | ૩૨૩૧ | ૫૦૦૦ |
| ધાણા | ૧૬૦ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ધાણી | ૧૭૦ | ૧૨૨૧ | ૧૬૮૦ |
| વરીયાળી | ૩૮૦ | ૧૦૮૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૬૬૦ | ૪૫૭૫ | ૫૦૩૦ |
| મેથી | ૩૦૦ | ૧૦૩૦ | ૧૩૬૪ |
| કલોંજી | ૩૫ | ૩૫૦૦ | ૩૭૫૦ |
| રાયડો | ૧૫૦ | ૧૦૪૦ | ૧૧૫૭ |
| રજકાનું બી | ૩૫ | ૪૫૦૦ | ૫૨૨૫ |
| ગુવારનું બી | ૫૦ | ૧૦૦૦ | ૧૦૩૦ |

# રણછોડદાસજી આશ્રમ દ્વારા પ્રથમ નોરતે રામચરિત માનસ પાઠનો પ્રારંભ

## આશ્રમના પ્રાંગણમાં અંબા માતાનું સ્થાપન કરી વિવિધ ધાર્મિક કાર્યક્રમોની વણઝાર

**અબતક, રાજકોટ**

સદગુરુ સદન ટ્રસ્ટ રણછોડદાસજી બાપુ આશ્રમ ખાતે ભગવાન રામચંદ્રની તથા રણછોડબાપુની અસીમ કૃપાથી આસો નવરાત્રી દરમિયાન શ્રીરામ ચરીત માનસના નવાહ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.૩ ને રામનવાહ પાઠનો પ્રારંભ ૪થીએ ૧૧ વાગ્યે રામજન્મોત્સવ, તા.૫એ ૧૧.૧૫ કલાકે રામવિવાહ તા. ૯ એ સવારે ૮.૪૫ એ રામરાજયાભિષેક સહિતના કાર્યક્રમ નીજ મંદિર હોલ ખાતે રાખેલ છે.

ભારતભરમાંથી અસંખ્ય સંતો ઉપસ્થિત રહેશે. તથા સવારે ૭ થી ૮ બાલભોગ દર્શન બપોરે ૧ થી ૨ કલામે ભંડારા દર્શન તથા ભોજન વ્યવસ્થા કરેલ છે.

સદગુરુ આશ્રમના પ્રાંગણમાં તા. ૩-૧૦ થી ૧૧-૧૦ સુધી નવરાત્રિ મહોત્સવનું વિશ્વ શાંતિ, વિશ્વ કલ્યાણ અર્થે મંગલ આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત નવરાત્રી મહોત્સવ નિમિતેના ધાર્મિક આયોજનો અંબા માતાજીના સ્થાપન, કળશ પુજનનો સમય સવારે ૯ કલાકે તા. ૩-૧૦ , નિત્ય પુજન સવારે ૭ કલાકે, નિત્ય આરતી સવારે ૬.૩૦ કલાકે, ગરબા ગાવાનો સમય રાત્રે ૮ થી ૯ કલાકે, યજ્ઞ પ્રારંભ તા. ૧૧-૧૦ ને શુક્રવારે હવન અષ્ટમીના દિવસે યજ્ઞ પ્રારંભ સવારે ૮ કલાકે તથા યજ્ઞની પુર્ણાહુતિ સમય બપોરે ૧૨.૩૦ કલાકે

નવરાત્રિ ઉત્થાપન, આષોસુદ ૧૦ (વિજયા દશમી) ના દિવસે તા. ૧૨-૧૦ ને શનિવારના રોજ સવારના ૯ કરવામાં આવશે. રામચરિત માનસજીના પાઠ કરવાનું પ.પૂ. સદગુરુદેવ ભગવાન રણછોડદાસજીબાપુએ ઘણું મહત્વ બતાવ્યું છે તથા રામચરિતમાનસજ ના પાઠ સદગુરુદેવ ભગવાનને અતિપ્રિય હતા. તો સર્વ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને સદગુરુદેવ ભગવાન રણછોડદાસજીબાપુ જયાં સાક્ષાત બિરાજમાન છે. તે નીજ મંદિર હોલમાં તેમની સમક્ષ ગુરુદેવની ગુરુ દક્ષિણા રુપે તમામ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને પરિવારમાંથી એક એક વ્યકિતએ રામચરિતમાનસજીના પાઠ અવશ્ય કરવા સદગુરુદેવ ભગવાન રણછોડદાસજીબાપુએ નવરાત્રિમાં રામચરિતમાનસ પાઠ કરવાનું કહ્યું છે. તથા ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવેલ છે.

# દ્વારકામાં ઈન્કમટેકસ ઈન્સ્પેકટર રૂ.૩ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપાયા

## પાન કાર્ડ રદ કરવા માંગેલી લાંચ સ્વીકારતા એસીબીના છટકામાં ફસાયો

**અબતક, જામનગર**

દ્વારકામાં ઈન્કમટેકસ ઈન્સ્પેક્ટર ત્રણ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયાં છે. એક જાગૃત નાગરિક દ્વારા એસીબીમાં રૂપિયા ત્રણ હજારની લાંચની ફરીયાદ કરવામાં આવી હતી. ફરીયાદીનું પાન કાર્ડ ખોવાઈ જતા બીજું પાન કાર્ડ ઓનલાઈન કઢાવેલ દરમિયાન બીજું પાન કાર્ડ મળી આવેલ હતું. જેથી ફરીયાદી પાસે બે પાન કાર્ડ થઈ જતાં નવું પાન કાર્ડ રદ કરવા જતાં દ્વારકાના ઈન્કમટેકસ ઈન્સ્પેક્ટર સુનીલ કુમાર મીનાએ રૂપિયા ત્રણ હજારની લાંચ માગેલ હતી.

આ બાબતે ઈન્કમટેકસ ઈન્સ્પેક્ટરે ફરીયાદીને જણાવ્યું કે ત્રણ હજાર રૂપિયા નહીં આપે તો પેનલ્ટી રિચાર્જ તેમજ જેલની સજા થઈ શકે તેમ છે. આ સમગ્ર બાબતે ફરિયાદી દ્વારા જામનગર એસીબીને જાણ કરતા જામનગર એસીબી દ્વારા ઈન્કમટેકસ ઈન્સ્પેક્ટરને ૩,૦૦૦ ની રંગેહાથ લાંચ લેતા ઝડપી પાડ્યા હતા.

મળતી વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા પંથકના એક આસામીનુ પાનકાર્ડ ખોવાઈ ગયુ હતુ. જેથી તેઓએ નવુ પાનકાર્ડ ઓનલાઈન કઢાવ્યુ હતુ.જે દરમિયાન જુનુ પાનકાર્ડ મળી જતા બે પાન કાર્ડ થઈ જતા તેમણે પોતાનુ નવુ પાનકાર્ડ રદ કરાવવા સ્થાનીક ઈન્કમટેક્ષ કચેરીનો સંપર્ક સાધ્યો હતો.જે દરમિયાન ઈન્કમટેક્ષ ઈન્સપેકટર સુનિલકુમાર અરવિંદકુમાર મીનાએ




બે પાનકાર્ડ ધરાવવા માટે પેનલ્ટી અને જેલની સજા થઈ શકે તેમ કરતા આસામીએ પોતાને આવી કોઈ નોટીશ મળી નથી,તેઓ સામેથી પાનકાર્ડ રદ કરાવવા આવ્યા છે તેમ કહેતા છતા રૂા.૧૦ હજાર પેનલ્ટી થશે. જો તે ન ભરવી હોય તો અડધા રૂા.૫,૦૦૦ વહીવટ પેટે આપી દેવાનુ કહેતા આનાકાનીના અંતે રૂા. ૩ હજાર આપવાનુ નકકી થયુ હતુ.જે લાંચની રકમ આસામી આપવા ન માંગતા હોવાથી તેમણે એસીબી કચેરીનો સંપર્ક કરી ફરીયાદ આપી હતી.

જેના આધારે જામનગર એસીબીના પીઆઈ આર.એન. વિરાણી અને ટીમે દ્વારકા ઈન્કમટેક્ષ કચેરી ખાતે છટકુ ગોઠવ્યુ હતુ.જેમાં એસીબીએ આસામી સાથે હેતુલક્ષી વાતચિત કરી રૂા.૩ હજારની રકમ સ્વીકારતા ઈન્કમટેક્ષ ઈન્સપેકટર સુનિલકુમાર મીનાને ઝડપી લીધા હતા. હાલારમાં એસીબીની ટ્રેપમાં વધુ એક સરકારી બાબુ સપડાતા લાંચીયા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

# મંત્રીઓ - પદાધિકારીઓ માટે આજે એક લીટીનો કાર્યક્રમ: ભાજપના સભ્ય બનાવો

## મંત્રીઓ પોતાના મત વિસ્તારમાં સદસ્યતા અભિયાનની કામગીરીમાં વ્યસ્ત હોય આજે કેબિનેટ બેઠક પણ રદ



**અબતક, રાજકોટ**

રાજય સરકારના મંત્રીઓ અને ભાજપ શાસિત સ્થાનીક સ્વરાજયની સંસ્થાના હોદેદારો માટે આજના દિવસે માત્ર એક જ લીટીનો કાર્યક્રમ રહેશે સદસ્યતા અભિયાન દરમિયાન આજે શકય તેટલા લોકોને ભાજપના સભ્ય બનાવવા, આજે મંત્રીઓ પોતાના મત વિસ્તારમાં સભ્યો બનાવવાની કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે દર બુધવારે યોજાતી રાજય સરકારના મંત્રી મંડળની બેઠક આજે રદ કરી દેવામાં આવી છે. આજે અન્ય કોઈપણ કાર્યક્રમ ન યોજવા કડક સુચના આપી દેવામાં આવી છે. માત્રને માત્ર ભાજપના સભ્યો બનાવવાની કામગીરી કરવા આદેશ આપવામાં આવ્યો છે. ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ પણ અમદાવાદના બોપલ વિસ્તારમાં સદસ્યતા અભિયાનમાં જોડાયા હતા.

### કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો સ્વાગત કાર્યક્રમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજયના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ કાલે ગુરૂવારે બપોરે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર-૨૦૨૪નો રાજયકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ (અનુ. આઠમા પાને)

ભાજપ દ્વારા ગત ૧ સપ્ટેમ્બરથી દેશભરમાં સદસ્યતા અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતમાં બે કરોડ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ અભિયાન ૧૫મી ઓકટોબર સુધી ચાલશે જેમાં આજ સુધીમાં ૭૬ લાખ સભ્યો નોંધાયા છે. છેલ્લા ત્રણ દિવસથી સભ્ય નોંધણી માટે મેગા ડ્રાઈવ ચાલી રહ્યું છે. જેમાં ૩૧ લાખ નવા સભ્યો બનાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. સોમવાર અને મંગળવારના રોજ સંગઠનના હોદેદારો દ્વારા મેગા ડ્રાઈવ અંતર્ગત કામગીરી કરાયા બાદ આજે રાજય સરકારના મંત્રીઓ, ધારાસભ્યો અને મહાપાલિકા, નગરપાલિકા, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના (અનુ. આઠમા પાને)



## સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પદાધિકારીઓ પણ આજે આખા દિવસ સભ્ય નોંધણીની કામગીરીમાં જોતરાયેલા રહેશે

# બુટલેગરોના ગેરકાયદે ખડકાયેલા મકાનો પર બુલડોઝર ફેરવી દેતું કોર્પોરેશન

## વોર્ડ નં.૧૧માં સુવર્ણ ભૂમિ કોમ્પ્લેક્સની પાછળ શ્રીનાથજી પાર્કમાં ટીપીના રોડ અને એસ.ઈ.ડબલ્યૂ.એસ. હેતુના અનામત પ્લોટ પર બુટલેગરોએ બનાવેલા દસ મકાનો તોડી પડાયા



તસવીર: શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૧માં સ્પિડવેલ પાર્ટી પ્લોટની સામે સુવર્ણ ભૂમિ કોમ્પ્લેક્સની પાછળ શ્રીનાથજી પાર્ક વિસ્તારમાં બુટલેગરોએ કોર્પોરેશનના ટીપી રોડ અને આવાસ યોજના હેતુ માટેના પ્લોટ પર ગેરકાયદે ખડકી દીધેલા આઠ જેટલા મકાનો પર આજે કોર્પોરેશનની ટીપી શાખા દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. ડિમોલીશન અટકાવવા માટે (અનુ. આઠમા પાને)

### ફરી બાંધકામ ખડકી દેવાની ચીમકી ઉચ્ચારતા દબાણકર્તાઓ

સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ ખડકી દેનારા લોકોને કોઈનો ડર રહ્યો ન હોય તેવું લાગી રહ્યું છે. આજે શ્રીનાથજી પાર્કમાં કોર્પોરેશનના અનામત પ્લોટ પર ખડકાયેલા દબાણો દૂર કરવા માટે ટીપી શાખા ત્રાટકી હતી. જયારે સ્ટાફ સાથે સતત પાંચ-પાંચ કલાક સુધી ઉગ્ર માથાકૂટ કરી બબાલ સર્જનાર દબાણકર્તાઓએ એવી ચીમકી ઉચ્ચારી હતી કે આજે ભલે અમારા બાંધકામ તોડી (અનુ. આઠમા પાને)

### સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે બોલ્યા બોલ પાળી બતાવ્યા

શ્રીનાથજી પાર્કમાં ધમધમતા દારૂના હાટડા પર જનતા રેડ કર્યા બાદ સ્થાનિકોએ કોર્પોરેશનના પદાધિકારીઓ સમક્ષ રજૂઆત કરતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે એવી બાંહેધરી આપી હતી કે બુટલેગરોના ગેરકાયદે ખડકાયેલા બાંધકામો પર કોર્પોરેશન બુલડોઝર ફેરવી દેશે. આજે બરાબર એક મહિના બાદ સ્ટે.ચેરમેન પોતે બોલેલા બોલ પાળી બતાવ્યા હતા. કોઈપણ પ્રકારના દબાણ કે માથાકૂટ સામે ઝુક્યા વિના ડિમોલીશન પાર પાડવાની સૂચના આપી હતી.

### સતત પાંચ કલાક સુધી ઉગ્ર માથાકૂટ છતાં કોર્પોરેશનના અધિકારીઓ રહ્યા અડગ

બુટલેગરોએ ગેરકાયદે ખડકાયેલા બાંધકામોને તૂટતા અટકાવવા માટે કોર્પોરેશનના અધિકારીઓ સાથે સતત પાંચ કલાક સુધી ઉગ્ર માથાકૂટ કરી હતી. સ્થળ પર પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમારને પણ બોલાવી લેવામાંઆવ્યા હતા. છતાં કોર્પોરેશનના કર્મચારીઓ અને અધિકારીઓ અડગ રહ્યા હતા. વધારાનો પોલીસ બંદોબસ્ત મળતાની સાથે જ બુલડોઝરની ઘણઘણાટી બોલાવવામાં આવી હતી. ભૂતકાળમાં અનેકવાર એવું બન્યું છે કે માથાકૂટના કારણે કોર્પોરેશનના બુલડોઝર પરત ફર્યા હોય પરંતુ આજે પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓએ કોઈપણ ભોગે ડિમોલીશન કરવાનું જ છે તેવી સૂચના આપતા અધિકારીઓને હિમ્મત મળી હતી.

## સતત પાંચ કલાક સુધી ચાલી માથાકૂટ: ડિમોલીશન અટકાવવા પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર ધસી આવ્યા: વધારાનો પોલીસ બંદોબસ્ત બોલાવી બુટલેગરોના ગેરકાયદે બાંધકામો તોડી પડાયા

# રેલનગરમાં શ્રીજી રેસીડેન્સીમાં પ્રેમી પંખીડાનો સજોડે આપઘાત

## ત્યકતાએ દુપટ્ટા વડે ફાંસો ખાઈ લીધા બાદ કારખાનેદાર યુવકે મિત્રને ફોનથી જાણ કરી જીવન લીલા સંકેલી લેતા અરેરાટી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના રેલનગર સ્થિત શ્રીજી રેસીડેન્સીમાં પ્રેમી પંખીડાએ સજોડે આપઘાત કરી લેતા અરેરાટી મચી જવા પામી છે. કારખાનેદાર યુવક અને ત્યકતા મહિલાને ઈન્સ્ટાગ્રામ થકી પરિચય થતાં બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગર્યો હતો. પરિણીતાને અગાઉ બે વાર છૂટાછેડા થઈ ગયાં હોવાથી પરિવાર આ સંબંધ નહિ સ્વીકારે તેવા ભયથી પ્રેમી પંખીડાએ આપઘાત કરી લીધાનું પ્રાથમિક ચિત્ર ઉપસી આવ્યું છે. અત્યંત ઉલ્લેખનીય બાબત છે કે, શ્રીજી રેસીડેન્સીના બ્લોક નંબર ૧૦માં પ્રથમ ત્યકતાએ દુપટ્ટાં વડે ફાંસો ખાઈ લીધા બાદ કારખાનેદાર યુવકે તેના મિત્રને સમગ્ર બાબતે ફોન મારફત વાકેફ કરી પોતે પણ ગળાફાંસો ખાઈ લેતા ભારે અરેરાટી મચી જવા પામી છે. (અનુ. આઠમા પાને)



### ત્યકતાના અગાઉ બે વાર છૂટાછેડા થઈ ગયાં'તા: ૧૨ વર્ષનો પુત્ર નિરાધાર

પ્રાપ્ત વિગત અનુસાર મૃતક તૃપ્તિના ૧૬ વર્ષ પૂર્વે લગ્ન થયાં હતા જ્યાં મનમેળ નહિ થતાં છૂટાછેડા થઈ ગયાં હતા. જે બાદ ભાવેશભાઈ નામના યુવક સાથે ત્યકતાએ પ્રેમલગ્ન કર્યા હતા. જે લગ્નથી એક પુત્રનો જન્મ પણ થયો હતો. જે પુત્રની ઉમર હાલ ૧૨ વર્ષ હોવાનું જાણવા મળ્યું છે. પુત્રના જન્મ બાદ તૃપ્તિના છૂટાછેડા થઈ ગયાં હતા તેવું પણ જાણવા મળ્યું છે.

### એકના એક પુત્રે આપઘાત કરી લેતા પરિવાર પર દુ:ખનું આભ ફાટ્યું

પ્રાપ્ત વિગત અનુસાર મોત વ્હાલુ કરી લેનાર અક્ષય કલોલીયા શૈલેષભાઈનો એકનો એક પુત્ર હતો. શૈલેષભાઈને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર હતો. પુત્રીના લગ્ન થઈ ગયાં હોવાનું જાણવા મળ્યું છે જયારે અક્ષય અપરિણીત હતો. એકના એક પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# રાજકોટ સહિત ચાર જિલ્લામાં સિંચાઈ માટે આઠને બદલે ૧૦ કલાક વીજળી અપાશે

## રાજકોટ, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જિલ્લા પૂરતો ખેડૂતો માટે નિર્ણય લેવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે આજે ખેડૂતોના હિતમાં નિર્ણય લીધો છે. રાજય સરકારના આ નિર્ણયથી ખેડૂતોને રાહત મળશે. આ ચાર જિલ્લાના ખેડૂતોને વધુ સુવિધા આપતા વીજળી આપવાના સમયમાં વધારો કર્યો છે. મોટાભાગના ખેડૂતોને ખેતી માટે જરૂરી એવા બિયારણ અને વીજળીને લઈને સરકાર પાસે માંગ રહેતી હોય છે. ખેતી માટે વીજ કાપના બદલે વધુ સમય આપવાની માંગણી કરવામાં આવી હતી. ગુજરાત સરકારે ખેડૂતોની આ માંગ મંજૂર રાખતા વીજળીના સમયમાં વધારો કર્યો છે. રાજય સરકારે સિંચાઈ માટે વધુ મહત્વની જરૂરિયાત ગણાતી વીજ રાહત આપી છે. આ નિર્ણય બાદ



આ ૪ ૪ જિલ્લામાં હવે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે. ખેડૂતોને પાકની સિંચાઈ માટે વધુ ૨ કલાક વીજળી આપવાની માંગને મંજૂર કરવામાં આવી છે. જેના બાદ (અનુ. આઠમા પાને)

